પાનાં : ૩૨ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૪ નવેમ્બર ૨૦૨૬ બુધવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૦ વર્ષ : ૯૪, અંક : ૩૦૦ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચન વિશેષ

શતદલ

અમેરિકામાં મિડટર્મ ચૂંટણી : ત્રણ સરવેમાં ટ્રમ્પ પાછળ, ૪૭૦ બેઠકો પર ટક્કર

ટેરિફ, ઈરાન યુદ્ધ ટ્રમ્પને તારશે કે ડૂબાડશે : આજે ફેંસલો

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૩

અમેરિકામાં મધ્યવર્તિ ચૂંટણીમાં મંગળવારે અંતિમ તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે ત્યારે ટ્રમ્પના બીજા કાર્યકાળની અધવચ્ચે થઈ રહેલી આ ચૂંટણીઓમાં કોંગ્રેસના બંને ગૃહોમાં ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકન પાર્ટી કે ડેમોક્રેટના ભાવીનો બુધવારે ફેંસલો થઈ જશે. ટ્રમ્પની ટેરિફ વોર તથા પશ્ચિમ એશિયામાં ઈરાન યુદ્ધના કારણે અમેરિકામાં મોંઘવારીથી પીડિત પ્રજા વિઝા, ટેરિફ, ઈરાન યુદ્ધ જેવા મુદ્દાઓ પર ટ્રમ્પને તારશે કે ડુબાડશે તેનો પણ બુધવારે ફેંસલો આવી જશે. જોકે, અમેરિકામાં મતદાન શરૂ થતા પહેલાં થયેલા ત્રણ ચૂંટણી સરવેમાં ટ્રમ્પ પાછળ હતા અને ડેમોક્રેટ જીતી રહ્યા હતા. અમેરિકન કોંગ્રેસમાં ૪૩૫ બેઠકોવાળા હાઉસ અને સેનેટની ૩૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આ સાથે અમેરિકાના ૩૬ રાજ્યોમાં ગવર્નર પદ માટે પણ મતદાન થઈ રહ્યું છે.

૩૬ રાજ્યોમાં ગવર્નરપદ માટે પણ મતદાન, કોંગ્રેસમાં દબદબો મેળવવા ડેમોક્રેટ્સને સેનેટમાં ચાર, હાઉસમાં ત્રણ બેઠકો પર વિજય જરૂરી

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના બે વર્ષ પછી થનારા મિડટર્મ ચૂંટણીને વર્તમાન પ્રમુખના કામકાજ અંગે જનતાના રેફરન્ડમ તરીકે જોવામાં આવે છે ત્યારે આ વખતે પણ આ મિડટર્મ ચૂંટણીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન, વિઝા, ટેરિફ, ઈરાન યુદ્ધ જેવી નીતિઓ ચૂંટણીના કેન્દ્રમાં છે. અમેરિકન કોંગ્રેસના બંને ગૃહોમાં હાલ રિપબ્લિકન પાર્ટી બહુમત ધરાવે છે. જોકે, ટ્રમ્પની નીતિઓના કારણે રિપબ્લિકન પાર્ટી બહુમત ગુમાવે તેવી આશંકા સેવાઈ રહી છે.

અમેરિકામાં મતદાન પહેલાંનો ટ્રેન્ડ બતાવે છે કે મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સ જીતી શકે છે. આમ, થશે તો ટ્રમ્પે પ્રમુખપદ નહીં ગુમાવવું પડે, પરંતુ કોંગ્રેસ પર તેમની પકડ ઢીલી થઈ શકે છે અને મનમરજી મુજબના નિર્ણયો લઈ શકશે નહીં. અમેરિકામાં મંગળવારે મતદાન શરૂ થયું તે પહેલાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત લગભગ ૫.૪૫ કરોડ અમેરિકનોએ વ્યક્તિગતરૂપે અથવા ટપાલના માધ્યમથી મતદાન કરી દીધું છે. ન્યાય વિભાગે સમગ્ર દેશમાં

(અનુસંધાન ૧૧મે પાને)

ઈરાનની એન્ટી-એરક્રાફ્ટ ફેસિલિટીનો કચ્ચરઘાણ કાઢ્યો : ટ્રમ્પ

અમેરિકામાં ચૂંટણી વચ્ચે ટ્રમ્પનો ઈરાનના કેશમ ટાપુ પર હુમલો

(પીટીઆઈ) વોશિંગ્ટન/તેહરાન, તા.૩

અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણી પહેલાં ટ્રમ્પે શાંતિની વાટાઘાટો સાથે વારંવાર ઈરાન પર હુમલા કરવાની ચેતવણી આપી હતી અને ટ્રમ્પે મંગળવારે અમેરિકામાં અંતિમ તબક્કાનું મતદાન શરૂ થાય તે પહેલા જ ઈરાનના કેશમ ટાપુ પર ડ્રોન અને મિસાઈલ હુમલો કરી દીધો હતો. આ હુમલાથી ઈરાનને કેટલું નુકસાન થયું તેની વિગતો હજુ સામે આવી નથી. જોકે, ઈરાને પણ અમેરિકાને વળતો જવાબ આપતા કેશમ ટાપુ પર તેના બે ડ્રોન તોડી પાડ્યા હતા અને હોર્મુઝની ખાડીમાં તેની મંજૂરી વિના પસાર થઈ રહેલા ત્રણ ઓઈલ ટેન્કરો પર માઈન્સથી હુમલો કર્યો હતો. આ સાથે ઈરાને આત્મઘાતી હુમલાખોરોની પહેલી 'જાનફાદા' બ્રિગેડ તૈયાર કરી. તહેરાનમાં ૧૦ લાખ સ્વયંસેવકોને તાલિમ અપાશે.

ઈરાને કેશમ ટાપુ પર અમેરિકાના બે ડ્રોન તોડી પાડ્યા, હોર્મુઝની ખાડીમાં ત્રણ ઓઈલ ટેન્કર પર માઈન્સથી હુમલો કર્યો

અમેરિકામાં ૩ નવેમ્બરે અંતિમ મતદાન શરૂ થાય તે પહેલાં જ અમેરિકન સૈન્યે ઈરાનના કેશમ ટાપુ પર મોટો હુમલો કર્યો હતો. અમેરિકન મીડિયાએ ટ્રમ્પ સરકારના અધિકારીઓને ટાંકીને કહ્યું કે, ઈરાનના કેશમ ટાપુ પર હુમલો થયો છે. અમેરિકાએ સંપૂર્ણપણે ગુપ્ત રીતે આ હુમલો કર્યો છે. અમેરિકાનો ઈરાન સાથે ફરી યુદ્ધ શરૂ કરવાનો કોઈ ઈરાદો નથી. પરંતુ હોર્મુઝની ખાડીમાં ઈરાનને કોમર્શિયલ જહાજો પર હુમલા કરતું રોકવા માટે મિસાઈલ અને ડ્રોનથી હુમલા કરાયા હતા. જોકે, આ હુમલામાં ઈરાનને થયેલા નુકસાનની કોઈ વિગતો જાહેર કરાઈ નથી.

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા હુમલાઓ પૈકી આ વખતનો હુમલો સૌથી ખતરનાક હતો. ઈરાનનાં સરકારી મીડીયા આઉટલેટ - ઈર્ના-એ પણ જણાવ્યું હતું કે, સીમિત હુમલાની શ્રૃંખલામાં આ સૌથી ખતરનાક હતો. ભલે તે હુમલો ખતરનાક હોય, છતાં તે સૌથી નાનાં સ્તરે કરાયો હતો. અમેરિકા આ હુમલો કરવાનું છે તે ગુપ્ત રાખ્યું હતું જેથી, તેવો સંકેત ન મળી જાય કે હવે અમેરિકા પ્રચંડ હુમલા કરવાની

(અનુસંધાન ૧૧મે પાને)

ઈરાને ૧૦ લાખ આત્મઘાતી હુમલાખોરોને તૈયાર કરવા તહેરાનમાં ત્રીજું સૈન્ય તાલિમ કેન્દ્ર ખોલ્યું છે

દિલ્હીની વાત

અમિત શાહ સાથેની મુલાકાત પછી એનસીપીમાં નારાજગી

નવીદિલ્હી, તા. ૩

મહારાષ્ટ્રમાં મહાયુતિના સહયોગી પક્ષ એનસીપી (અજીત પવાર)માં આંતરીક ખેંચતાણ બહાર આવવા માંડી છે. એનસીપીના દિવંગત નેતા અજીત

(અનુસંધાન ૧૧મે પાને)



રોકાણકારોની સંપત્તિમાં નોંધાયેલો રૂપિયા ૪.૫૦ લાખ કરોડનો વધારો

અમદાવાદ, તા. ૩

વિદેશી રોકાણકારો માટે ભારતમાં રોકાણ પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) નાબૂદ કરવા નાણા પ્રધાનના સંકેત પાછળ મુંબઈ શેરબજારમાં આજે સતત બીજા દિવસે તોફાની તેજી સાથે સળંગ ચોથા દિવસે સુધારો નોંધાયો હતો. આજે કામકાજના અંતે સેન્સેક્સમાં ૧૨૨૫ અને નિફ્ટીમાં ૩૭૦ પોઈન્ટનો વિચારો નોંધાયો હતો. આજે રોકાણકારોની સંપત્તિમાં પણ રૂપિયા ૪.૫૦ લાખ કરોડનો વધારો થયો હતો.

સેન્સેક્સ ૧૨૨૫ પોઈન્ટ ઉછળીને ૭૬૯૧૮ જ્યારે નિફ્ટી ૩૭૦ પોઈન્ટ વધીને ૨૩૮૧૧

અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણી યોજાતા પૂર્વે ઈરાનના મહત્વના દ્વિપ પર અમેરિકાએ મોટા હુમલા કરતાં વિશ્વ બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટતાં અટકી આજે એકથી દોઢ ટકો વધી આવતાં અને અને યુરોપ, એશીયાના દેશોના બજારોમાં પણ તાઈવાનમાં કડાકા સાથે અન્ય બજારોમાં પણ નરમાઈથી વિપરીત ભારતીય શેર બજારોમાં ફંડોએ કોર્પોરેટ પરિણામો અને ટેક્ષ રાહતની અપેક્ષાએ નવી લેવાલી ચાલુ રાખતા સુધારાની ચાલ ઝડપી આગળ વધી હતી.

શેરોમાં તેજીની આગેવાની આજે એફએમસીજી શેરો, ઓટોમોબાઈલ, બેંકિંગ, હેલ્થકેર શેરોએ લીધી હતી.

(અનુસંધાન ૧૧મે પાને)

પ્રતિબંધ છતાં દિલ્હીમાં તમામ ફટાકડાનું વેચાણ થતાં સુપ્રીમ નારાજ

નવી દિલ્હી, તા. ૩

દિવાળી અગાઉ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીનાં બજારોમાં પરંપરાગત અને બિન પ્રમાણિત ફટાકડાનાં બેરોકટોક વેચાણ પર સુપ્રીમ કોર્ટે મંગળવારે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમે ફક્ત પ્રમાણિત ગ્રીન ફટાકડાઓને કેટલીક શરતોને આધીન મંજૂરી આપી છે. આમ છતાં દિલ્હીનાં બજારોમાં નિયમોને બાજુ પર મૂકીને તમામ પ્રકારનાં ફટાકડાનું ધૂમ વેચાણ ચાલી રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લઈને સુપ્રીમે કેન્દ્ર સરકારને આ સંદર્ભમાં તપાસ કરવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ એમ એસ સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની ખંડપીઠે મંગળવારે પ્રકાશિત મીડિયા અહેવાલનો સંદર્ભ આપ્યો હતો. જેમાં દિલ્હીનાં વિભિન્ન બજારોમાં તમામ પ્રકારનાં ફટાકડાનું ખુલ્લેઆમ વેચાણ ચાલી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. ખંડપીઠે કોર્ટમાં હાજર એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર આ નિયમોનાં ભંગ બદલ તાત્કાલિક કાર્યવાહી કરે. જસ્ટિસ સુંદરેશે જણાવ્યું હતું કે આજનાં મીડિયા અહેવાલમાં એક ફોટો પણ છપાયો છે. જેમાં બતાવવામાં આવ્યું છે કે ગઈકાલનાં કોર્ટનાં આદેશ છતાં દુકાનોમાં તમામ પ્રકારનાં ફટાકડાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

બેધડક -મંજુલ



સાહેબ, હું તો અન્યાય સામે દેખાવો કરી રહ્યો હતો... આ જ વાત સાબિત કરે છે કે મારું વર્તન ભારતીય નાગરિક જેવું નહોતું !



દિવાળીમાં ચાખવા લાયક અત્તર, અગરબત્તી, ધૂપ, સેન્ટ-કમે, તમુર, તથા ગુમ તમે માટે પધારો

લાલા પરમાનંદ એન્ડ સન્સ (દિલ્લીવાલા)

1883માં, ગાંધી રોડ, સુરત, સ્થાપના-૧

મોબાઈલ નંબર: 9601923499
ઓફિસ નંબર: 9601504882
નિકોલ નંબર: 9316073304
મોબાઈલ નંબર: 9328162774

તમિયાં દુકાન બધુ રહે છે.

રશિયા અને યુક્રેન વચ્ચે બેફામ યુદ્ધ : ૩૩નાં મોત વાંચો પાના નં. ૧૫



અમેરિકા-ઈરાન સંઘર્ષ વચ્ચે વધુ એક ભારતીય જહાજ નિશાન બન્યું

ઓમાનના દરિયામાં સલાયાનાં જહાજ પર હુમલો : એક ખલાસીનું મોત, ૧૩નો બચાવ







સલાયા,તા.૩

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષને પગલે ખાડી દેશોના દરિયામાં સર્જાયેલા તણાવ વચ્ચે વધુ એક ભારતીય જહાજ નિશાન બન્યું છે. જેમાં ગઈકાલે ઓમાનના દરિયાકાંઠે ગુજરાતના સલાયાના જહાજ પર થયેલા શંકાસ્પદ હવાઈ હુમલામાં એક ભારતીય ખલાસીનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૧૩ ખલાસીઓને ઓમાન કોસ્ટ ગાર્ડે સુરક્ષિત બચાવ્યા છે. ડ્રોન કે મિસાઈલ જેવા અજાણ્યા હવાઈ હુમલાથી જહાજને નિશાન બનાવાયા બાદ તેમાં આગ લાગતાં અફરાતફરી મચી હતી.

પ્રાથમિક વિગતો અનુસાર, ભારતીય ખલાસીઓ સાથેનું

(અનુસંધાન ૧૧મે પાને)

દુબઈના હમરિયા બંદરેથી પોરબંદર આવી રહેલા જહાજમાં એટેકથી આગ લાગતાં ખલાસીઓએ દરિયામાં કૂદીને જીવ બચાવ્યો

ધરણાં અને વેપાર બન્નેના અધિકારો વચ્ચે સંતુલન જરૂરી

ધરણાં સ્થળને કાયમ માટે કબજામાં ના લઈ શકાય, ખાલી પણ કરવું પડે : સુપ્રીમ


નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે લાંબા સમયથી વિરોધ પ્રદર્શનો જોવા મળી રહ્યા છે, જેને કારણે વેપારમાં ભારે નુકસાનના દાવા સાથે વેપારીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. પ્રદર્શનો અને વેપાર સાથે સંકળાયેલી આ અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે વિરોધ પ્રદર્શનોના નામે કોઈ એક જગ્યાને કાયમ માટે બાનમાં ના લઈ શકાય. ધરણા પ્રદર્શનોના અધિકારોની સાથે અન્ય નાગરિકોના અધિકારોનું પણ ધ્યાન રાખવું પડે.

ધરણાં પ્રદર્શનોનો તમામને અધિકાર, માન્ય સ્થળ પર એક જ જૂથ પ્રદર્શનો કરતું રહે તો બીજા લોકો વિરોધ કરવા ક્યાં જાય? : સુપ્રીમ

દિલ્હીના વેપારી સંગઠનો દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજીઓ થઈ છે, જેમાં દાવો કરાયો છે કે તાજેતરમાં રાજધાનીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોને કારણે કેટલાક સ્થળે વેપાર સાવ ઠપ થઈ ગયો છે. આ અરજીની સુનાવણી કરતી વખતે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ટિપ્પણી કરી હતી કે ધરણા પ્રદર્શનો માટે માન્ય સ્થળ પ્રદર્શનકારીઓને ચોક્કસ સમયગાળા પુરતા ઉપલબ્ધ કરાવી શકાય. પ્રદર્શનકારીઓ કાયમ માટે પ્રદર્શન માટેના સ્થળ પર કબજો જમાવીને ના બેસી શકે, જો એવુ કરશે તો ખેડૂતો, પત્રકારો કે અન્ય નાગરિકો પ્રદર્શન કરવા

(અનુસંધાન ૧૧મે પાને)





શિયાળાની ફુલગુલાબી ઠંડી વહેલી સવારે અનુભવાઈ રહી છે. શરીરની તંદુરસ્તીની માવજત કરવા માટે અનેક લોકો આ ઋતુમાં વિવિધ સ્વાસ્થ્યવર્ધક કસરત અને યોગા કરવા ઉપરાંત અનેક વસાણા ખોરાકમાં સામેલ કરતા હોય છે. પણ ખોરાક ખાવા અને ચાવવા જેના વગર ન ચાલે તે દાંત માટે ૧૦ પ્રકારના દાતણ આયુર્વેદમાં ગુણકારી બતાવવામાં આવ્યા છે. કરંજ, લીમડો, વડ, આંબો, જાંબુડો, બાવળ, ખીજડો, ખેર, આવેળ, અશોક, ગુલર, હરડે જેવા અનેક દાતણને શરીર માટે ગુણકારી ગણવામાં આવે છે. ત્યારે ટુથપેસ્ટની અનેક બનાવતો વચ્ચે આજે પણ બાવળના દાતણ અમદાવાદ જેવા શહેરમાં કેટલાક સ્થળે સરળતાથી લોકો મેળવી તેનો નિયમિત ઉપયોગ કરી રહ્યા છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

લોકોએ પોતાની ફરજ પૂરી કરી, હવે મ્યુનિ.નો વારો

અમદાવાદ મ્યુનિ.ની તિજોરી છલકાઈ, સાત માસમાં વેરાની આવક ૧૭૩૦ કરોડ

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરીજનોને નળ, ગટર, રસ્તાની મૂળભુત સુવિધાઓ યોગ્ય રીતે આપે કે નહીં, પરંતુ લોકો વેરા ભરપાઈ કરવાની પોતાની ફરજ સારી રીતે બજાવી રહ્યા છે. લોકોએ પ્રોપર્ટી ટેક્સ સહિતના વેરા નિયમિત રીતે ભરપાઈ કરીને મ્યુનિ.ની તિજોરી છલકાવી દીધી હોય તેમ સાત માસમાં રૂ.૧૭૩૦ કરોડની આવક મ્યુનિ.ને થઈ છે. ગત વર્ષની સરખામણીએ વેરાની વસૂલાતની ટકાવારી વધી હોવાનું પણ ચિત્ર સામે આવ્યું છે.

ગત વર્ષની સરખામણીએ ૭૨.૭૯ ટકા રિકવરી, વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૨૩૭૭ કરોડની આવક થઈ હતી

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરીજનો પાસેથી પ્રોપર્ટી ટેક્સ ઉપરાંત પ્રોફેશનલ અને વ્હીકલ ટેક્સ વસૂલવામાં આવે છે. આ ઉપરાંત કોઈ મિલકતના નામ ટ્રાન્સફર થાય તો તેની પણ ફી હોય છે. અત્યાર સુધીમાં આ ચારેય પ્રકારના વેરાની કૂલ આવક રૂ.૧,૭૩૦ કરોડ થઈ છે. જે ગત વર્ષ ૨૦૨૫-૨૬ની આવક રૂ.૨,૩૭૭ કરોડની સામે ૭૨.૭૯ ટકા થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના હજી તો સાત મહિના જ પૂરા થયા છે, પરંતુ લોકોએ સમજદારી દાખવીને મ્યુનિ.ને વેરાની રકમ ભરપાઈ કરી દીધી છે. ત્યારે હવે આ રકમમાંથી ખોટા ખર્ચા કરવાના બદલે લોકોને પીવાનું શુદ્ધ પાણી, સારી ડ્રેનેજ વ્યવસ્થા અને રસ્તાની સુવિધા મળે તેનુ ધ્યાન મ્યુનિ.ના પદાધિકારીઓ અને અધિકારીઓએ રાખવું પડશે.

ઝોન મુજબ લોકોએ મ્યુનિ.ને ચૂકવેલો પ્રોપર્ટી ટેક્સ

ઝોન	ગત વર્ષ	ચાલુ વર્ષ
પશ્ચિમ	૪૧૧.૧૨	૩૨૬.૫૪
ઉ. પશ્ચિમ	૪૦૦.૪૯	૩૧૦.૮૪
દ. પશ્ચિમ	૨૬૦.૦૬	૧૯૭.૪૦
મધ્ય	૨૪૮.૩૫	૧૫૯.૪૯
ઉત્તર	૧૪૮.૪૦	૧૦૪.૨૦
દક્ષિણ	૧૬૦.૮૩	૧૦૭.૦૧
પૂર્વ	૨૦૬.૯૦	૧૫૭.૨૬

(નોંધ : બંને વિગતોમાં ચાલુ વર્ષના આંકડા અત્યાર સુધીના સાત મહિનાના અને કરોડમાં છે.)

મ્યુનિ.ની વેરાની કુલ આવકનું સરવૈયું

વેરો	ગત વર્ષ	ચાલુ વર્ષ	ટકા
પ્રોપર્ટી ટેક્સ	૧૮૩૬.૪૬	૧૩૬૨.૭૩	૭૪.૨૦
પ્રોફેશનલ ટેક્સ	૨૭૪.૮૮	૧૮૫.૪૧	૬૭.૪૫
વ્હીકલ ટેક્સ	૨૩૯.૪૨	૧૬૨.૬૫	૬૭.૯૩
ટ્રાન્સફર ચાર્જ	૨૬.૨૮	૧૯.૪૫	૭૪.૦૨
કુલ કરોડમાં	૨૩૭૭.૦૩	૧૭૩૦.૨૩	૭૨.૭૯

ગત વર્ષની સરખામણીએ ૧૬૩ કરોડની વધુ વસૂલાત

અમદાવાદના સાતેય ઝોનમાંથી ગત વર્ષે આ સમય સુધીના સાત મહિના દરમિયાન પ્રોપર્ટી અને પ્રોફેશનલ ટેક્સની રૂ.૧૫૪૭.૩૫ કરોડની વસૂલાત થઈ હતી. તેની સામે આ વર્ષે રૂ.૧૭૧૦.૭૮ કરોડની વસૂલાત થઈ છે. એટલે કે રૂ.૧૬૩.૪૩ કરોડની વસૂલાત વધારે થઈ છે.

૧૬,૮૦૦ કર્મીઓને દિવાળીની ભેટ

અમદાવાદ મ્યુનિ. દ્વારા વર્ગ-૪ના કર્મીઓને ૭ હજાર બોનસ ચૂકવાશે

અમદાવાદ, મંગળવાર

રાજ્ય સરકાર બાદ હવે અમદાવાદ મ્યુનિ. દ્વારા પણ વર્ગ-૪ના કર્મીઓને દિવાળી ભેટ તરીકે રૂ. ૭ હજારનું બોનસ ચૂકવવામાં આવશે. જો કે બોનસ મેળવવા માટે કર્મચારીએ વર્ષ ૨૦૨૫-૨૬માં ઓછામાં ઓછા સળંગ છ મહિના સુધી કામ કરેલું હોવું જોઈએ. રાજ્ય સરકાર દ્વારા ગઈ કાલે વર્ગ -૪ના કર્મચારીઓ માટે રૂ. ૭ હજાર સુધીના એડહોક બોનસની જાહેરાત કરાઈ હતી. તેવામાં આજે અમદાવાદ મ્યુનિ. દ્વારા પણ વર્ગ-૪ના ૧૬,૮૦૦ જેટલા કર્મચારીઓને રૂ. ૭ હજાર બોનસ ચૂકવવાનો નિર્ણય કરાયો છે. જેના માટે મ્યુનિ. ૧૨ કરોડનો ખર્ચ કરશે. જો કે બોનસ માટે અમુક શરત નક્કી કરાઈ છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કર્મચારીએ સળંગ છ મહિના સુધી કામ કરેલું હોવું જોઈએ. જ્યારે રોજિંદા દરના કર્મચારીએ વર્ષમાં ઓછામાં ઓછા ૨૪૦ દિવસ એટલે ૮ મહિના સુધી કામ કર્યું હોવું જરૂરી છે. બોનસની ગણતરી કામ કરેલા દિવસોના આધારે કરાશે. વર્ષ દરમિયાન અમુક દિવસો માટે સસ્પેન્ડ થયેલા કર્મીઓને તેટલો સમય બાદ કરતા કામના દિવસો મુજબ બોનસ ચૂકવાશે. પાર્ટટાઈમ કર્મીઓ પૈકી જેમને દર વર્ષે ઈન્ક્રીમેન્ટ મળતું હોય તેમને પણ બોનસનો લાભ મળશે.

નિકોલ-નરોડા રોડ કેસમાં ફોર્ચ્યુનરચાલક ઝડપાયો

નશો કરેલી હાલતમાં કારે ચારને ટક્કર માર્યાની ઘટનામાં બે મૃત્યુ

અમદાવાદ, મંગળવાર

સોમવારે રાત્રે ૯-૩૦ વાગ્યાના અરસામાં નિકોલ-નરોડા રોડ ઉપર બ્રાઈટ ચાઈલ્ડ સ્કૂલ સામે દારૂનો નશો કરેલી હાલતમાં ફોર્ચ્યુનર કારના ચાલકે ચાર લોકોને ટક્કર માર્યાની ઘટનામાં માતા-પુત્રના મૃત્યુ નિપજ્યાં છે અને સોફાના કવરની ખરીદી કરતા દંપતિને ગંભીર ઈજા પહોંચી છે. પોલીસે નશો કરી અકસ્માત સર્જનાર કારચાલક વિરલ ચૌધરીને ઝડપી લીધો છે.

બ્રાઈટ સ્કૂલ પાસે ફૂટપાથ ઉપર સોફાના કવર વેચતા માતા-પુત્રના મોત અને ખરીદી કરતું દંપતી ગંભીર

નિકોલના રહીશ, સ્કૂલના કર્મચારી કાર્તિકભાઈ અશોકભાઈ વસોયા અને તેમના પત્ની સ્નેહલ બહેન સોફાના કવર ખરીદવા માટે બ્રાઈટ સ્કૂલ સામે ફૂટપાથ ઉપર સોફા ખરીદવા ઉભા રહ્યાં હતાં. સોફાના કવર વેચતા માતા-પુત્રને પૈસા ચૂકવતા હતા તે સમયે જ દેવસ્ય ચાર રસ્તા તરફથી એક ફોર્ચ્યુનર કાર પુરઝડપે આવી હતી. કારે સોફાના કવર ખરીદી રહેલા ફરિયાદી કાર્તિકભાઈ, તેમના પત્ની ઉપરાંત સોફાના કવર વેચી રહેલા પુનમબહેન જીતેન્દ્રભાઈ નગવાડિયા અને તેમના પુત્ર સાગરને ટક્કર મારી કચડી નાંખ્યા હતા. માતા-પુત્ર પુનમબહેન અને સાગરના સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યા હતા. કાર્તિકભાઈ અને પત્ની સ્નેહલબહેન સારવાર હેઠળ છે તેમાં સ્નેહલબહેનની હાલત ગંભીર છે. આઈ ડીવિઝન ટ્રાફિક પોલીસે દારૂનો નશો કરી કાર ચલાવતા ફોર્ચ્યુનર ચાલક વિરલ સવજીભાઈ ચૌધરી (ઉ.વ. ૩૬, રહે. શિવાલય હાઈટ્સ, નાના ચિલોડા)ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. કારમાંથી બિયરની બોટલ પણ મળી આવી હતી.

પાલડીમાં હિટ & રન : SVP હોસ્પિટલના કર્મચારીનું મોત

પાલડીમાં કોચરબ આશ્રમ પાસે સોમવારે બપોરે ચાર વાગ્યે પુરઝડપે આવેલી મહિન્દ્રા એક્સયુવીના ચાલકે ટક્કર મારતા રોમાંચકુમાર બાબુભાઈ પરમાર નામના યુવકનું મૃત્યુ નિપજ્યું હતું. એસવીપી હોસ્પિટલના ફાયર વિભાગમાં નોકરી કરતા ૨૧ વર્ષના યુવકને ઉડાવી રાહુલ ઠાકોર નામનો શખ્સ કાર લઈ રિવરફ્રન્ટ તરફ નાસી ગયો હતો. એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે તપાસ હાથ ધરી છે.

બજારમાં વેચાતું ફરસાણ કેટલું સુરક્ષિત? તે પ્રશ્ન

સરખેજ, માધુપુરામાં લાયસન્સ વગર ચાલતી ફરસાણની બે દુકાનો સીલ

અમદાવાદ, મંગળવાર

દિવાળી નજીક આવતા ફરસાણ અને મીઠાઈની બજારોમાં લોકોની ભીડ ઉમટી પડી છે. પરંતુ બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થો કેટલા સુરક્ષિત છે? તે મોટો પ્રશ્ન છે. સરખેજ અને માધુપુરામાં આજે એફએસએસએઆઈ લાયસન્સ કે રજિસ્ટ્રેશન વગર વિવિધ નિયમો ભંગ કરીને ચાલતી ફરસાણની બે દુકાનો સીલ કરાઈ હતી.

એક ને એક દાઝેલા તેલમાં ભજીયા અને ગાંઠિયા તળીને વેચાતા હતા, ગંદકી સહિતની ખામી મળી

અમદાવાદ મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા આજે સરખેજમાં સૌરાષ્ટ્ર ભજિયા અને ગાંઠિયાની દુકાનમાં તપાસ હાથ ધરાઈ હતી. જ્યાં એક ને એક દાઝેલા તેલમાં ફરસાણ તળીને વેચાતું હોય તેલમાં ટીપીસી એટલે ટોટલ પોલાર કમ્પાઉન્ડનું પ્રમાણ ૨૫ ટકા વધારે નોંધાયું હતું. જે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. તેમજ વપરાયેલું તેલ નિયમ મુજબ નિયત એજન્સીને આપી તેનો યોગ્ય રીતે નિકાલ કરાતો નહોતો. બીજી બાજુ માધુપુરાના ગાયત્રી ચવાણા માર્ટમાં પણ તપાસ કરાઈ હતી. આ દરમિયાન બંને એકમો એફએસએસએઆઈના લાયસન્સ કે રજિસ્ટ્રેશન વગર ચાલતા હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત દુકાનોમાં ગંદકી જોવા મળી હતી. તેમજ કારીગરોએ કેપ, એપ્રન, માસ્ક અને હેન્ડ ગ્લવ્સ પહેર્યા નહોતા. વિવિધ ખામીઓ મળી આવતા બંને એકમો સીલ કરાયા હતા. ચારેક દિવસ પહેલાં શાહીબાગ અને ગાંધી રોડ પર ફરસાણની ચાર દુકાનો સીલ કરાઈ હતી. જો કે આવા એકમો આખું વર્ષ ધમધમતા હોય છે. પરંતુ મ્યુનિ.ને ફક્ત તહેવારો સમયે જ કાર્યવાહી કરવાનું યાદ આવે છે.

એમ.એસ. યુનિ.ની ફાર્મસી ફેકલ્ટીના સંશોધકોને પેટન્ટ એનાયત

અલ્ઝાઈમરના રોગ માટે જવાબદાર એન્ઝાઈમને બ્લોક કરતી દવા વિકસાવી

વડોદરા,મંગળવાર

અલ્ઝાઈમર મગજની એવી બીમારી છે જેમાં ધીરે- ધીરે વ્યક્તિની યાદશક્તિ ઘટતી જાય છે અને આ રોગ જેમને થયો હોય તેવા લોકોની સંખ્યા કરોડોમાં છે.આ રોગને લઈને એમ.એસ.યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીમાં વ્યાપક સંશોધન થઈ રહ્યું છે.

પરિક્ષણમાં કોઈ પણ પ્રકારની આડઅસર ના દેખાઈ: ચેતાકોષોનો નાશ કરતા એન્ઝાઈમને રોકવાની દવાની ક્ષમતા પૂરવાર થઈ

ફેકલ્ટીના સંશોધકોએ એવી દવા તૈયાર કરી છે જે અલ્ઝાઈમર માટે જવાબદાર એન્ઝાઈમ(ઉત્સેચકો)ને બ્લોક કરવાની ક્ષમતા ધરાવે છે.આ સંશોધનને ભારત સરકારની પેટન્ટ ઓફિસ દ્વારા પેટન્ટ પણ એનાયત કરવામાં આવી છે.

સંશોધકોમાં ફેકલ્ટીના અધ્યાપક ડૉ.પ્રશાંત મુરુમકર અને તેમના રિસર્ચ સ્કોલર ઓમકુમાર પ્રજાપતિનો સમાવેશ થાય છે.ડૉ.મુરુમકરનું કહેવું છે કે, અલ્ઝાઈમર રોગ માટે મોનોએમાઈન ઓક્સિડેઝ નામનું એન્ઝાઈમ જવાબદાર છે.આ એન્ઝાઈમ એમિનોઈડ પ્લેક્સ નામનું પ્રોટિન ઉત્પન્ન કરે છે અને તે મગજમાં રહેલા ચેતાકોષોનો નાશ કરે છે.જોકે અમે વિસિનલ ડાયરિલ પાયરાઝોલ આધારિત કમ્પાઉન્ડ(દવા)ડેવલર કર્યા છે.જે મોનોએમાઈન ઓક્સિડેઝને બ્લોક કરવાની ક્ષમતા ધરાવે છે.તેમના જણાવ્યા અનુસાર લેબોરેટરીમાં આ એન્ઝાઈમ પર દવાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો અને તેમાં એવું પણ જોવા મળ્યું હતું કે, નવતર પ્રકારની દવામાં એન્ટિ ઓક્સિડન્ટ ક્ષમતા પણ છે અને તેની કોઈ આડ અસર પણ થતી નથી.જે સૌથી મ હત્વની બાબત છે.આ દવાની ક્ષમતાને વધારે સારી રીતે ચકાસવા માટે હવે ક્લિનિકલ ટ્રાયલની જરુર છે.

૨૦૫૦ સુધીમાં વિશ્વમાં ૧૫ કરોડ લોકો ડિમેન્શિયાથી પીડાતા હશે

ડૉ.મુરુમકર અને ઓમકુમાર પ્રજાપતિનું કહેવું છે કે, દુનિયામાં ૫.૫ કરોડ જેટલા લોકો અને ભારતમાં ૮૮ લાખ લોકો ડિમેન્શિયાથી પીડાય છે.જેમાં ૬૦ થી ૭૦ ટકા કેસ અલ્ઝાઈમરના છે.૨૦૫૦ સુધીમાં આ આંકડો વધીને ૧૫.૨ કરોડ પર પહોંચવાની સંભાવના છે.ભારતમાં દર્દીઓની સંખ્યા વધીને ૧.૭૦ કરોડ થશે.

થલતેજ: ઓફિસની આગ-ધુમાડામાં ૭૦ કર્મચારી ફસાયા હતા

મેગ્નેટ કોર્પોરેટ હાઉસની આગથી બચવા માટે બીજા માળેથી કૂદેલા યુવકનું મોત

અમદાવાદ, મંગળવાર

થલતેજમાં આવેલા મેગ્નેટ કોર્પોરેટ હાઉસમાં બીજા માળે સોમવારે ભીષણ આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આ બિલ્ડિંગના લાગેલી આગમાં છ લોકો ફસાઈ ગયા હતા. જ્યારે, બચવા માટે બે લોકોએ નીચે કુદકો માર્યો હતો તેમાંથી રાજકોટના યુવકનું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે, કુદી પડેલા એક યુવકને ફ્રેક્ચરની ઈજા પહોંચી છે.

દરવાજામાંથી ધુમાડો આવતા વોશરૂમની બારીમાંથી બહાર નીકળવા છ લોકોનો પ્રયાસ : પાટુ મારતા બારી તૂટવાથી એકનું મોત, એકને ફ્રેકચર

સોમવારે રાત્રે ૯.૩૦ વાગ્યે બીજા માળે આવેલી ઓફિસમાં આગ લાગી ત્યારે બીજા માળની ઓફિસ સિવાય ઈમારતની મોટાભાગની ઓફિસો બંધ હતી. બીજા માળે એક ઓફિસમાં કામ ચાલુ હતુ અને આગથી બચવા બીજા માળેથી કૂદેલા ૩૦ વર્ષીય રચિત પટેલને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેનું મોત થયું હતું. તેની સાથે કૂદેલા અન્ય એક યુવકને પણ ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આગથી બચવા માટે છ લોકો વોશરુમની બારી તરફ ભાગ્યા હતા. જેમાં જૂનાગઢના રાજ



માંકડીયા અને રાજકોટના વતની અને પી.જી.માં રહેતા રચીત પટેલ (ઉ.વ.૩૦) તથા વૈષ્ણવી વણઝારી (ઉ.વ.૩૦) અને યુ.પીની નૈની જૈન (ઉ.વ.૩૫) તથા થલતેજના નિલેશ સોલંકી ઉપરાંત પાયલ દેવપરાનો સમાવેશ થાય છે. આ સમયે આગથી બચવા માટે વોશરુમની બારી તોડવા માટે પાટું મારતાં અચાનક બારી તૂટતાં બેલેન્સ જતાં રચીત પટેલ બીજે માળથી નીચે પટકાતાં માંથામાં ગંભીર ઈજાથી મોત થયું હતું. જ્યારે રાજને હાથે ફ્રેકચર થયું હતું. તેમજ એક યુવતીને ગુંગળામણથી શ્વાસ લેવામાં તકલીફ પડતાં સિવિલમાં દાખલ કરવામા આવી હતી. મેગ્નેટ કોર્પોરેટ પાર્કમાં આઇ ફેડોરા પ્રા. લીમીટેડ કંપનીના બીજા માળે આવેલા ૯ના યુનિટમાં આગ લાગી હતી. કંપનીમાં ૮૦ કર્મચારીઓ કામ કરે છે. જ્યારે આગ લાગી ત્યારે ૭૦ કર્મચારીઓ હાજર હતા. નવ યુનિટના ખુલ્લા દરવાજાથી આગના ગોટેગોટો ઓફિસમાં ઘુસતા લોકોને ગુંગળાંમણ શરુ થઈ હતી.

મ્યુનિ.એ એક વર્ષનો ૯૦૯ ટન જથ્થો ૯ માસમાં વાપરી નાંખ્યો

રસ્તા પર સફેદ પટ્ટા દોરવા ૩.૭૦ કરોડનું થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ વગર ટેન્ડરે ખરીદાશે

અમદાવાદ, મંગળવાર

રસ્તા પર લેન માર્કિંગ, ડિવાઈડર, ઝિબ્રા ક્રોસિંગ વગેરે દર્શાવવા થર્મોપ્લાસ્ટિક પેઈન્ટથી સફેદ પટ્ટા દોરવામાં આવતા હોય છે. ત્યારે અમદાવાદમાં એક વર્ષ માટેનો રૂ. ૭.૪૦ કરોડનો થર્મોપ્લાસ્ટિક પેઈન્ટનો જથ્થો મ્યુનિ. એ નવ મહિના જ વાપરી નાંખ્યો છે. હવે રૂ.૩.૭૦ કરોડનો વધારાનો જથ્થો વગર ટેન્ડર ખરીદવા કવાયત કરાઈ છે.

અમદાવાદમાં પાંચેક વર્ષ સુધી ચાલી શકે તેવું પેઈન્ટ હોવા છતાં વીઆઈપી માર્ગો ચમકાવવા વારંવાર કરાતું માર્કિંગ

એક તરફ અમદાવાદના વર્ષો જૂના તેમજ કેટલાક નવા માર્ગો પર યોગ્ય રીતે લેન માર્કિંગ ન કરાતું હોવાની ફરિયાદો ઉઠે છે. બીજી બાજુ એરપોર્ટ, શાહીબાગ જેવા વીઆઈપી માર્ગો ચમકાવવા અને કામગીરીનો દેખાડો કરવા વારંવાર લેન માર્કિંગ કરાય છે. સામાન્ય રીતે રસ્તા પર થર્મોપ્લાસ્ટિક પેઈન્ટથી દોરવામાં આવતા સફેદ પટ્ટા તડકો, વરસાદ વેઠી પાંચ વર્ષ સુધી લાઈટ રિફ્લેક્ટ કરી છે તેટલી ક્ષમતા હોય છે. તેમ છતાં અમુક રસ્તા પર વારંવાર લેન માર્કિંગ, રંગરોગાન કરી પૈસાનું પાણી કરાય છે. જેના લીધે એક વર્ષ માટે ખરીદાયેલો થર્મોપ્લાસ્ટિક પેઈન્ટનો ૯.૦૯ લાખ કિલો જથ્થો નવ મહિનામાં જ ખૂટી પડ્યો છે. તેવામાં હવે બાકીના ત્રણ મહિના માટે વધારાનો રૂ. ૩.૭૦ કરોડનો ૪.૫૪ લાખ કિલો જથ્થો વગર ટેન્ડરે જૂના કોન્ટ્રાક્ટર પોલીમર કોટિંગ્સ પાસેથી ખરીદવા ગોઠવણ કરી દેવાઈ છે. સામાન્ય રીતે અમુક રકમથી વધારેની કામગીરી કરવી હોય તો ટેન્ડર બહાર પાડવું ફરજિયાત છે. જ્યારે જૂની કામગીરીમાં સુધારા-વધારા પણ મર્યાદિત પ્રમાણમાં જ કરી શકાય છે. પરંતુ મ્યુનિ. દ્વારા વિવિધ કામગીરીના પૂરા થઈ ગયેલા કોન્ટ્રાક્ટ વગર ટેન્ડરે જૂના કોન્ટ્રાક્ટરોને આપી દેવાય છે.

આરોગ્ય સેવાના નામે મીંડું, મજબૂર દર્દીઓ ઉંટવૈદોના સહારે

ગુજરાતમાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો : ૧૫ દિવસમાં ૩૮ ઝડપાયા

અમદાવાદ,મંગળવાર

કોઈપણ માન્ય ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરતા લેભાગુ અને ઝોલાછાપ ડોક્ટરોને પકડી પાડવા માટે આરોગ્ય વિભાગે ખાસ અભિયાન હાથ ધર્યું છે. છેલ્લાં ૧૫ દિવસમાં જ આખાય રાજ્યમાંથી કુલ મળીને ૩૮ ડિગ્રી વિહોણાં બોગસ ડોક્ટરો ઝડપી લેવાયાં છે. આ ઉપરાંત ૩૫ ઝોલાછાપ ડોક્ટરો સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજસ્થાન સહિત અન્ય સરહદને અડીને આવેલાં ગામડાઓમાં આરોગ્યની સુવિધા જોઈએ એવી સારી નથી પરિણામે આજે પણ બોગસ ડોક્ટરો ધુમ પ્રેક્ટિસ કરી રહ્યા છે.

રાજકોટમાં સૌથી વધુ ૧૬ બોગસ ડોક્ટરો કાયદાના સકંજામાં ક્લિનિકોને તાળાં મારી 'ઝોલાછાપ' ભૂગર્ભમાં ઉતરી ગયા

ગુજરાતમાં સરહદી અને આદિવાસી-પછાત વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ અધુરી છે જેમકે, ક્યાંક સરકારી દવાખાનામાં ડોક્ટરો નથી તો ક્યાંક તબીબી સાધનો જ નથી. આ કારણોસર ગરીબ દર્દીઓને ઝોલાછાપ ડોક્ટરોનો સહારો લેવા મજબૂર થવુ પડ્યું છે. આ કારણોસર બોગસ ડોક્ટરોને ફાવતુ ફાવ્યુ છે. હવે આરોગ્ય વિભાગ જાણે રહી રહીને જાગ્યુ છે.

બોગસ ડોક્ટરોને પકડી પાડવા માટે સમગ્ર ગુજરાતમાં ૨૯૮ ખાસ ટીમોની રચના કરવામાં આવી હતી. સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, આરોગ્ય વિભાગે સાથે મળીને આ સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતુ જેમાં કુલ મળીને ૩૮ બોગસ ડોક્ટરો પકડી પાડવામાં આવ્યા હતાં. રાજકોટમાં સૌથી વધુ ૧૭ બોગસ ડોક્ટરો કાયદાના સિકંજામાં આવ્યા છે જ્યારે સુરત શહેરમાંથી પણ ૯ બોગસ તબીબો ઝડપાયા છે.ગીર સોમનાથમાં ૩ અને સુરેન્દ્રનગરમાં ૨ ઝોલાછાપ સામે એક્શન લેવાયા છે. બાકીના અન્ય જિલ્લાઓમાંથી ૧-૧ બોગસ ડોક્ટર સામે ગુનો નોંધીને શિકંજો કસવામાં આવ્યો છે.

જોકે, પોલીસ અને આરોગ્ય વિભાગની ગાડીઓ જોઈને કેટલાંય લેભાગુ ડોક્ટરો પોતાના ક્લિનિક અને દવાખાના બંધ કરીને રફુચક્કર થઈ ગયા હતા, પરંતુ આ ફરાર તત્વોને પકડવા માટે વિશેષ સર્વેલન્સ અને સઘન શોધખોળ ચાલુ રાખી છે.આ ચોર-પોલીસની રમતને કાયમી ધોરણે બંધ કરવા માટે કમિટીમાં તાલુકા હેલ્થ ઓફિસર સંબંધિત વિસ્તારના પીએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને સ્થાનિક તલાટી-કમ-મંત્રી સુધીના અધિકારીઓને સાંકળી લેવામાં આવ્યા છે, જેઓ બાતમીદારોને સક્રિય કરીને નકલી ડોક્ટરોને જેલ ભેગા કરવા તખ્તો તૈયાર કર્યો છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રીમતી વાલીબેન તે ખોડાભાઈ ભરવાડની દીકરી તે વિનુભાઈ ભરવાડના સીધવા પત્નિ, ઠેકાણુ-ગાજણ, તા. મોડાસા, જી. અરવલ્લીનાએ જીલ્લા અરવલ્લીના તાલુકા મોડાસાના ગામ મોજે ગાજણના નવા બ્લોક/સર્વે નંબર-૪૭૦ (જુના સર્વે/ બ્લોક નંબર-૩૪૦) ની ખાતા નંબર-૪૩૨ ધરાવતી કુલ ૪૫૫૩ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબના સીટી સર્વે ઓફિસ : મોડાસાના સીટી સર્વે વોર્ડ ગાજણ (બીનખેતી) ના શીટ નંબર- NA99 માં સીટી સર્વે નંબર- NA470 આપવામાં આવેલો છે, તે બીનખેતી થયેલી જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૩-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૫૧૯ (જુના સર્વે/બ્લોક નં.૧૭૨બ) ની ૧૩૩૦૬ ચો.મી. જુની શરતની ખેતીની જમીન જયેશભાઈ નાથુભાઈ પટેલ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલિકની તરફેણમાં જતાં 'વેઈવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : 'દામાણીસ્'
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : **'દામાણીસ્'**
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૫૨૨ (જુના સર્વે/બ્લોક નં.૧૯૦) ની ૨૨૫૧૭ ચો.મી. બીનખેતીની જમીન નાજીયાબેન મહમદ રાજ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં "વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : 'દામાણીસ્'
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : **'દામાણીસ્'**
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૪૭૪ (જુના સર્વે/બ્લોક નં.૨૦૬) ની ૧૭૨૦૬ ચો.મી. જુની શરતની ખેતીની જમીન સીમા સોયબ પટેલ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં "વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : **'દામાણીસ્'**
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : **'દામાણીસ્'**
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

Kia Sorento

Superior tech and elegance, beyond the class.



Movement that inspires


Introductory price at
₹ 27 99 000*

Some journeys are best enjoyed together. The globally loved Kia Sorento brings together a world of space, luxury, safety, and comfort, with three thoughtfully designed rows. With sophisticated interiors, intelligent technology, and advanced safety, it is tuned to deliver superior drives on highways and in cities. Because the journey should feel as amazing as the destination.

Scan to book your Sorento

FIRST-IN-SEGMENT A leap beyond


Kia AI Assistant (Real-time Generative AI)


Advanced Digital IRVM


Remote Smart Parking Assist (RSPA)

BEST-IN-SEGMENT A new benchmark


Digital Key 2.0


Dial-type Shift-by-Wire Selector


Best-in-Segment Length (4 815 mm) & Width (1 900 mm)

Kia AI Assistant (Real-time Generative AI) | Hybrid & Diesel Powertrains | All-Wheel Drive with Terrain Modes | 6 & 7-Seater Options | ADAS Level 2+ with 30 Features & 10 Airbags

Assured Buyback - 70% Residual Value in 3 Years* | ARAI Certified Hybrid Mileage 19.6 km/l*

Kia Service

Kia Care Network
Kia Genuine Spare Parts

3 Years Unlimited km Warranty
Extendable up to 5 Years*

24x7 Nationwide Roadside Assistance*
My Convenience Plus

Smart Services
360° Digital Experience*

Warranty on High Voltage Battery (on Hybrid)
8 Years/ 1 60 000 km

Book now | Call 1800 108 5005 | Visit www.kia.com | Kia Sorento | Look for "Kia India"

*Terms & Conditions Apply. Ex-showroom prices all India. Fuel efficiency as certified by test agency under rule 115 of CMVR, 1989 under standard test conditions for front wheel drive variants only. Actual mileage on road may vary. Segment is defined as a 5-row seater car with an overall length between 4 750 mm - 5 000 mm, width between 1 850 mm - 1 920 mm and height between 1 700 mm - 1 850 mm. **The programme is available through participating authorised Kia dealer partners. Eligible customers may avail it at the time of vehicle purchase, subject to applicable programme criteria. Upon completion of the selected tenure, customers may exercise the assured buyback option in accordance with their programme agreement and applicable terms and conditions. The Assured Buyback Programme is independently administered by the relevant programme partner, which is responsible for enrolment, eligibility assessment, sales to valuation, settlement, and related programme obligations, as governed by its agreement with the customer. Kia India has limited access to the programme through participating authorised Kia dealer partners. The product & feature images shown are for representation purposes only. Features and specifications as shown may not be part of standard fitment and may vary. The colors shown are subject to availability and may not be available across all variants and may differ slightly from those shown. Not all seat and interior colors are applicable in all trims. Advanced Driver Assistance System (ADAS) is not a substitute for human eye and driver vigilance. It is an assistance feature that enhances driving experience and safety. Effectiveness of ADAS may vary based on actual situation and all objects around vehicle may not be detected. The driver shall remain responsible for safe, vigilant and attentive driving. Kia Connect comes with a 3-year free subscription. Kia Connect features may vary depending on the variant, device compatibility, software, and network availability in the vehicle. Kia AI Assistant with real-time generative AI can be interacted in English only. AI generated responses are for informational and convenience purpose only and must not be considered as a replacement of human judgement for critical decisions related to safety, medical assistance, local laws, navigation. Kia India reserves the right to make any changes with respect to the trims, colors, specifications, or other details of any models, or to discontinue any models, or to change/discontinue any services without prior notice. Kia India urges you to follow traffic rules. These are meant to keep you safe on the roads. No liability is accepted for errors and printing errors. Please refer www.kia.com for detailed terms, conditions and more information or visit your local Kia dealership.

Ahmedabad: West Coast Kia: Naroda, Ph: 8238002242, Motera, Ahmedabad Ph: 8238887600, Ambawadi, Ph: 9377772200, SG Highway North, Ph: 9727316316, Shilaj, Ph: 7069076767 Supernova Kia: Bopal, Ph: 8238080402, Nikol, Ph: 7043733733, SG Highway South, Ph: 7043722722, SG Highway-Makarba, Ph: 7043722722 Sanand, Ph: 9898307227 Gallops Kia: Isanpur, Ph: 9638512345 Anand: Destination Kia: Karamsad, Ph: 9586972727 Nadiad: Destination Kia: Ph: 9586492727 Gandhinagar: Vibrant Kia: Ph: 9099033325 Himmatnagar: West Coast Kia: Ph: 9099033395 Palanpur: Halleys Kia, Ph: 8758221111 Patan: Halleys Kia: Ph: 9512033700 Mehsana: IB Kia: Ph: 8238001929 Modasa: West Coast Kia: Ph: 9099021324 Kudasan: Vibrant Kia: Ph: 9099021433

NEW

TVS

TVS Jupiter

INDIA'S 1ST SPECTRAL COLOUR SCOOTER




SEQUENTIAL TURN SIGNAL LAMPS


DOUBLE HELMET STORAGE


LONG SEAT WITH BACKREST

10 YEAR WARRANTY*

SCAN ME

PRICE STARTS FROM
₹76 654**

BEST-IN-CLASS FEATURES | 10% MORE MILEAGE | 5.99%^ LOWEST ROI | UP TO ₹7 500* INSTANT CASHBACK ON HDFC BANK & SBI CREDIT CARD EMI TRANSACTIONS ONLY

TVS Jupiter

Now available on | ખાતરી વગર હોમ ડિલિવર મેળવો તમારો. | tvsjupiter | www.tvsmotor.com/tvs-jupiter | Call: 1800 315 7777

** Ex-showroom prices of TVS Jupiter 110 BS VI (Drum variant in Gujarat). ^T&C apply. Finance will be at the sole discretion of the financier. # 5% interest cashback up to ₹7 500 on HDFC Bank & SBI credit card EMI transactions for select dealers. T&C apply. Scheme valid till 30th November, 2026. + 3 years warranty available. Optimised to get warranty can be purchased at ₹ 999. * Under TVSM internal test conditions.

FOR ALL BULK/INSTITUTIONAL REQUIREMENTS PLEASE MAIL corporate.customerengagement@tvsmotor.com • Authorised Main Dealer Ahmedabad: Chakorbhai TVS Drive-In: 8879209948 • Kalyanbhai TVS Maninagar: 8980140606 • Maheshwari TVS Bapunagar: 9909194401 • Odhav: 7359720101 • Aikat: 7359750122 • Gokul TVS (CTM): 8980726624 • Khodiar G TVS Narol: 8980940605 • Shree Khodiar G TVS Naroda: 8980940602 • Vinesh TVS Pirana: 8980938403 • Ashapura: 7359750916 • Shiv Hasubhai: 7359750878 • Maharaja: 7359749915 • Satellite: 8980940604 • Bhathena TVS Bhathena: 8980940634 • Rajkamal: 7359750901 • Sarangpur: 7359750499 • Chandkheda: 9913308750 • A.B.A TVS Khanpur: 8980981989 • Vardhman TVS Vyavsayik: 8980940629 • Bakery TVS S.G. Highway: 8980940630 • Narendra: 7359750905 • Chanda TVS Bopal: 7567440080 • Raceway TVS Sanand: 8980940636 • Chiranjiva TVS • Science City: 9825140676 • Patel TVS Kadi: 7359750903 • Aalfa TVS Kalol: 8612980984 • Aggarwal TVS Himatnagar: 9879382008 • Idar: 9909090331 • Modasa: 9825270543 • Gandhinagar: 8980980364 • Palanpur: 8980940368 • Rajkamal TVS Deesa: 8980940582 • Mehsana: Radha TVS: 9879383336 • Ganadhi TVS • Petlad: 8320750750 • Bhayavar TVS: 8980980979 • Jaja TVS Surendranagar: 8980980777 • Nadiad Mahalaxmi TVS: 8980980827 • Best Choice TVS: 8879880878 • Anand: Downtown TVS • GIDC Vasad: 8980980995 • Chikhodara Chekdi: 8879380870 • Tiffany TVS: Lambhvel Road: 7574074999 • Authorised Dealer: • Sidhnath TVS • Ghatlodiya: 8980980970 • Sabri TVS • Visnagar: 8980980968 • Purva TVS • Bamaja: 8347924999 • Mahalaxmi TVS • Isanpur: 8469934407 • Om Sai TVS • Pranalij: 8980780344 • K Bee TVS • Khadkotarma: 8979483333 • Shiv TVS • Talod: 7383000999 • Raj TVS • Dhansura: 9408483758 • Vadanti TVS • Thara: 8438378480 • Veer TVS • Unjha: 9979580778 • Ayatkamen TVS • Shreeganeshna: 8469981462 • Ganesh TVS • Halvad: 8427698780 • Maruti TVS • Thangadh: 8469830339 • Shree Murlidhar TVS • Behlol: 8980930525 • BP TVS • Virpur: 9727439548 • Pavan TVS• Kapadvanj: 9825268468 • Umiya TVS • Balasinor: 9426498483 • Shree Chamunda TVS • Pantheravada: 9687370957 • Pavan TVS • Kathlal: 9586763883 • Ghanshy TVS • Nangur: 8128080808 • Chetak TVS • Bavla: 8980980805 • Bamaj TVS • Thamali: 8469428887 • S J TVS • Mahamidmad: 9687670999 • Sonu TVS • Visnagar: 8879140239 • Om TVS • Vallabhna: 8980980942 • Kumar TVS • Mithakhal: 8980980333 • Balaji TVS • Vadali: 8469810770 • Jay Mataji TVS • Vijapur: 8140540555 • Alfarma TVS • Dholka: 8128248000 • Krishna TVS • Mansa: 8653030026 • Shivam TVS • Diyodar: 9274380343 • Dreamz TVS • Chhapi: 8758485347 • Pansa TVS • Hathijan: 9925910429 • Saijanand TVS • Bhiloli: 8980930978 • Jay Amba TVS • Dantiz: 7202930337 • Shree Mahadev TVS • Kharelu: 8734822307 • Aanogi TVS • Sathasana: 6354548947 • Ambika TVS • Viramgam: 9898052143 • Mahadev TVS • Kudhasni 9687975709 • Shree Ram TVS • Meghraj: 8727833488 • Maa TVS • Lakhani 8320980209 • Mahadev TVS • Ajkimaj: 9909030999 • Shivay TVS • Ambaji: 9173237873 • Ganeshesh TVS • Thali: 7698585757 • Dwarika TVS • Unjha: 7984540999 • Shree Chetnar TVS • Bhabhar: 9723243939 • Shree Khodiar-G TVS • Nana Chiloda: 8128980980 • Shree Khodiar-G TVS • New Sanij: 8128980943 • Nalraj TVS Lambha: 8849207089 • B J TVS Kheda: 8980980336 • Ashva TVS Kuha: 9904320999 • Rudra TVS• Bahi: 8347837477 • Shree Ram TVS • Mansa: 8980405934 • Happy TVS • Dahegaon: 8141710809 • Ashapuri TVS • Barwad: 8154880930 • Anand TVS • Petlad: 8429971344 • Yagnaj TVS • Aanodar: 8980983336 • Sahjanand TVS • Khambhat: 8799920933 • Downtown TVS • Unjha: 8980980999 • Dwarkesh TVS • Sevaliya: 8980787000• Vishvha TVS • Vasa: 8980780999 • Laxmi TVS • Hanspura: 8980947987 • Mansa TVS • Vatva: 8511747783 • Sawaiia TVS • Radhangpur: 8980980984 • Mahadev TVS Vasad: 9898388451 • Bhavani TVS • Vav: 9974880343 • Happy TVS • Meta Chiloda: 9925454451 • Akshar TVS • Tarapur: 9825483399 • Maruti TVS • Vatva: 8511747783 • Gokul TVS • Vadtal: 9727214451 • Vamaj TVS • Sangaseri: 9978830334 • Shree Chamunda TVS • Dantiwada: 9725484220 • Swastik TVS • Ramdi 7990908915.

Terms & Conditions apply.

પાસપોર્ટ રિન્યુઅલ કરવા મુદ્દે હાઈકોર્ટનો ચુકાદો

સીબીઆઈના કેસમાં પણ આરોપીનો પાસપોર્ટ ૧૦ વર્ષ માટે રિન્યુ થઈ શકે

અમદાવાદ, મંગળવાર

સીબીઆઈના પડતર કેસમાં સંડોવાયેલા આરોપીના પાસપોર્ટ રિન્યુઅલ અંગે ગુજરાત હાઈકોર્ટે અગત્યનો ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે, સીબીઆઈના કેસમાં પણ પાસપોર્ટ ૧૦ વર્ષની સમયમર્યાદા માટે રિન્યુ થઈ શકે. જસ્ટિસ મૂલચંદ ત્યાગીએ જણાવ્યું હતું કે, સામાન્ય પાસપોર્ટ ૧૦ વર્ષ માટે રિન્યુ થતો હોય તો ટ્રાયલ કોર્ટે અરજદારના પાસપોર્ટ રિન્યુઅલમાં પણ ૧૦ વર્ષની જ મંજૂરી આપવી જોઈતી હતી. આમ કહી, હાઈકોર્ટે અરજદાર આરોપીનો પાસપોર્ટ ત્રણ વર્ષ માટે રિન્યુઅલ કરવાની મંજૂરી આપતો ટ્રાયલ કોર્ટના હુકમમાં સુધારો કરી અરજદાર પાસપોર્ટના ફુલ ટર્મ એટલે કે, ૧૦ વર્ષના પૂરા સમયગાળા માટે રિન્યુઅલ માટેની પરવાનગી આપી હતી.

ટ્રાયલ કોર્ટે માત્ર ૩ વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુઅલની મંજૂરી આપી હતી, હાઈકોર્ટે સુધારો કરી ૧૦ વર્ષ માટેની પરવાનગી આપી

હાઈકોર્ટે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ક્રિમિનલ કેસ પડતર હોય તો પણ આરોપીનો પાસપોર્ટ નિયમ મુજબ, ૧૦ વર્ષ માટે રિન્યુ કરી શકાય છે. હાઈકોર્ટે છેતરપિંડી અને ગુનાહિત કાવતરાના કેસમાં આરોપી મોહમ્મદઈકબાલ ગનીભાઈ મેઘરેજીએ પોતાનો પાસપોર્ટ ૧૦ વર્ષ માટે રિન્યુ કરવા મંજૂરી માંગી

અરજદારે ભારત છોડતાં પહેલા કોર્ટની મંજૂરી લેવાની રહેશે

હાઈકોર્ટે અવલોકન કરતા જણાવ્યું હતું કે, 'સામાન્ય રીતે પાસપોર્ટ ૧૦ વર્ષના સમયગાળા માટે રિન્યુ કરવામાં આવે છે, ત્યારે ટ્રાયલ કોર્ટે પણ અરજદારને ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ કરવાની પરવાનગી આપવી જોઈતી હતી. હાઈકોર્ટે અરજદારનો પાસપોર્ટ ૧૦ વર્ષ માટે રિન્યુ કરવાનો આદેશ કર્યો હતો. જોકે, કોર્ટે શરત મૂકી છે કે અરજદારે ભારત છોડતા પહેલાં ટ્રાયલ કોર્ટની પૂર્વ મંજૂરી લેવાની રહેશે અને ટ્રાયલ કોર્ટ કાયદા મુજબ યોગ્ય શરતો લાદી શકશે.'

અરજદારની અરજી મંજૂર રાખી તેનો પાસપોર્ટ ૧૦ વર્ષ માટે રિન્યુ કરી આપવા પાસપોર્ટ ઓથોરીટીને હુકમ કર્યો હતો. કેસની વિગતો મુજબ, અમદાવાદ (ગ્રામ્ય) કોર્ટમાં આવેલી સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં ચાલી રહેલા હતી. જો કે, સીબીઆઈ કોર્ટે માત્ર ૩ વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુ કરવાની પરવાનગી આપી હતી. નીચલી કોર્ટના આ હુકમ સામે અરજદારે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરતાં જણાવાયું હતું કે, અરજદાર ૬૭ વર્ષના સિનિયર સિટીઝન છે અને બિઝનેસના કામે તેમને અવારનવાર વિદેશ પ્રવાસ કરવાનો રહે છે. આ ઉપરાંત તેમના સંતાનો પણ વિદેશમાં સ્થાયી થયેલા છે. સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના અગાઉના ચુકાદાઓને ધ્યાનમાં લેતાં પણ માત્ર કેસ પેન્ડિંગ હોવાના કારણે પાસપોર્ટની મુદત ટૂંકાવી શકાય નહીં.કેસની સુનાવણી દરમ્યાન રિજનલ પાસપોર્ટ ઓફિસર તરફથી એવો વાંધો ઉઠાવાયો હતો કે અરજદારે હજુ પાસપોર્ટ ઓથોરિટી સમક્ષ રિન્યુઅલ માટે અરજી જ કરી નથી, તેથી આ પિટિશન વહેલી ગણાય. જોકે, હાઈકોર્ટે આ દલીલ ફગાવી દેતા નોંધ્યું હતું કે, કેસ પેન્ડિંગ હોવાથી અરજદાર સક્ષમ કોર્ટની પૂર્વ મંજૂરી લીધા બાદ જ પાસપોર્ટ ઓથોરિટી સમક્ષ જઈ શકે છે.

વાત વાતમાં

પતિ, પત્ની અને ચિંગારી !

પતિ-પત્નીના સંબંધો એક રીતે જોવા જાવ તો પેટ્રોલથી છલોછલ ભરેલા 'હાઈલી ઈન્ફ્લેમેબલ' ટેન્કર જેવા હોય છે ! આમ તો બધું નોર્મલ ચાલતું હોય, પણ એક 'ચિંગારી' પડે એટલી જ વાર ! ... જુઓ..

* * *

પત્ની (કિચનમાંથી) : 'જુઓને, ટીવી પર શું છે ?'

પતિ : ધૂળ... કચરો...

(અને ઝગડો શરૂ !)

* * *



પત્ની : 'મારી બર્થ-ડે પર તમે મારા માટે એવી કોઈ સરસ ઝડપી ચીજ લાવજો, જે ફક્ત દસ જ સેકન્ડમાં ઝીરોથી ડાયરેક્ટ ૮૦ પર પહોંચી જાય !

- પતિ બર્થ-ડેના દિવસે વજન કરવાનું મશીન લઈ આવ્યો !

(અને ઝગડો શરૂ !)

* * *

પતિ : 'વાહ ! આજે મોસમ મસ્ત છે ! હવામાં ઠંડક છે, આકાશમાં ચાંદો ઊગ્યો છે, સરસ પવન ચાલે છે.... આજે જમવા માટે બહાર જઈએ તો કેવું ?'

પત્ની : યસ ! હું ફટાફટ તૈયાર થઈને આવું છું !

પતિ : વેરી ગુડ ! ત્યાં સુધીમાં હું ઓટલા ઉપર શેતરંજી પાથરું છું !

(અને ઝગડો શરૂ !)

* * *

પત્ની : (અરીસામાં જોતાં) 'તમને નથી લાગતું કે હું જરાક વધારે જાડી થઈ ગઈ છું ? મારું ફિગર.. જરાક વધારે બેડોળ નથી લાગતું ? ફેસ પણ.. ફોફરાઈ ગયેલો લાગે છે, સ્કીન પણ... ઝાંખી પડતી જાય છે, અને વાળ પહેલાં જેવા નથી રહ્યા...

પતિ : (મોબાઈલમાંથી મોં ઊંચું કર્યા વિના) 'હા, પણ એમાં હું શું કરી શકું ?'

પત્ની : 'કમ સે કમ મને એક સારી કોમ્પ્લીમેન્ટ તો આપી શકો કે નહીં ?'

પતિ : ઓ યસ ! તારી નજર હજી બિલકુલ પરફેક્ટ છે !

(અને ઝગડો શરૂ !)

* * *

પત્ની : 'સાચું કહેજો, તમે મારામાં શું જોયું હતું કે લગ્ન કરવાની હા પાડી ?'

પતિ : 'મને તો નાનપણથી જ રિસ્ક લેવાની આદત હતી !'

(અને... ઝગડો શરૂ)

- મન્નુ શેખચલ્લી

એક આરોપીને દસ વર્ષની, બે આરોપીને બે-બે વર્ષની સજા

જજના ઘર પર હુમલો કરી પરિવારની હત્યાના પ્રયાસમાં ત્રણ આરોપીને સજા

અમદાવાદ, મંગળવાર

શહેરના દરિયાપુર વિસ્તારમાં દુકાન મામલે સ્ટે મળ્યો હોવાના વિવાદ બાદ જજના પરિવારની હત્યાનો પ્રયાસ કરવાના ચકચારભર્યા કેસમાં ૧૦ પૈકી ૩ આરોપીઓને અત્રેની સેશન્સ કોર્ટે અલગ અલગ કેદની સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. જેમાં આરોપી મહંમદ ઉવેશરજા ઉર્ફે અવેશ ઈકબાલહુસેન કઠીયારાને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારવામાં આવી છે,

ફરિયાદી જજના ભાઈની તરફેણમાં સ્ટે આવતાં આરોપીઓએ તે બાબતની અદાવત રાખી હથિયારો સાથે હિચકારો હુમલો કર્યો

જ્યારે આરોપી ઈરશાદ ઈકબાલહુસેન કઠીયારા અને મુસ્તાક ચાંદભાઈ કઠીયારાને ૨-૨ વર્ષની સજા ફટકારવામાં આવી છે. એડિશનલ સેશન્સ જજ પી.બી.પટેલે જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરૂધ્ધ જજના ઘરે અને તેમના પરિવાર પર હિચકારા હુમલાનું ગંભીર ગુનાઈત કૃત્ય આચરાયું છે અને ખુદ ફરિયાદી સહિતના સાક્ષીઓએ આરોપીઓને ઓળખી બતાવ્યા છે, ત્યારે ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં આરોપીઓને યોગ્ય સજા કરવી ન્યાયના હિતમાં લેખાશે.

ચકચારભર્યા કેસની વિગતો મુજબ, શહેરના દરિયાપુર વિસ્તારમાં શબ્બીરહુસેન સૌકતહુસેન અજમેરી પોતાના પરિવાર સાથે રહે છે અને રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે જ્યુડિશીયલ ફસ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે. તેમના માતા પિતા તથા ભાઈ પાડોશમાં જ આવેલ હબીબી એપાર્ટમેન્ટમાં રહે છે. તેમના ભાઈ યાસીને જુલાઈ ૨૦૨૦માં હબીબી એપાર્ટમેન્ટની નીચે આવેલી ત્રણ દુકાનો ખરીદી હતી. તેમની બાજુમાં ઈકબાલભાઈ ચાંદભાઈ કઠિયારાની દુકાન છે. તેમાં ઈકબાલભાઈના ત્રણ દિકરા ઈર્શાદ, અવેશ અને ફૈજાન સર્વિસ સેન્ટર ચલાવી વાહનો ધોવાનું કામકાજ કરેતા હતા પરંતુ તેઓ યાસીનની દુકાનના આવવા જવાના રસ્તા પર આ કામકાજ કરતાં હોવાથી બંને પક્ષ વચ્ચે વિવાદ અને તકરાર સર્જાયા હતા અને મામલો કોર્ટ સુધી પહોચ્યો હતો.

આ વિવાદમાં જજ શબ્બીરહુસૈનના ભાઈ યાસીને સીટી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો, જે હાલ ચાલુ છે પરંતુ થોડા સમય પહેલાં આ દિવાની દાવામાં વાદી યાસીનભાઈની તરફેણમાં કોર્ટે સ્ટે આપતાં તેની અદાવત રાખી આરોપી ઈકબાલ કઠિયારા અને તેના ત્રણ દિકરાઓ અવારનવાર ફરિયાદપક્ષ સાથે ઝઘડો કરતા હતા. બીજી તરફ શબ્બીરહુસેન જજ હોવાથી જ કોર્ટે તેમની તરફે સ્ટે આપ્યો હોવાનું અનુમાન કરી ઈકબાલભાઈ અને તેમના દિકરા દ્વેષભાવ રાખતા હતા. આ બાબતની અદાવત રાખી ગત તા.૪-૫-૨૦૨૧ના રોજ ઈકબાલભાઈ અને તેમના ત્રણ દિકરા સહિત ૧૦ જેટલા લોકો બુમાબુમ કરતા જજના ઘર પર પહોંચ્યા હતા અને કુહાડી, છરી, હથોડી, પાઈપ સહિતના હથિયારો વડે ઘર પર હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

નકલી પોલીસ બની યુવક પાસેથી ૧૦,૦૦૦ પડાવ્યા

અમદાવાદ, મંગળવાર

રિવરફ્રન્ટ ઉપર વલ્લભ સદનના ખુલ્લા મેદાનમાં નકલી પોલીસ બની યુવક પાસેથી ૧૦,૦૦૦ પડાવ્યાની ફરિયાદ નોંધાઈ છે. સાબરમતીના રહીશ મેહુલ જૈન નવરાત્રી દરમિયાન ગરબા રમી તા. ૧૯ના સવારે પાંચ વાગ્યે તેમની મહિલા મિત્ર સાથે ખુલ્લામાં કારમાં બેઠા હતા. આ સમયે આવેલા શખ્સે પોતે પોલીસ હોવાનું કહી ફોટા પાડી લીધા છે તે વાયરલ કરવાનું કહી ૧૦,૦૦૦ રૂપિયા ઓનલાઈન અને રોકડ પડાવ્યા હતા. યુવતીનો નંબર મેળવ્યો હોવાથી ફોન કરી વધુ ૧૦,૦૦૦ માગ્યા હતા. સોશ્યલ મીડિયાથી આ શખ્સ પોલીસ નહીં હોવાનું જાણવા મળતાં રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગોમતીપુરના રહીશ મોહમદ હુસેન ઉર્ફે હડ્ડી કમરૂદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મુસાફરોની વધતી સંખ્યાને પગલે નિર્ણય લેવાયો

સાબરમતી-જોધપુર વંદે ભારત ટ્રેન હવે ૧૬ કોચ સાથે દોડશે

અમદાવાદ, મંગળવાર

સાબરમતી- જોધપુર વચ્ચે જુલાઈ ૨૦૨૩થી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવી છે. ત્રણ વર્ષમાં આ ટ્રેન મારફતે આશરે ૧૩ લાખ જેટલા મુસાફરોએ પ્રવાસ કર્યો છે. હાલમાં ટ્રેનમાં ૫૩૦ મુસાફરો બેસી શકે તેટલી બેઠક ક્ષમતા છે. જેની સામે રોજની સરેરાશ ૬૫૦ ટિકિટની માંગ રહે છે જેના કારણે બેઠકોની અછત સર્જાય છે. મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા રેલવે મંત્રાલયે આ ટ્રેનમાં વધુ ૮ કોચ જોડીને ૧૬ કોચ સાથે ટ્રેન દોડાવવા નિર્ણય કર્યો છે. નવા આઠ જોડાતા આ ટ્રેનમાં કુલ ૧૦૬૦ મુસાફરો મુસાફરી કરી શકશે. નવા કોચમાં બેઠક વ્યવસ્થા સહિતની સુવિધાઓ યથાવત રહેશે જ્યારે ટ્રેનનો બહારનો રંગ પણ સફેદને બદલે કેસરી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગને ગંભીર ફરિયાદ

પીટીસીમાં કેટલીક કોલેજો સરકારી ક્વોટાની બેઠકોમાં કેપિટેશન ફી લે છે

અમદાવાદ,મંગળવાર

ધો.૧૨ પછીના પીટીસી-ડીએલએડ કોર્સીસમાં પ્રવેશ માટે આ વર્ષે સરકારે ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા હાથ ધરી છે અને જેમાં ખાનગી કોલેજોની ૮૫ ટકા સરકારી ક્વોટાની બેઠકો અને સરકારી-ગ્રાન્ટેડ કોલેજોની ૧૦૦ ટકા બેઠકો પર કેન્દ્રિય રીતે પ્રવેશ આપવામા આવી રહ્યા છે પરંતુ તેમ છતાં ખાનગી કોલેજો સરકારી ક્વોટાની બેઠકોમાં ડોનેશન ઉઘરાવતી હોવાની અને કેપિટેશન ફી લેતી હોવાની ફરિયાદ ઉઠી છે.આ મુદ્દે શિક્ષણ વિભાગને ઓનલાઈન ફરિયાદ પણ કરવામા આવી છે.

વિદ્યાર્થીને પ્રવેશ રદ કરવા માટે દબાણ કરી મોટું ડોનેશન અથવા તો કેપિટેશન ફી ખાનગી કોલેજો દ્વારા લેવાય છે

પીટીસીમાં ખાનગી કોલેજો મેનેજમેન્ટ ક્વોટામાં તો બેથીત્રણ લાખ રૂપિયાનું ડોનેશન વિદ્યાર્થીઓ પાસેથી માંગે જ છે પરંતુ હવે તો સ્ટેટ ક્વોટાની બેઠકોમાં પણ ડોનેશન લેવાતુ હોવાનું ધ્યાને આવ્યુ છે.કેટલીક કોલેજો વિદ્યાર્થીઓ અરજી માટે સંપર્ક કરે ત્યારે ડોનેશનની માંગણી કરે છે અને ડોનેશન આપવા સમંત થાય તો જ મેનેજમેન્ટ ક્વોટાનું ફોર્મ ભરવા મંજૂરી આપે છે. સ્ટેટ ક્વોટા હેઠળ સરકારના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ઓનલાઈન કેન્દ્રિય ધોરણે પ્રવેશ ફાળવાયા છે ત્યારે કેટલીક ખાનગી કોલેજો નિયત ફી કરતા વધારાની ફી માંગણી કરી રહી છે.જો વિદ્યાર્થી ન ભરે તો આંતરિક પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી પણ અપાય છે.

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા ઘાટલોડીયા ના મોજે ગામ ઓગણજ ની સીમના સર્વે નં ૧૫૨૫/૧૫૦/૨ જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં ૪૦૮ માં થતા ફા. પ્લોટ નં ૧૧૪/૧ ની બિનખેતીની જમીન પર આવેલ "NAVKAR HEIGHTS" નામની સ્કીમમાં બ્લોક 'એ' ના પાંચમા માળ પર ફલેટ નં ૫૦૪ જેનુ કુલ બાંધકામ ક્ષેત્રફળ ૫૯.૮૭ સમ ચો.મી. છે તેવી મિલકત (૧) ધર્મેશભાઈ મણિલાલ પટેલ (૨) દર્શનાબેન ધર્મેશભાઈ પટેલ ની માલીકી, કબજા-ભોગવટાની કોઇ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઇ પણ બેંક,શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઇ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૩-૧૧-૨૦૨૬

મંથન અજીતકુમાર રાવલ
(એડવોકેટ અને નોટરી)
ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

જાહેર નોટિસ

જત ડીસ્ટીકટ સબ-ડીસ્ટીકટ અમદાવાદ-૨(વાડજ) ના સાબરમતી તાલુકાના મોજે ગામ-ઉસ્માનપુરા ના સર્વે નં.૫૩/૧+૨+૩, ટી.પી.સ્કીમ નં.૧૯ ના ફા.પ્લોટ નં.૩૦ પૈકી સબ પ્લોટ નં.૩ ની જમીન ઉપર આવેલ 'નંદિકેશ્વર એસોસીએશન' ધ્વારા બાંધવામાં આવેલ ''સપન એપાર્ટમેન્ટ'' ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ફલેટ નં.જીએફ/૧ વાળી ૧૮૫.૦૭ ચો.મી. સુપર બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત નંદિકેશ્વર એસોસીએશનના શેરસર્ટીફીકેટ નં.૧૦ તથા એકઝીકયુટીવ મેજીસ્ટેટ સાહેબ, અમદાવાદની સમક્ષ તા.૨૭-૧૦-૨૦૨૬ ના રોજ કરેલ પેઢીનામા અંગેનું સોગંદનામા મુજબ સ્વ.મુકુંદભાઈ વિઠ્ઠલદાસ પટેલના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે તેમજ અન્ય વારસદારોએ કરી આપેલ રજીસ્ટર્ડ રીલીઝ ડીડ સીરીયલ નં.૧૬૯૮૯ તારીખ ૧૭-૧૦-૨૦૨૬ મુજબ પટેલ પ્રતીક્ષાબેન મુકુંદકુમાર નાએ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાનું તથા તેની ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો બોજો, દર, દાવો, અલાખો, હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી તેમ જણાવેલ હોવાથી તેમની પાસેથી (૧) શાહ રિતેશ મહેશકુમાર અને (૨) મહેશભાઈ કેશવલાલ શાહ નાઓ સદરહુ મિલકત વેચાણ લઈને તેની ઉપર એચ.ડી.એફ.સી. બેંકમાંથી લોન લેવા માંગતા હોઈ તેઓએ સદરહુ મિલકતના ટાઇટલ કલીયર અને બોજા રહીત હોવા બાબતના સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે. આથી સદરહુ મિલકત પરત્વે અન્ય કોઇનો કોઇપણ જાતનો વાંધો, તકરાર, લાગભાગ, હકક હિસ્સો, દાવો, બોજો, ગીરો, લીયન, લેણુ, વારસાઈ કે ભરણપોષણનાં હકકો હોયતો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહીત લેખીત જાણ અમોને કરવી અન્યથા કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો તે જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી અમો સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

મારી મારફતે
NARENDRA H. CHITTE (SONI)
ADVOCATE & NOTARY
Office No.4 Second Floor, Sardar Patel Chambers, Opp. Gujrat Club & City Civil Court, Bhadra, Lal Darwaja, Ahmedabad-380001
(M) 9978919975

જાહેર નોટિસ

ગામ - ચિત્રાસર

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ખેડા, સબ ડીસ્ટ્રીકટ ખેડાના, ખેડા તાલુકાના મોજે ગામ ચિત્રાસરની સીમના બ્લોક/સર્વે નં.૫૪૪ ની કુલ ૧૧૫૩૪ ચો.મીટર પૈકી ખાતા નં.૬૬૧ ની ૫૭૬૭ ચો.મીટર ખેતીની જમીન (૧) તુષાર ડાહ્યાભાઈ તથા (૨) તેજસ ભીખાભાઈ પટેલનાઓએ તેમની સંયુક્તપણે, કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઇઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૦૩-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઇટ્સ પાસે, કઠવાડા જીઆઇડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી)ના સાબરમતી તાલુકાના મોજે પાલડી ગામની સીમના સર્વે નંબર-૯ના ટી.પી.સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૭ પૈકીની બિનખેતીની જમીન ઉપર આવેલ પુષ્કર રેસીડેન્સીના ફ્લેટ નંબર-બી/૨/૧૦૧ જે પહેલા માળે આવેલ ૪૫ સમચોરસમીટરના બાંધકામવાળી મિલકત (૧) કિશોર દલપતલાલ શાહના કુ.મુ. તરીકે નીતીનભાઈ મધુકરભાઈ પંડયા (૨) નીતીનભાઈ મધુકરભાઈ પંડયા એ પોતાની કુલ સંયુકત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસેથી સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત મિલકતમાં અન્ય કોઈપણ વ્યકિતનો, બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, બોજો, અલાખો કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ નીચેના સરનામે આધાર પુરાવા સાથે દિન-૧૦ માં રજીસ્ટર્ડ એ.ડી. થી કરવી. (આધાર પુરાવા વગર વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી.) જો તેમ કરવામાં નહી આવે તો ઉપરોકત મિલકતના માલિકની તરફેણમાં જતા 'વેઈવ' કરેલ છે, અને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી વેચાણ કરાવી લેવાની કાર્યવાહીઓ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

HEMAL P. SHAH
ADVOCATE
RIYA MOXESH SHAH
ADVOCATE
Office : A/1002. West Bank, Near Vallabh Sadan Riverfront, Opp. City Gold Cinema, Ashram Road, Ahmedabad, Gujarat-380009.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે કઠવાડાની સીમના રિ-સર્વે/બ્લોક નં.૫૨૨ (જુના સર્વે નં.૬૬૦) ના ટી.પી. સ્કીમ નં.૪૧૫ ના ફાઈનલ પ્લોટ નં.૧૧૨ ની ૨૭૧૧ ચો.મી., રિ-સર્વે/બ્લોક નં.૫૧૮ (જુના સર્વે નં.૬૬૨ પૈકી) ના ટી.પી. સ્કીમ નં.૪૧૫ ના ફાઈનલ પ્લોટ નં.૧૧૪ પૈકી ૨૫૨૦ ચો.મી., રિ-સર્વે/બ્લોક નં.૧૨૪૦ (જુના સર્વે નં.૬૬૨ પૈકી) ના ટી.પી. સ્કીમ નં.૪૧૫ ના ફાઈનલ પ્લોટ નં.૧૧૪ પૈકી ૧૫૩૪ ચો.મી. તથા રિ-સર્વે/બ્લોક નં.૫૧૫ (જુના સર્વે નં.૬૬૨ પૈકી) ની ૫૯૭૪ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૪૧૫ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૧૪ પૈકી ૩૫૮૦ ચો.મી. એમ મળી કુલ ૧૦૩૪૫ ચો.મી. પૈકી સબ પ્લોટ નં. (૧૧૨+૧૧૪)/૧ ની ૩૨૩૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીન મારુતીનંદન ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ કલીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી. ગ

ગરીમા ડી. જોશી, એડવોકેટ
ઓફિસ : ૨૧૧, અર્થ બિઝનેશ સેન્ટર, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦,
મો. ૯૯૨૪૩ ૫૯૦૬૬

જાહેર નોટિસ

ગામ - ચિત્રાસર

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ખેડા, સબ ડીસ્ટ્રીકટ ખેડાના, ખેડા તાલુકાના મોજે ગામ ચિત્રાસરની સીમના બ્લોક/સર્વે નં.૫૫૪ ની કુલ ૧૦૮૨૫ ચો.મીટર ખેતીની જમીન (૧) તેજસ ભીખાભાઈ પટેલ તથા (૨) તુષાર ડાહ્યાભાઈનાઓએ તેમની સંયુક્તપણે, કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઇઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૦૩-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઇટ્સ પાસે, કઠવાડા જીઆઇડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

ગુજરાત સમાચાર **ક્લાસિફાઈડ**
CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર
PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES
Call : 8799236001/2/3
ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

નોકરી વિષયક ટચુકડી જાહેરખબર

સેલ્સ માર્કેટીંગ — **સેલ્સમેન ગર્લ**
જોઈએ છે ફુડવેર શાઈનના અનુભવી સેલ્સ મેન/પ્રોફેશનના 9825066112

જનરલ
Required Marketing Manager for Dwarka, Gujarat. Mobile- 95459 79961

સ્ટાફ — **ઓફિસસ્ટાફ**
જોઈએ છે અનુભવી સ્ટાફ, બેંકિંગ અને બેક ઓફિસ વર્કના જાણકાર, લાયકાત- કોમ્પ્યુટર જ્ઞાન, એકાઉન્ટ વર્ક જરૂરી, પગાર લાયકાત મુજબ Call-Whatsapp- 7621865717

જોઈએ છે સ્ટાફ, ફક્ત પુરૂષ, ઉંમર વર્ષ- 18 વર્ષથી 38 વર્ષ, ઓફિસના પરચુરણ કામો, DLR કચેરીનાં કામો, મામલતદાર ઓફિસના કામો, કોર્ટના પરચુરણ કામ, ગુજરાતી ટાઈપીંગ જાણતા હોય તેવા તથા રેવન્યુના જાણકાર માણસો. સેલરી 15000થી 35000. બોપોટકા વોટ્સએપ કરો. ઓફિસ એરીયા થલતેજ, અમદાવાદ. સંપર્ક- 9723079200

પટાવાળો
જોઈએ છે પ્યુન. CAની ઓફિસ માટે. સીજી રોડ. 9898042774

સિક્યુરીટી ગાર્ડ
તાત્કાલિક જોઈએ છે. સિક્યુરિટી ગાર્ડ 24 કલાક સુધી, પગાર 20000/-, ગુજરાત, આસ્ટોડિયા, પાલનપુર. 9099058950

જનરલ
જોઈએ છે પ્રિન્ટીંગ પ્રેસ માટે Computer Operator Email, Job Card, Daily Schedule બનાવી શકે, MS Excel, Mail, Office Wordના જાણકાર અને 4 Colour Komori Printing Machine માટે Experienced Operator અને Feederman. Shahji Printers, Shahibaug. ફક્ત વોટ્સ એપ કરવો. 9601404284

મેડીકલ — **ડોક્ટર-નર્સ**
જોઈએ છે. અનુભવી BAMS ડોક્ટર વલસાડમાં પ્રાચીન સંસ્થાના મેડિકલ સેન્ટર માટે ઉપયુક્ત પગાર રહેવા જમવા સાથે. ashramgyana@gmail.com

જોઈએ છે ફીમેલ અનુભવી નર્સિંગ સ્ટાફ (ડે/ નાઈટ શિફ્ટ માટે), વાઈફ વાઈન હોસ્પિટલ, સાબોના તીલક- 1, વાડેમાતરમ આઈકોન, ગોતા માટે- 8780281198

ટેકનીકલ — **જનરલ**
જોઈએ છે. ITI વેલ્ડર, અનુભવીને પ્રાથમિકતા, પીપળજ, અમદાવાદ. મો. 9035027769

જનરલ — **કારીગર**
જોઈએ છે માણસ ગોડાઉનમાં કામ કરવા આંબાવાડી વિસ્તાર માટે, ઉંમર 40 વર્ષથી ઓછી. સંપર્ક 9429197851.

ગૃહ કાર્ય
જોઈએ છે મુંબઈમાં આશ્રમ માટે રસોઈયો અને ગૌશાળા માટે માણસ જોઈએ છે. રહેવાનું અને યોગ્ય પગાર મળશે. સંપર્ક:- 9137596277

વાંચકોને નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. - જાહેરખબર મેનેજર

પ્રાઈમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

પાલડી — **વેચવાનું છે**
વેચવાનો છે બંગલો 500 વારનો પ્લોટ 6 બેડરૂમ, Fully Furnished, Prime Location, પાલડી, 9904520322 (દલાલ માફ)

સેટેલાઈટ — **વેચવાનું છે**
વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વિશાલ રેસીડેન્સી, સેટેલાઈટ- 9913990089

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે flat 3 બેડરૂમ હોલ કિચન, Furnished, સેટેલાઈટ ફક્ત ફેમીલી જોકર 9714944233

બોપલ-ઘુમા — **જોઈએ છે**
જોઈએ છે ફ્લેટ 2/ 3 B H K, Aryan Gloria, સાઉથ બોપલ. 9725523063

એસજી હાઈવે-થલતેજ — **વેચવાનું છે**
વેચવાનો છે બંગલો પ્લોટ 202 વાર ગુલાબ ટાવર રોડ થલતેજ વિરેન્દ્રભાઈ 9825777920

વસ્ત્રાપુર-બોડકદેવ — **વેચવાનું છે**
For Sale Flat Pashmina, Near Rajpath Club, Bodakdev, 7452 Feet, 5 Bed. (Jayendra) 9825773243

નારણપુરા — **વેચવાનું છે**
વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ દેરાસર પાસે પંચવટી એપાર્ટમેન્ટ નારણપુરા વિરેન્દ્રભાઈ 9825777920

વાડજ — **ભાડે આપવાનું છે**
ભાડે આપવાનો છે. ફ્લેટ ફુલ્લી ફર્નીશ્ડ, 4/21, શ્રી રામપાર્ક એપાર્ટમેન્ટ, હીરાબાગ રોડ, નવા વાડજ. 9879790164

પ્રોપર્ટી જનરલ — **વેચવાનું છે**
વેચવાનો છે રેસીડેન્શીયલ પ્લોટ 200 વાર, સંખેશ્વર. 9978311138

વેચવાનો છે પ્લોટ, 854 વાર, પ્લોટ નં 178, Sona Exotica, દેત્રોજ, Mo.: 9265533076

વેચવાનો છે. બંગલો 4 B H K, રામેશ્વરસિટી ઓઢવ, 2 કાર પાર્કિંગ, કાલીન્દ્રા. 9898309704

વેચવાનો છે પ્લોટ 5000 વાર ડીસા પાટણ હાઈવે ડીસા 9898617989

ભાવળા-સાણંદ — **ભાડે આપવાનું છે**
તાત્કાલિક ભાડે આપવાની છે જગ્યા 4500 Square Feet માઈક્રોન સેમી કન્ડક્ટર પાસે, Gidc, સાણંદ 9427057494

ઓટોમોબાઈલ્સ ટચુકડી જાહેરખબર

મારુતિ — **વેચવાની છે**
તાત્કાલિક વેચવાની છે. Maruti Wagonr LXI 2007, ક્લાસિક કન્ડિશન. 9825440168

વ્યવસાયલક્ષી ટચુકડી જાહેરખબર

ફર્નિચર
તાત્કાલિક વેચવાનું છે ફર્નિચર, ઘરને લાયક, વિદેશ જવાનું હોવાથી, મો. 9879059587

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ ટચુકડી જાહેરખબર કરો... તમારું સપનું સાકાર... વ્યવસાયલક્ષી ટચુકડી જાહેરખબર

ભારતની સોનાની માંગ છ વર્ષના તળિયે ઉતરશે

વર્તમાન કેલેન્ડર વર્ષના અંતે ભારતની ગોલ્ડ માગ ઘટી છ વર્ષની નીચી સપાટીએ જોવા મળવાની શકયતા

મુંબઈ, તા. ૩ | જોવાઈ રહી છે. ઊંચા ભાવને કારણે જ્વેલરીનું વેચાણ નીચુ રહેતા અને ઈન્વેસ્ટમેન્ટ માગ ધીમી પડતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબ્લ્યુજીસી)ની આ ધારણાં આવી પડી છે.

ઊંચા ભાવ ઉપરાંત ચોમાસાની નબળાઈને પરિણામે જ્વેલરીના વેચાણ પર અસર: સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભારતની સોનાની આયાતમાં ઘટાડો નોંધાયો



ચીન બાદ વિશ્વમાં ગોલ્ડના સૌથી મોટા વપરાશકાર ભારતમાં ઈરાન યુદ્ધને કારણે ફુગાવો ઊંચે ગયો છે અને બીજી બાજુ વર્તમાન વર્ષમાં અલ નિનોની અસરથી ચોમાસુ નબળુ રહ્યું છે જેને પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં જ્વેલરીની માગ પર અસર જોવા મળી રહી છે.

વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં જ્વેલરી માગમાં ઘટાડો નોંધાયો છે જેને કારણે સંપૂર્ણ વર્ષ માટે સોનાની માગ ઘટી ૬૫૦ ટન આસપાસ રહેવાની વકી છે જે ૨૦૨૦ બાદ સૌથી નીચી હશે એમ કાઉન્સિલના ભારતીય કામકાજ માટેના ચીફ એક્ઝિકયૂટીવ સચીન જૈને એક નિવેદનમાં જણાવ્યુ હતું.

૨૦૨૦માં કોરોનાને કારણે વેપાર કામકાજ ખોરવાઈ જતા જ્વેલરી માગ ઘટી ગઈ હતી. વર્તમાન વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ગોલ્ડ માગ વાર્ષિક ધોરણે ૨૯ ટકા ઘટી ૧૬૨.૫૦ ટન રહી હતી. આ ગાળામાં જ્વેલરીની ખરીદી વીસ ટકા અને ઈન્વેસ્ટમેન્ટ માગ ૪૦ ટકા ઘટી હતી, જેને કારણે ગોલ્ડ માગ પર અસર પડી હતી.

દિવાળી તથા લગ્નસરાની મોસમને ધ્યાનમાં રાખતા ડિસેમ્બર ત્રિમાસિકમાં ગોલ્ડ માગમાં વધારો થવાની અપેક્ષા હોવાનું તેમણે જણાવ્યુ હતું.

ભારતમાં દશેરા તથા દિવાળીના તહેવારમાં સોનાની માગ નોંધપાત્ર ઊંચી રહેતી હોય છે. વર્તમાન વર્ષમાં દશેરા ઓકટોબર તથા દિવાળી નવેમ્બરમાં આવી છે. જો કે ઊંચા ભાવ ઉપરાંત નબળા ચોમાસાને કારણે ગ્રામ્ય વિસ્તારમાં સોનાની માગ તહેવારો દરમિયાન મર્યાદિત જોવાઈ રહી છે એમ રિપોર્ટમાં વધુમાં જણાવાયુ હતું.

ભારતની પચાસ ટકાથી વધુ સોનાની માગ ગ્રામ્ય વિસ્તારમાંથી રહે છે. ગોલ્ડ જ્વેલરીને ગ્રામ્ય વિસ્તારમાં સંપતિ તરીકે ખરીદીને જાળવવામાં આવે છે.

વર્તમાન વર્ષમાં ચોમાસુ એક દાયકાની નીચી સપાટીએ રહ્યું છે જેને પરિણામે કૃષિ ઉત્પાદન તથા ગ્રામ્ય આવક પર અસર પડી છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભારતની સોનાની આયાતમાં ઘટાડો નોંધાયો હતો.

વર્તમાન વર્ષના મેમાં સોના પરની આયાત ડયૂટીમાં વધારો કરાયા બાદ સત્તાવાર માર્ગે ગોલ્ડ આયાતમાં ઘટાડો થયો હતો. ગઈ દિવાળીમાં સોનામાં ઐતિહાસિક તેજી શરૂ થયા બાદ ભાવમાં સતત ઉછાળો જોવા મળ્યો છે.

વર્તમાન વર્ષના પ્રારંભમાં ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના ભાવ જે જીએસટી વગર રૂપિયા ૧,૩૩,૧૫૦ જેટલા હતા તે હાલમાં રૂપિયા ૧,૩૮,૧૧૦ આસપાસ બોલાઈ રહ્યા છે. વર્ષ દરમિયાન મુંબઈ સોનાનો ઊંચામાં ભાવ રૂપિયા ૧,૫૨,૧૩૦ આસપાસ જોવા મળ્યો હતો.

LTCG નાબુદ કરવામાં આવશે તો સરકારને આવકમાં ૩.૫૦,૦૦૦ કરોડની તૂટ પડશે

મુંબઈ, તા. ૩



લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેકસ નાબુદ કરાશે તો નાણાં વર્ષ ૨૦૨૮માં સરકારની તિજોરીને આવકમાં રૂપિયા ૪૦,૦૦૦થી રૂપિયા ૫૦,૦૦૦ કરોડની તૂટ પડવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

એસબીઆઈ રિસર્ચના એક અહેવાલ પ્રમાણે આવકમાં આ સૂચિત ઘટ દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી)ના ૦.૧-૦.૨ ટકા જેટલી થવા જાય છે અને તેને કારણે રાજકોષિય શિસ્તતા પર કોઈ પ્રતિકૂળ અસર નહીં પડે.

નાણાં વર્ષ ૨૦૨૬માં એલટીસીજીની વસૂલી રૂપિયા એક લાખ કરોડ રહ્યાનો અંદાજ છે અને વર્તમાન નાણાં વર્ષમાં તે ઘટી રૂપિયા ૪૦,૦૦૦થી રૂપિયા ૫૦,૦૦૦ કરોડ રહેવા ધારણાં છે.

નાણાં વર્ષ ૨૦૨૫માં એલટીસીજી ટેકસ મારફત સરકારને રૂપિયા ૧.૩૦ લાખ કરોડની આવક થઈ હતી. તેના આગલા વર્ષમાં ૩૦ ટકા જેટલુ વળતર પૂરુ પાડયુ હતું જેનો લાભ લઈ રોકાણકારોએ નફો કરી લીધો હતો.

જો કે છેલ્લા ત્રણ વર્ષથી નિફ્ટીનું વળતર નીચુ રહ્યું છે અને વિદેશી રોકાણકારોનો એકંદર આઉટફ્લો રૂપિયા ૪.૮૦ લાખ કરોડ રહ્યો હતો.

જો સરકાર સંપૂર્ણ એલટીસીજી ટેકસ નાબુદ કરશે તો પણ તે તેને સહન કરી શકશે એવું અમે માનીએ છીએ એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

રિટેલ રોકાણકારો માટે એલટીસીજીની મુક્તિ મર્યાદા જે રૂપિયા ૧.૨૫ લાખ છે તે વધારી રૂપિયા બે લાખ કરવા અને તેને ફુગાવા સાથે સાંકડી લેવા પણ ભલામણ કરવામાં આવી છે.લાંબા ગાળા સુધીના રોકાણ પર એટલે કે બેથી ત્રણ વર્ષ સુધીના રોકાણ પર ટેકસ દર ઘટાડી પાંચ ટકા કરવા પણ સૂચન કરાયું છે. હાલનો ૧૨.૫૦ ટકા વેરા દર એક થી બે વર્ષ સુધીના હોલ્ડિંગ પર જાળવી રાખવો જોઈએ.

એલટીસીજી ટેકસમાં સૂચિત ખોટને ભરપાઈ કરવા એસબીઆઈ રિસર્ચે સિક્યુરિટીઝ ટ્રાન્ઝકશન ટેકસ (એસટીટી)માં ૫૦ ટકા વધારો કરવા પણ અનુરોધ કર્યો છે. આને કારણે આવકમાં રૂપિયા ૪૫૦૦૦ કરોડ જેટલો વધારો થવા સંભવ છે.

રાજકોષિય શિસ્તતા પર પ્રતિકૂળ અસર નહીં પડવાનો એસબીઆઈ રિસર્ચનો દાવો

હેલ્થકેર ક્ષેત્રમાં PE/VC ફંડિંગમાં ૬૨૧ ટકાનો થયેલો તોતિંગ વધારો

અમદાવાદ, તા. ૩

ભારતના હેલ્થકેર ક્ષેત્રમાં પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) અને વેન્ચર કેપિટલ (વીસી) રોકાણ FY૨૭ના બીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૬૨૧% વધીને ૩.૧ બિલિયન ડોલર પર પહોંચી ગયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પછી આવા રોકાણો માટે હેલ્થકેર બીજું સૌથી મોટું ક્ષેત્ર હતું.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પછી રોકાણો માટે હેલ્થકેર બીજું મોટું ક્ષેત્ર



આ રોકાણ અગાઉના ક્વાર્ટર કરતાં લગભગ ૧૦ ગણું વધારે હતું તેમ ઈવાય અને ઈન્ડિયન પ્રાઈવેટ ઈક્વિટી એન્ડ વેન્ચર કેપિટલ એસોસિયેશનના અહેવાલમાં જણાવાયું હતું. સમગ્ર પીઈ/વીસી રોકાણો માટે સપ્ટેમ્બર આ વર્ષનો સૌથી મજબૂત મહિનો રહ્યો હતો.

સૂચિત સમયમાં રોકાણ મૂલ્યમાં વધારા સાથે ડીલ્સની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો હતો. અગાઉના ક્વાર્ટરના ૧૯ સોદાઓની સરખામણીએ બીજા ક્વાર્ટરમાં આ ક્ષેત્રમાં ૨૮ સોદા નોંધાયા હતા.

માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ આ ક્ષેત્રે ૧.૧ બિલિયન ડોલરનું રોકાણ આકર્ષિત કર્યું હતું, જે ગત વર્ષના સમાન સમયગાળા કરતાં ૪૬૫% વધુ છે. જુલાઈમાં ૬ અને ઓગસ્ટમાં ૮ સોદાની સામે સપ્ટેમ્બરમાં ૧૧ સોદા નોંધાયા હતા.

ક્વાર્ટર દરમિયાન સૌથી મોટા રોકાણો હોસ્પિટલ ચેઈન્સ અને અન્ય હેલ્થકેર કંપનીઓમાં થયા હતા.

આ ક્વાર્ટર દરમિયાન મોટાભાગનું રોકાણ હોસ્પિટલ ચેઈન્સ અને અન્ય હેલ્થકેર કંપનીઓમાં ગયું હતું.

અહેવાલમાં એ પણ જણાવાયું છે કે ક્વાર્ટર દરમિયાન હેલ્થકેર ક્ષેત્રે ૧.૪ બિલિયન ડોલરના એક્ઝિટ્સ (રોકાણ પાછું ખેંચવું) પણ નોંધાયા હતા. ક્ષેત્રવાર એક્ઝિટ્સમાં ફાઈનાન્સિયલ સર્વિસિસ (૨.૮ બિલિયન ડોલર) અને ઈ-કોમર્સ (૨ બિલિયન ડોલર) પછી હેલ્થકેર ત્રીજા ક્રમે રહ્યું હતું.

તમામ ક્ષેત્રોની વાત કરીએ તો, પીઈ/વીસી રોકાણો આ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૬% વધીને ૧૭.૧ બિલિયન ડોલર થયા હતા. જોકે કુલ ડીલ્સની સંખ્યા ૯% ઘટીને ૩૪૮ થઈ હતી, જે દર્શાવે છે કે કુલ રોકાણમાં થયેલો વધારો મોટા વ્યવહારો (લાર્જર ટ્રાન્ઝેકશન્સ) ને કારણે હતો. અહેવાલ અનુસાર, ૧૩ બિલિયન ડોલરની કિંમતના ૩૬ મોટા સોદાઓ ક્વાર્ટરના કુલ રોકાણના ૭૬% હિસ્સો ધરાવતા હતા.

અહેવાલ દર્શાવે છે કે આ વર્ષે સમગ્ર પીઈ/વીસી રોકાણો માટે સપ્ટેમ્બર સૌથી મજબૂત મહિનો હતો. જોકે, મોંઘવારી અને કૂડ ઓઈલના ઊંચા ભાવો વચ્ચે રોકાણકારો આગામી મહિનાઓમાં વધુ સાવચેત બની શકે છે.

મેમાં ડયૂટીમાં વધારા બાદ સોનાની દાણચોરીમાં ૧૫૦૦ ટકા વધારો

મુંબઈ, તા. ૩

ભારત સરકાર દ્વારા સોના પર ઊંચી આયાત ડયૂટી લાગુ કરવાને પરિણામે વર્તમાન વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં દેશમાં સોનાની દાણચોરી ૨૦૨૩ બાદ સૌથી ઊંચી સપાટીએ જોવા મળી છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સોનાની દાણચોરીમાં ૧૫૦૦ ટકા વધારો થયો છે.

૨૦૨૩ બાદ ગેરકાયદે સોનુ ઘુસાડવાનો આંક ઊંચો

ગયા વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૩ ટનની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં દેશમાં ગેરકાયદે રીતે સોનુ ઘુસાડવાની માત્રા ૧૫૦૦ ટકા વધી ૫૦ ટન રહ્યાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબ્લ્યુજીસી)ના એક રિપોર્ટમાં જણાવાયુ હતું.

વર્તમાન વર્ષના મેમાં સરકારે સોનાની આયાત ડયૂટી બમણાથી પણ વધુ વધારી ૧૫ ટકા કરી હતી. આયાતી સોના પર એકંદર ડયૂટી ૧૮ ટકાથી પણ જેટલીપહોંચી ગઈ હતી.

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વિશ્વની કેન્દ્રીય બેન્કો દ્વારા ૩૨૧ ટન સોનાની ખરીદી

મુંબઈ, તા. ૩

ઊંચા ભાવ વચ્ચે પણ વિશ્વની કેન્દ્રીય બેન્કો દ્વારા સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સોનાની ખરીદી ૨૦૨૪ના અંત બાદ સૌથી ઊંચી જોવા મળી છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વિશ્વની કેન્દ્રીય બેન્કોએ નેટ ૩૨૧ ટન સોનાની ખરીદી કરી હતી એમ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબ્લ્યુજીસી)ના રિપોર્ટમાં જણાવાયુ હતું.

વર્ષના પ્રારંભમાં ધીમી ગતિએ ખરીદી શરૂ કર્યા બાદ સંપૂર્ણ વર્ષમાં અત્યારસુધીમાં કેન્દ્રીય બેન્કોની ગોલ્ડ ખરીદીનો આંક ૬૭૫ ટન પહોંચી ગયો છે. વપરાશકારો તરફથી મંદ માગ વચ્ચે કેન્દ્રીય બેન્કોની ઊંચી ખરીદીને પરિણામે સોનાના વૈશ્વિક ભાવને ટેકો મળી રહ્યો છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા બાદ સોનાના વૈશ્વિક ભાવમાં ૨૫ ટકા ઘટાડો નોંધાયો છે.

પીલાણ સિઝનના પ્રથમ જ મહિનામાં ૮.૪૫ લાખ ટન ખાંડનું વિક્રમી ઉત્પાદન

મુંબઈ, તા. ૩

૨૦૨૬-૨૭ની ઓકટોબરથી સપ્ટેમ્બરની પીલાણ મોસમના પ્રથમ જ મહિનામાં દેશમાં ૮.૪૫ લાખ ટન ખાંડનું વિક્રમી ઉત્પાદન થયું છે. આમાંથી ૭.૨૦ લાખ ટન ખાંડ એકલા મહારાષ્ટ્રની મિલો દ્વારા જ કરવામાં આવી હોવાનું નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેકટરીઝ દ્વારા જણાવાયુ હતું.

ખાંડનો પૂરવઠો વધારવા મિલો દ્વારા પીલાણ કામગીરી ઝડપી બનાવાઈ



ગયા વર્ષના ઓકટોબરમાં માત્ર એક લાખ ટન જ ખાંડ ઉત્પન્ન થઈ હતી. વર્તમાન વર્ષના ૧લી ઓકટોબરે ખાંડ મિલો પાસે ૩૬ લાખ ટન ઓપનિંગ સ્ટોક હતો. તેમાંથી સરકારે ઓકટોબર માટે કુલ ૨૭ લાખ ટન ખાંડ કવોટા છૂટો કર્યો હતો.

ગયા વર્ષના ઓકટોબરમાં ૩૧ મિલોએ શેરડીની પીલાણ કામગીરી શરૂ કરી હતી જ્યારે વર્તમાન વર્ષમાં ૧૫૨ મિલોએ પીલાણ કામગીરી શરૂ કરી દીધી છે અને બાકીની મિલો ટૂંક સમયમાં કામગીરી શરૂ કરશે.

સરકારના અનુરોધને ધ્યાનમાં રાખી મિલોએ આ વર્ષે પીલાણ કામગીરી વહેલી શરૂ કરી દીધી છે. દેશમાં ખાંડના ઊંચા ભાવને ધ્યાનમાં રાખી તહેવારો દરમિયાન પૂરવઠો વધારી ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકારે પીલાણ કામગીરી વહેલી શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન નવેમ્બરના પ્રથમ પખવાડિયા માટે સરકારે મિલોને ૧૩ લાખ ટન ખાંડ કવોટાની ફાળવણી કરવામાં આવી છે.

નવા નિયમ પ્રમાણે દરેક મિલોએ તેમને ફાળવાયેલા પખવાડિક કવોટામાંથી ઓછામાં ઓછી ૪૦ ટકા ખાંડ પખવાડિયાના પ્રથમ સપ્તાહમાં અને બાકીની ખાંડ બીજા સપ્તાહમાં વેચી દેવાની રહેશે.

દર પખવાડિયે કવોટા જારી કરવાથી ખાંડની સંગ્રહખોરી અટકાવવામાં મદદ મળશે એમ અન્ન મંત્રાલયના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં દેશનું ખાંડ ઉત્પાદન નીચુ ઊતરવાની ધારણાં રાખવામાં આવી રહી છે.

vijay sales
Trust Matters
www.vijaysales.com


NOW OPEN AT
ISANPUR
A-6/1, Grd & 1st Floor Radhe Kishan Business Park, Near Narol Circle, Narol-Naroda Road, Isanpur, Ahmedabad, Gujarat - 382443





PRICE ₹74,690
EFFECTIVE PRICE ₹48,990*
FINAL PRICE ₹ 39,991
ZERO DOWN PAYMENT | EMI ₹6,374 x 8 Months


BAJAJ FINANCE CASHBACK UP TO ₹20,000* | HDB FINANCIAL SERVICES CASHBACK UP TO ₹31,000* | IDFC FIRST Bank CASHBACK UP TO ₹45,000*




PRICE ₹17,990
OFFER PRICE ₹ 8,990




PRICE ₹20,990
OFFER PRICE ₹13,500*
FINAL PRICE ₹ 12,000



PRICE ₹43,190
EFFECTIVE PRICE ₹28,490*
FINAL PRICE ₹ 23,541



PRICE ₹95,990
EFFECTIVE PRICE ₹40,490*
FINAL PRICE ₹ 32,341
ZERO DOWN PAYMENT | EMI ₹5,249 x 8 Months



PRICE ₹99,990
EFFECTIVE PRICE ₹41,490*
FINAL PRICE ₹ 33,241
ZERO DOWN PAYMENT | EMI ₹5,374 x 8 Months



PRICE ₹18,9990
EFFECTIVE PRICE ₹81,490*
FINAL PRICE ₹ 68,241
ZERO DOWN PAYMENT | EMI ₹10,541 x 8 Months

HDFC BANK INSTANT DISCOUNT UP TO ₹15,000* | SBI card INSTANT DISCOUNT UP TO ₹15,000* ON CREDIT CARDS EMI TRANSACTIONS | ICICI Bank INSTANT DISCOUNT UP TO ₹15,000* ON CREDIT CARDS EMI TRANSACTIONS
UP TO ₹20,000/- INSTANT DISCOUNT ON CREDIT CARD / DEBIT CARD
HSBC | Bajaj Finserv | IDFC FIRST Bank | Federal Bank | YES BANK
& UP TO ₹45,000/- CASHBACK ON PAPER FINANCE | HDB FINANCIAL SERVICES

VIJAY SALES (INDIA) PVT. LTD.
MUMBAI | PUNE | AHMEDABAD | SURAT | GANDHINAGAR | VADODARA | DELHI | GURUGRAM | NOIDA | INDIRAPURAM | FARIDABAD | GHAZIABAD | HYDERABAD | WARANGAL | ANDHRA PRADESH | BENGALURU
AHMEDABAD - Ashram Road: Ratna Business Square, Old Natraj Cinema, Opp. H.K. College, Ashram Road, Ahmedabad | Mani Nagar: Char Rasta, Krishna Baug | Dev Arc: Iskon Cross Road, S.G.Road | R3 Mall: Opp. Manav Mandir Drive In Road | Chandkheda Road: Near DNSC Complex, Mahesana Road | Krishna Nagar: Maruti Plaza, Opp. Vijay Park, BRTS Bus Stop | Shahi Baug: Near Namaste Circle, Indian Textile Plaza, Jahangir Mill Compound | Odhav: Opp. Hotel Safari, Next To Girnar Pride, S.P. Ring Road | Rakhial: Near Ajit Mill, AMTS Bus Stop, Opp. Yash Plaza, Rakhial Road | Vishala: Vishala Circle, Narol-Sarkhej Road
NOW OPEN - Gandhinagar: Swagat twin city high street, Opp. Dmart, Sargasan, Gandhinagar | Bopal: Aarya Edge, Opp Sterling City, BRTS Bus Stop, Nr. SBI Bank, Ghuma Rd, Bopal, Ahmedabad
SCAN FOR STORES | Scan to Shop Online
*Conditions apply. This offer includes all other discounts also. No other offer can be clubbed with this offer. Images shown are for illustrative purpose only. Offer till stocks last. Finance offer applicable at the sole discretion of Financier. #Processing Fees and other charges is applicable as per Financier. Offer is based on minimum transactions slabs defined by Financer. Convenience fees may be charged by the respective financer. Kindly speak to our store sales staff for the "Terms and Conditions" of all the bank offers, and for the respective Instant Discount/Cashback amounts applicable on each Bank. ^Cashback Applicable on Select Banks & Cards. Up to off on select brands and models only.

વિદેશી ફંડો માટે લાલજાજમની તૈયારી વચ્ચે સતત ચોથા દિવસે તેજી

FMCG, ઓટો, બેંકિંગ શેરોમાં ફંડોની તેજી : સેન્સેક્સ ૧૨૨૫ પોઈન્ટ ઉછળીને ૭૬૯૧૮

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

વિદેશી રોકાણકારો માટે ભારતમાં રોકાણ પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) નાબૂદ કરવા માટે જાણે સરકારે મન બનાવી લીધું હોય એમ મૂડી બજાર નિયામક તંત્રની ભલામણ બાદ હવે નાણા પ્રધાનના પણ સંકેતે ફોરેન ઈન્વેસ્ટરો માટે લાલજાજમ બિછાવવાની તૈયારીના અહેવાલે શેરોમાં આજે સતત બીજા દિવસે તોફાની તેજી સાથે સળંગ ચોથા દિવસે સુધારો નોંધાયો હતો. શેરોમાં તેજીની આગેવાની આજે એફએમસીજી શેરો, ઓટોમોબાઈલ, બેંકિંગ, હેલ્થકેર શેરોએ લીધી હતી. અમેરિકામાં મધ્યાવર્તી ચૂંટણી યોજાતા પૂર્વે ઈરાનના મહત્વના દ્વિપ પર અમેરિકાએ મોટા હુમલા કરતાં વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ ઘટતાં અટકી આજે એકથી દોઢ ટકો વધી આવતાં અને અને યુરોપ, એશીયાના દેશોના બજારોમાં પણ તાઈવાનમાં કડાકા સાથે અન્ય બજારોમાં પણ નરમાઈથી વિપરીત ભારતીય શેર બજારોમાં ફંડોએ કોર્પોરેટ પરિણામો અને ટેક્ષ રાહતની અપેક્ષાએ તેજીનું તોફાન ચાલુ રાખ્યું હતું. સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ ફંડો, ખેલંદાઓએ વ્યાપક તેજી કરી હતી. સેન્સેક્સ ૧૨૨૫.૦૭ પોઈન્ટ ઉછળીને ૭૬૯૧૭.૮૫ અને નિફટી ૫૦ સ્પોટ ૩૭૦.૦૫ પોઈન્ટની છલાંગે ૨૩૮૧૦.૮૫ બંધ રહ્યો હતો.

એફએમસીજી શેરોમાં કેઆરબીએલ રૂ.૩૮, મેરિકો રૂ.૭૫, નેસ્લે રૂ.૫૩, બલરામપુર રૂ.૫૪ ઉછળ્યા

એફએમસીજી શેરોમાં આજે ફંડોએ નેસ્લે ઈન્ડિયાની આગેવાનીએ તોફાની તેજી કરી હતી. દેશમાં અલનીનોની અસર દુષ્કાળની સ્થિતિ સર્જાઈ રહી હોઈ અન્ન મોંઘવારીમાં ધરખમ વધારા સાથે સ્ટોક કરનાર એફએમસીજી કંપનીઓને ફાયદો થવાની અપેક્ષાએ ફંડોએ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. કેઆરબીએલ રૂ.૩૮.૧૫ ઉછળીને રૂ.૪૦૦.૯૫, મેરિકો રૂ.૭૫.૩૦ વધીને રૂ.૮૭૩.૨૦, બલરામપુર ચીની રૂ.૫૪.૬૦ ઉછળીને રૂ.૬૫૪.૪૫, બ્રિટાનીયા રૂ.૨૬૭.૮૫ વધીને રૂ.૪૯૧૫.૮૦, ટાટા કન્ઝયુમર રૂ.૪૫.૮૦ વધીને રૂ.૧૦૭૦.૮૦, નેસ્લે ઈન્ડિયા રૂ.૫૩ વધીને રૂ.૧૨૪૫, હિન્દુસ્તાન યુનિલિવર રૂ.૭૮.૮૫ વધીને રૂ.૧૯૭૫, ગોદરેજ એગ્રો રૂ.૨૭.૧૫ વધીને રૂ.૫૮૪.૪૦, મગધ સુગર રૂ.૧૮.૮૦ વધીને રૂ.૫૩૫.૨૦, કોલગેટ પામોલિવ રૂ.૫૮.૪૫ વધીને રૂ.૧૬૩૧.૯૫ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૫૬૦.૧૪ પોઈન્ટ ઉછળીને ૧૭૧૨૫.૩૫ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં તેજી : બોશ રૂ.૧૮૦૪, બાલક્રિષ્ન રૂ.૭૬, આઈશર રૂ.૨૨૫, હીરો રૂ.૧૩૬ વધ્યા

તહેવારોની સીઝનમાં છેલ્લી ઘડીમાં વાહનોની ખરીદી વધવા લાગી હોવાના અહેવાલોએ આજે ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં ફંડોએ મોટી ખરીદી કરી હતી. બોશ રૂ.૧૮૦૩.૩૫ વધીને રૂ.૪૯,૭૦૦, બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૭૬.૧૫ વધીને રૂ.૨૧૯૩.૦૫, આઈશર મોટર્સ રૂ.૨૨૫ વધીને રૂ.૭૪૨૫, હીરો મોટોકોર્પ રૂ.૧૩૫.૯૦ વધીને રૂ.૫૩૧૦.૯૦, એક્સાઈડ રૂ.૮.૮૦ વધીને રૂ.૩૪૬.૩૫, હ્યુન્ડાઈ ઈન્ડિયા મોટર રૂ.૪૩.૨૦ વધીને રૂ.૨૦૨૮.૨૦, બજાજ ઓટો રૂ.૧૯૦.૯૦ વધીને રૂ.૧૦,૫૬૦, ટીવીએસ મોટર રૂ.૮૦.૪૫ વધીને રૂ.૪૨૮૫.૮૫, મારૂતી સુઝુકી રૂ.૨૦૯ વધીને રૂ.૧૧,૮૬૯ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૯૩૦.૬૬ પોઈન્ટની છલાંગે ૫૭૫૩૦.૨૨ બંધ રહ્યો હતો.

સ્મોલ, મિડ કેપ શેરોમાં ખરીદીનું આકર્ષણ જળવાયું : માર્કેટબ્રેડ્થ પોઝિટીવ : ૨૪૫૯ શેરો પોઝિટીવ બંધ

સ્મોલ, મિડ કેપ શેરો સાથે એ ગ્રુપના શેરોમાં ખરીદીનું આકર્ષણ જળવાઈ રહેતાં માર્કેટબ્રેડથ સતત પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૦૯ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૪૫૯ અને ઘટનારની સંખ્યા ૧૯૨૮ રહી હતી.

સ્ટેટ બેંકનો નફો અપેક્ષાથી ઓછો૧૪ ટકા વધતાં શેર ઘટ્યો : એચડીએફસી બેંક, ઈન્ડસઈન્ડ બેંક વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે બેંકોના પરિણામોની સાથે પસંદગીની મોટી ખરીદી કરી હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ત્રિમાસિક ચોખ્ખો નફો અપેક્ષાથી ઓછો ૧૪ ટકા વધીને રૂ.૨૩,૦૩૮ કરોડ થતાં શેરમાં વેચવાલીએ રૂ.૧૭.૪૫ ઘટીને રૂ.૯૬૯.૫૫ રહ્યો હતો. એચડીએફસી બેંક રૂ.૨૫.૩૦ વધીને રૂ.૭૨૪.૮૦, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૩.૬૫ વધીને રૂ.૮૬૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૩૮.૭૫ વધીને રૂ.૧૪૨૪, એક્સિસ બેંક રૂ.૨૨ વધીને રૂ.૧૨૩૧ રહ્યા હતા. જ્યારે પીએનબી રૂ.૨.૮૦ ઘટીને રૂ.૧૨૦.૩૫, યુનિયન બેંક રૂ.૨.૯૫ ઘટીને રૂ.૧૮૩, એયુ બેંક રૂ.૮.૨૦ ઘટીને રૂ.૮૮૦.૯૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૬૮૧.૯૫ પોઈન્ટ વધીને ૬૨૪૨૬.૩૬ બંધ રહ્યો હતો.

ફાર્મા શેરોમાં જળવાયેલું આકર્ષણ : કોન્કોર્ડ, એમ્ક્યોર, કોરોના, ફાઈઝર, અકુમ્સ, બ્લિસ જીવીએસ ઉછળ્યા

હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓના શેરોમાં પણ ફંડોનું ખરીદીનું આકર્ષણ જળવાયું હતું. કોન્કોર્ડ બાયો રૂ.૬૫.૯૦ વધીને રૂ.૧૨૨૯.૮૫, એમ્ક્યોર રૂ.૧૦૦.૦૫ ઉછળીને રૂ.૧૯૮૨.૫૫, કોરોના રૂ.૧૦૨.૮૫ વધીને રૂ.૨૨૭૪.૩૦, ફાઈઝર રૂ.૧૫૯.૧૦ વધીને રૂ.૩૭૯૭, અકુમ્સ રૂ.૨૮.૫૦ વધીને રૂ.૭૬૦, બ્લિસ જીવીએસ રૂ.૨૧.૨૫ વધીને રૂ.૬૩૭.૯૦, આરતી ફાર્મા રૂ.૨૯.૭૦ વધીને રૂ.૯૧૯.૬૦, ફોર્ટિસ હેલ્થ રૂ.૨૪.૫૦ વધીને રૂ.૭૮૪.૫૦, ગ્લેન્ડ રૂ.૯૩.૯૦ વધીને રૂ.૩૧૬૦.૨૫ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૩૦૩.૨૦ પોઈન્ટ વધીને ૫૦૫૭૬.૬૧ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૯૮૯ ઉછળ્યો : એશીયન પેઈન્ટ રૂ.૮૩, હવેલ્સ રૂ.૨૭, ટાઈટન રૂ.૮૫ ઉછળ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પણ ફંડોએ તહેવારોની હોમ એપ્લાયન્સિસ, જવેલરીની માંગ વધવાની અપેક્ષાએ ફંડોએ સતત મોટી ખરીદી કરી હતી. એશીયન પેઈન્ટ રૂ.૮૩ વધીને રૂ.૨૪૩૧, હવેલ્સ ઈન્ડિયા રૂ.૨૭.૪૦ વધીને રૂ.૧૦૫૧.૫૦, બર્જર પેઈન્ટ રૂ.૧૦.૭૫ વધીને રૂ.૪૭૯.૪૫, ટાઈટન કંપની રૂ.૮૪.૯૦ વધીને રૂ.૪૫૫૫ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૯૮૯.૧૦ પોઈન્ટ ઉછળીને ૫૭૮૩૫.૭૯ બંધ રહ્યો હતો.

નિફટી સ્પોટ ૩૭૦ પોઈન્ટની છલાંગે ૨૩૮૧૧ : FPIs/FIIની કેશમાં રૂ.૬૮૩૭ કરોડની ચોખ્ખી ખરીદી

એમસીએક્સ રૂ.૨૫૩, એન્જલ વન રૂ.૨૧, એજીસ લોજિસ્ટિક રૂ.૭૯, રેમન્ડ રૂ.૫૦, અશાહી રૂ.૫૦ વધ્યા

એ ગ્રુપના અન્ય પ્રમુખ વધનાર શેરોમાં એમસીએક્સ રૂ.૨૫૩ વધીને રૂ.૩૪૯૩, એન્જલ વન રૂ.૨૧.૪૫ વધીને રૂ.૩૧૦.૯૫, એજીસ લોજિસ્ટિક રૂ.૭૯.૨૫ વધીને રૂ.૧૧૮૦.૨૫, લોઢા ડેવલપર્સ રૂ.૫૩.૯૦ વધીને રૂ.૧૦૫૫, ગરવારે હાઈટેક રૂ.૪૩૬ વધીને રૂ.૭૩૯૬.૪૫, ૩૬૦વન રૂ.૫૨.૨૦ વધીને રૂ.૧૦૬૩.૨૦, અશાહી ઈન્ડિયા રૂ.૫૦.૧૦ વધીને રૂ.૯૯૦.૬૦, રેમન્ડ રૂ.૫૦ વધીને રૂ.૧૧૭૩.૦૫, પ્રેસ્ટિજ રૂ.૬૨.૨૦ વધીને રૂ.૧૫૩૫ રહ્યા હતા.

FPIs/FIIની કેશમાં રૂ.૬૮૩૭ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની શેરોમાં રૂ.૩૬૭૯ કરોડની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે મંગળવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૬૮૩૬.૮૧ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૨૦,૯૭૦.૫૧ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૪,૧૩૩.૭૦ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૩૬૭૮.૮૫ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી. કુલ રૂ.૧૬,૭૨૩.૯૧ કરોડની ખરીદી સામે કુલ રૂ.૨૦,૪૦૨.૭૬ કરોડની વેચવાલી કરી હતી.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪.૫૦ લાખ કરોડ વધીને રૂ.૪૮૬.૭૯ લાખ કરોડ

શેરોમાં સતત બીજા દિવસે ફંડોએ સેન્સેક્સ, નિફટી ઈન્ડેક્સ બેઝડ તોફાની તેજી કર્યા સાથે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં ખરીદી જળવાઈ રહેતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૪.૫૦ લાખ કરોડ વધીને રૂ.૪૮૬.૭૯ લાખ કરોડ રહ્યું હતું.

એઆઈ ચિંતા અને યુ.એસના બજારોમાં ધોવાણે તાઈવાન ૧૬૧૨ પોઈન્ટ તૂટ્યો : કોસ્પી, નિક્કી ઘટ્યા

વૈશ્વિક શેર બજારોમાં આજે એશિયા-પેસેફિક દેશોના બજારોમાં ધોવાણ થવા સાથે યુરોપના બજારોમાં પણ આરંભમાં નરમાઈ રહી હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈ ક્ષેત્રે વધતી ચિંતા અને અમેરિકાના બજારોમાં આઈટી શેરોમાં કડાકાના કારણે આજે તાઈવાનના બજારમાં કડાકો બોલાઈ જઈ તાઈવાન વેઈટેજ ૧૬૧૨ પોઈન્ટ તૂટ્યો હતો. જાપાનનો નિક્કી ઈન્ડેક્સ ૨૦૮ પોઈન્ટનો ઘટાડો, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨૧૦ પોઈન્ટ ઘટ્યો હતો. યુરોપના દેશોના બજારોમાં આરંભિક નરમાઈ બાદ સાંજે રિકવરી જોવાઈ હતી.

વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓમાં બેતરફી ઉછળકૂદ

ચાંદીમાં વધુ રૂ.૩૦૦૦ તૂટ્યાઃ સોનામાં બેતરફી ચાલઃ ક્રૂડમાં ફરી તેજી આવી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ખુલ્યા પછી નીચા ઉતર્યા હતા. જ્યારે ચાંદીમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારના સમાચાર ભાવમાં બેતરફી ઉછળકૂદ બતાવતા હતા. ક્રૂડતેલના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. અમેરિકાએ ઈરાનના આઈલેન્ડ પર હુમલો કર્યાના સમાચાર હતા. આના પગલે યુદ્ધ વિરામ માટે ચાલી રહેલી વાટાઘાટોમાં રૂકાવટની ભીતિ સર્જાઈ હતી. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ટકેલા રહ્યા હતા.

અમેરિકાએ ઈરાનના આઈલેન્ડ પર હુમલો કરતાં યુદ્ધ વિરામની વાટાઘાટો સામે સર્જાયેલો પ્રશ્નાર્થઃ પ્લેટીનમમાં પીછેહટ

અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૩૦૦૦ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ઉંચામાં ૫૦.૮૭ ડોલર તથા નીચામાં ૪૮.૬૧ ડોલર થઈ ૪૯.૦૨થી ૪૯.૦૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ચાંદીના ભાવ તૂટી આજે કિલોદીઠ રૂ.૧૮૧૦૦૦ બોલાયા હતા. અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ ૯૯૫ના રૂ.૧૪૧૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૨૦૦૦ બોલાયા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર ૯૯૫ના ભાવ રૂ.૧૩૭૫૬૫ ખુલી રૂ.૧૩૭ ૦૨૫ બધ રહ્યા હતા. જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૩૮૧૧૮ ખુલી રૂ.૧૩૭૫૭૬ બંધ રહ્યા હતા. મુંબઈ બજારમાં પાછલા બંધ ભાવ કરતાં આજે સોનાના બંધ ભાવ એકંદરે રૂ.૫૦ પ્લસમાં રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર રૂ.૩૫૦૦ તૂટી રૂ.૧૭૬૪૨૫ બંધ રહ્યા હતા. ભાવ રૂ.૧૭૭૩૦૦ ખુલી રૂ.૧૭ ૬૪૨૫ બંધ રહ્યા હતા. મુંબઈ બજારમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦ ઘટી રૂ.૫૫૧૩૩ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ઉંચામાં ૧૪૫૯ ડોલર તથા નીચામાં ૧૪૧૭ ડોલર થઈ ૧૪૨૫થી ૧૪૨૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પેલેડીયમના ભાવ ઉંચામાં ૯૭૭ તથા નીચામાં ૯૩૭ ડોલર થઈ ૯૪૩થી ૯૪૪ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૩.૦૯ ટકા માઈનસમાં રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં ૧૦૪.૨૭ થયા પછી ભાવ વધી ૧૦૬.૪૨ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૯૬.૧૨ થઈ ૯૮.૪૬ ડોલર રહ્યા હતા. અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીઓ પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતાં તેની ઈમ્પેક્ટ પણ ઝવેરી બજાર પર દેખાઈ હતી.

SBIનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૧૪ ટકા વધીને રૂ.૨૩,૦૩૮ કરોડ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) દ્વારા ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિકના એકંદર અપેક્ષાથી સાધારણ પરિણામ જાહેર કરાયા છે. બેંક દ્વારા જોગવાઈ ઓછી કરવામાં આવતાં સ્ટેન્ડેએલોન ધોરણે બેંકનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૨૦,૧૬૦ કરોડની તુલનાએ ૧૪.૩ ટકા વધીને રૂ.૨૩,૦૩૮ કરોડ થયો છે.

ડૂબત લોન પેટે જોગવાઈ રૂ.૪૧૩૨ કરોડની તુલનાએ ઘટીને રૂ.૨૭૫૯ કરોડ કરાઈ

જ્યારે ચોખ્ખી વ્યાજ આવક ગત વર્ષના સમાનગાળાના રૂ.૪૨,૮૪૭ કરોડની તુલનાએ ૧૪.૭ ટકા વધીને રૂ.૪૯,૧૪૩ કરોડ થઈ છે. બેંકનો ઓપરેટીંગ નફો ૧.૪ ટકા ઘટીને રૂ.૨૬,૯૩૭ કરોડ થયો છે. બેંક દ્વારા ત્રિમાસિકમાં અસાધારણ અન્ય લાભ રૂ.૭૨૮૯ કરોડ દર્શાવાયો છે. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ.૪૫૯૩ કરોડ થયો હતો. બેંકની ડૂબત લોન રૂ.૪૭૫૪ કરોડની તુલનાએ આ વખતે વધીને રૂ.૫૨૨૭ કરોડ રહી છે. નેટ એનપીએ ૦.૪૨ ટકાથી ઘટીને ૦.૩૬ ટકા થઈ છે.

બેંક દ્વારા ડૂબત લોન માટે જોગવાઈ રૂ.૪૧૩૨ કરોડની તુલનાએ આ વખતે ઓછી રૂ.૨૭૫૯ કરોડ કરી છે. કોન્સોલિડેટેડ ધોરણે એસબીઆઈ ગ્રુપનો ચોખ્ખો નફો ૨૦ ટકા વધીને રૂ.૨૫,૩૬૧ કરોડ અને કુલ આવક રૂ.૧,૭૫,૮૯૮ કરોડની તુલનાએ વધીને રૂ.૧,૮૭,૭૫૬ કરોડ થયા છે.

NSEનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૨૩% વધીને રૂ.૨૫૭૮ કરોડ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩

દેશના સૌથી મોટા એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (એનએસઈ) લિમિટેડે ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિકના પ્રોત્સાહક પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૨૦૯૮ કરોડની તુલનાએ ૨૩ ટકા વધીને રૂ.૨૫૭૮ કરોડ થયો છે.

સબસીડિયરી નેશનલ કોલ એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાં ૪૦% સુધી હોલ્ડિંગ વેચવાને મંજૂરી

આવક રૂ.૪૧૬૦ કરોડની તુલનાએ ૯ ટકા વધીને રૂ.૪૫૫૪ કરોડ થઈ છે. એક્સચેન્જે ત્રિમાસિકમાં કેશ માર્કેટ ટ્રેડિંગ સેગ્મેન્ટમાં સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ (એડીટીવી) ૨૪ ટકા વધીને રૂ.૧,૧૮,૩૭૭ કરોડ નોંધાવ્યું છે. ઈક્વિટી ઓપ્શન્સ માટે એડીટીવી ૩ ટકા વધીને રૂ.૪૭,૯૭૭ કરોડ હાંસલ કર્યું છે.

ઈન્ડિગો ખોટના ખાડામાં

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ઈન્ડિગોએ રૂ. ૧,૮૭૯ કરોડની ખોટ નોંધાવી હતી. જોકે કંપનીની આવકો ૨૪% વધીને રૂ. ૨૩,૩૬૪ કરોડ રહી હતી.

ઈક્વિટી ફયુચર્સ સેગ્મેન્ટ માટે એડીટીવી રૂ.૧,૨૪,૫૭૪ કરોડ રહ્યું છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કંપનીની સંપૂર્ણ માલિકીની સબસીડિયરી નેશનલ કોલ એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાં ૪૦ ટકા સુધી હોલ્ડિંગ વેચવાને મંજૂરી આપવામાં આવી છે. જે એકથી વધુ તબક્કામાં સેકન્ડરી વેચાણ થકી કરવામાં આવશે.

બજાજ ફિનસર્વનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે બજાજ ફિનસર્વનો નફો ૨૩% વધીને રૂ. ૨,૭૫૮ કરોડ રહ્યો હતો. જ્યારે આવકો ૧૭% વધીને રૂ. ૪૩૪૧૫.૬૫ કરોડ રહી હતી.

શેરબજાર ઉછળતાં ડોલર સામે રૂપિયો ઉંચકાયોઃ પાઉન્ડ તથા યુરોમાં ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો આગળ વધતાં રૂપિયો વધુ ઉંચકાયો હતો. શેરબજાર ઉછળતાં રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. જોકે ક્રૂડતેલના ભાવ ઘટયા પછી ફરી વધી જતાં કરન્સી બજારમાં અજંપો પણ જોવા મળ્યો હતો. દરમિયાન, ડોલરના ભાવ રૂ.૯૪.૯૧ વાળા આજે સવારે રૂ.૯૪.૬૫ ખુલ્યા પછી નીચામાં ભાવ ૯૪.૬૧ સુધી ઉતરી ગયા હતા.

અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીઓ પર નજર વચ્ચે ડોલરના વૈશ્વિક ઈન્ડેક્સમાં બેતરફી વધઘટ જોવા મળી

પરંતુ ત્યારબાદ ભાવ ફરી વધી ઉંચામાં રૂ.૯૪.૮૯ થઈ રૂ.૯૪.૭૪ બંધ રહ્યા હતા. ડોલરના ભાવ આજે રૂપિયા સામે વધુ ૧૭ પૈસા ઘટતાં રૂપિયો ડોલર સામે આજે વધુ ૦.૧૮ ટકા વધ્યો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૧.૬૨ તથા ઉંચામાં ૧૦૧.૮૭ થઈ ૧૦૧.૮૧ રહ્યાના સમાચાર હતા. અમેરિકામાં યોજાઈ રહેલી મિડટર્મ ચૂંટણીઓ પર બજારની નજર રહી હતી.

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૪.૭૪
પાઉન્ડ	રૂા. ૧૨૭.૧૪
યુરો	રૂા. ૧૦૬.૦૩
યેન	રૂા. ૦.૬૦
બ્રેન્ટ ક્રૂડ	૧૦૫ ડોલર

દરમિયાન, અમેરિકામાં આ સપ્તાહમાં બહાર પડનારા જોબગ્રોથના આંકડા પર પણ બજારની નજર રહી હતી. મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૨૪ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૨૬.૮૨ થઈ રૂ.૧૨૭.૧૪ બંધ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૪૩ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૫.૮૩ થઈ રૂ.૧૦૬.૦૩ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૩૭ ટકા તૂટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૫૫ ટકા તૂટી હતી. દરમિયાન, સીટી ગ્રુપના જણાવ્યા મુજબ ૧૨ મહિનાના ગાળામાં ડોલરના ભાવ ઉંચમાં રૂ.૯૮ સુધી પહોંચવાની શક્યતા જણાય છે.

ઓક્ટોબરમાં કેપ્ટિવ કોલસા ઉત્પાદનમાં ૪૨ ટકાનો ઉછાળો

અમદાવાદ, તા. ૩

ભારતની કેપ્ટિવ અને વ્યાપારી ખાણોમાંથી કોલસાનું ઉત્પાદન ઓક્ટોબર મહિનામાં વાર્ષિક ધોરણે લગભગ ૪૨% વધીને ૨૨.૦૩ મિલિયન ટન પર પહોંચ્યું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૧૫.૪૯ મિલિયન ટન હતું. માઈનિંગ કામગીરીમાં સુધારો અને ક્ષમતાના બહેતર ઉપયોગને કારણે સ્થાનિક કોલસાના ઉત્પાદનમાં આ વધારો નોંધાયો છે.

તાજેતરની મંજૂરી સાથે કાર્યરત કેપ્ટિવ અને વ્યાપારી કોલસાની ખાણોની સંખ્યા વધીને ૮૭

કોલસા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, કોલસાનું ડિસ્પેચ (નિકાલ/પુરવઠો) પણ ઓક્ટોબર ૨૦૨૫ના ૧૫.૪૮ મિલિયન ટનથી ૩૬% વધીને ૨૧.૧૧ મિલિયન ટન નોંધાયું હતું.

ઓક્ટોબરના આ તીવ્ર વધારાથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (FY૨૭)ના એપ્રિલ-ઓક્ટોબર દરમિયાન સંચિત ઉત્પાદન ૧૧.૩% વધીને ૧૧૭.૨૩ મિલિયન ટન થયું છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૦૫.૩૩ મિલિયન ટન હતું.

ડિસ્પેચ પણ ૧૧૧.૯૫ મિલિયન ટનથી ૧૧.૫૩% વધીને ૧૨૪.૮૬ મિલિયન ટન થયું છે, જે ખાણકામ પ્રવૃત્તિમાં સતત વૃદ્ધિ દર્શાવે છે.

તાજેતરના આંકડા કેપ્ટિવ અને કોમર્શિયલ કોલસા ખાણકામમાં સતત વિસ્તરણ દર્શાવે છે. એપ્રિલ-ઓક્ટોબર FY૨૫ દરમિયાન ઉત્પાદન ૯૬.૦૪ મિલિયન ટન અને ડિસ્પેચ ૧૦૪.૭૧ મિલિયન ટન રહ્યું હતું.

અન્ય એક મહત્વના ઘટનાક્રમમાં, ઝારખંડની લોહારી કોલસાની ખાણને ઘણા વર્ષોની રાહ જોયા બાદ ઓક્ટોબરમાં 'માઈન ઓપનિંગ પરમિશન' (ખાણ શરૂ કરવાની મંજૂરી) મળી ગઈ છે. આ તાજેતરની મંજૂરી સાથે કાર્યરત કેપ્ટિવ અને વ્યાપારી કોલસાની ખાણોની સંખ્યા વધીને ૮૭ થઈ ગઈ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ મંજૂરી કોલસાની ખાણો ઝડપથી કાર્યરત થાય તે માટે હાથ ધરાયેલા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારાઓની અસર દર્શાવે છે.

પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ઘટાડો છતાં EV રજિસ્ટ્રેશનમાં ઉછાળો

અમદાવાદ, તા. ૩

સમગ્ર પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ૧૪.૬ ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં, ઓક્ટોબર મહિનામાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોના રજિસ્ટ્રેશનમાં વાર્ષિક ધોરણે લગભગ ૭૫ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે.

ઓક્ટોબરમાં પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ૧૪.૬ ટકાનો ઘટાડો જ્યારે EV રજિસ્ટ્રેશનમાં ૭૫ ટકાનો જંગી વધારો

ઈલેક્ટ્રિક વાહનો (ઈવી)એ ટાટા મોટર્સ અને મહિન્દ્રા જેવા ઉત્પાદકોને પરંપરાગત વાહનોના વેચાણમાં થયેલા ઘટાડાની અસર હળવી કરવામાં મદદ કરી હતી. માર્કેટ ઈન્ટેલિજન્સ ફર્મ જેટો ડાયનેમિક્સના ડેટા અનુસાર, ગયા વર્ષના આ જ મહિનાના ૫,૮૭,૧૦૩ વાહનોની સરખામણીએ ઓક્ટોબર ૨૦૨૬માં પેસેન્જર વ્હીકલનું રજિસ્ટ્રેશન ઘટીને ૫,૦૧,૪૦૬ યુનિટ થઈ ગયું હતું.

જોકે, ઈવી રજિસ્ટ્રેશન એક વર્ષ અગાઉના ૨૦,૯૭૯ યુનિટથી ૭૪.૭ ટકા વધીને ૩૬,૬૪૬ યુનિટ પર પહોંચી ગયું હતું, જ્યારે ઈન્ટરનલ કમ્બશન એન્જિન (ICE - પેટ્રોલ/ડીઝલ) ધરાવતા વાહનોનું રજિસ્ટ્રેશન ૧૭.૯ ટકા ઘટીને ૪,૬૪,૭૬૦ યુનિટ થયું હતું. પરિણામે, પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ઈવીનો હિસ્સો એક વર્ષ અગાઉના ૩.૬ ટકાથી લગભગ બમણો થઈને ૭.૩ ટકાએ પહોંચ્યો છે.

વિવિધ કંપનીઓ દ્વારા વધી રહેલા ઈવી વેચાણે પરંપરાગત વાહનોના રજિસ્ટ્રેશનમાં આવેલા મોટા ઘટાડાને સરભર કરવામાં ટેકો આપ્યો હતો.

ઈલેક્ટ્રિફિકેશન હવે માત્ર ભવિષ્યની રણનીતિ નથી રહી, તે વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ બની રહ્યું છે. ઓક્ટોબરમાં એકંદરે પેસેન્જર વ્હીકલ રજિસ્ટ્રેશન ૧૪.૬ ટકા ઘટ્યું હતું, જ્યારે ઈવીમાં લગભગ ૭૫ ટકાનો વધારો થયો હતો.

વિશ્વ બજારમાં ખાદ્યતેલોના ભાવમાં ઘટાડો

દિવાળી પૂર્વે ખાદ્યતેલોમાં પીછેહટઃ રવિ પાકના વાવેતરમાં ૪૬ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ તથા કપાસિયા તેલના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. મસ્ટર્ડ સરસવના ભાવ જોકે ઉંચકાયા હતા જ્યારે આયાતી ખાદ્યતેલોના ભાવ નરમ રહ્યા હતા. દિવાળી પૂર્વે જોકે બજારમાં ચહલ પહલ વધી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.

મલેશિયામાં પામતેલનો સ્ટોક રેકોર્ડ વધ્યાના નિર્દેશો

વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૮૩થી ૯૭ પોઈન્ટ તૂટ્યા હતા. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ આંચકા પચાવી ૧૦ કિલોદીઠ ફરી રૂ.૩૨ વધી જતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના ફરી રૂ.૭૯૨૫થી વધી રૂ.૮૦૮૫ બોલાતા થયા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ એરંડા ખોળના રૂ.૧૦૦ વધ્યા હતા. સોયાખોળના ભાવ ટનના રૂ.૧૦૦૦ તૂટ્યા હતા. સનફલાવર ખોળના ભાવ ટનના રૂ.૫૦૦ નરમ રહ્યા હતા. દરમિયાન, કંડલા ખાતે પામોલીનના ભાવ રૂ.૧૩૯૦ તથા સોયાતેલના રૂ.૧૪૫૦ જાન્યુઆરી ડિલીવરીના રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૭૭૫થી ૧૮૦૦ તથા કોટન વોશ્ડના ભાવ રૂ.૧૪૫૦ અને કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૯૫થી ૧૫૦૦ તથા પામતેલના ભાવ રૂ.૧૩૬૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૩૯૫ રહ્યા હતા. મુંદ્રા-હઝીરા ખાતે પામતેલના ભાવ નવેમ્બર ડિલીવરીના રૂ.૧૩૯૦થી ૧૪૧૫ તથા સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૩૦થી ૧૪૫૦ તથા ડિસમ્બરના ભાવ ૧૪૪૦થી ૧૪૫૫ રહ્યા હતા. સનફલાવરના નવેમ્બરના રૂ.૧૭૨૦થી ૧૭૩૫ રહ્યા હતા. મધ્ય-પ્રદેશમાં સોયાતેલના ભાવ જાતવાર રૂ.૧૪૦૦થી ૧૪૨૮ સુધી રહ્યા હતા. મુંબઈ તેલ-બિયાં બજારમાં નવા વર્ષના મૂહૂર્તના સોદા રવિવારે ૮મી નવેમંબરે બપોરે ૨.૧૫થી ૩.૩૦ દરમિયાન યોજવામાં આવનાર હોવાનું બોમ્બે કોમોડિટી એસોસીએશને જણાવ્યું હતું.

મલેશિયામાં પામતેલનો સ્ટોક વધી રહ્યાના સંકેતો મળ્યા હતા. ત્યાં આવો સ્ટોક ૭ ટકા વધી ૩૭ થી ૩૮ લાખ ટન થયાની ચર્ચા વિશ્વ બજારમાં સંભળાઈ રહી હતી.

કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

ફ્યુચર માર્કેટ

- MCX : (૩૫૦૭)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૫૦૭ ઉપર ૩૪૦૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૫૮૦, ટાર્ગેટ -૨ ૩૬૫૦ સુધી સુધારાની શક્યતા છે.

-એમફાસીસ: (૨૫૩૩)નો નવેમ્બર માસનો ફ્યુચર ૨૫૩૩ નીચે ૨૬૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૪૬૦, ટાર્ગેટ -૨ ૨૪૪૦ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

-ગરવારે હાઈટેક ફિલ્મ્સ: (૭૩૯૫) ૭૩૯૫ ઉપર ૭૨૨૫ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૭૫૦૦, ટાર્ગેટ-૨ ૭૬૫૦ સુધી સુધારાની શક્યતા છે.

-એમટાર ટેકનોલોજીસ: (૬૩૧૨) ૬૩૧૨ નીચે ૬૪૭૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૬૨૫૦, ટાર્ગેટ-૨ ૬૨૦૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
પાવરગ્રીડ	૨૫૯.૯૦	૨.૨૭
SBI	૯૬૯.૫૫	૧.૭૭
NTPC	૩૨૦.૭૦	૦.૮૭
ટાટા સ્ટીલ	૧૭૬.૨૦	૦.૫૪
ટ્રેન્ટ	૩૦૩૨.૦૦	૦.૩૩

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
હિંદ લીવર	૧૯૭૫.૦૦	૪.૧૬
ભારતી એરટેલ	૨૦૬૫.૯૦	૪.૦૦
HDFC બેંક	૭૨૪.૮૦	૩.૬૨
એ. પેઈન્ટ	૨૪૩૧.૦૦	૩.૫૩
અલ્ટ્રાટેક	૧૧૭૦૦.૦૦	૩.૦૫
ICICI બેંક	૧૪૨૪.૦૦	૨.૮૦
ITC	૨૭૩.૩૫	૨.૭૬
ટાઈટન	૪૫૫૫.૦૦	૧.૯૦
ઈન્ડિગો	૫૦૨૦.૦૦	૧.૮૫
એક્સિસ બેંક	૧૨૩૧.૦૦	૧.૮૨
મારૂતિ	૧૧૮૬૯.૦૦	૧.૭૯

NSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
પાવરગ્રીડ	૨૫૯.૫૫	૩.૦૪
SBI	૯૭૦.૨૫	૧.૭૦
ONGC	૨૩૨.૧૭	૧.૧૩
અદાણી એન્ટર	૨૫૯૩.૩૦	૦.૮૪
ટાટા સ્ટીલ	૧૭૬.૫૦	૦.૪૯

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
BSE	૩૬૮૫.૭૦	૫.૦૩
નેસ્લે	૧૨૪૮.૪૦	૪.૪૭
ટાટા કન્ઝયુમર	૧૦૭૩.૦૦	૪.૨૯
એ. પેઈન્ટ	૨૪૩૭.૮૦	૩.૯૯
ભારતી એરટેલ	૨૦૬૫.૦૦	૩.૭૭
HDFC બેંક	૭૨૫.૫૦	૩.૬૪
હિંદ લીવર	૧૯૬૨.૮૦	૩.૪૦
આઈશર મોટર્સ	૭૪૪૦.૦૦	૩.૧૫
ITC	૨૭૩.૯૦	૨.૮૨
અલ્ટ્રાટેક	૧૧૭૦૦.૦૦	૨.૭૫
ICICI બેંક	૧૪૨૪.૫૦	૨.૬૭

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૩૦૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબ્બો (૧૫ કિલો) ૨૫૫૦-૨૭૫૦
રાઈસ બ્રાન (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબ્બો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૨૮૦
પામોલીન નવો ડબો ૨૪૦૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૫૦
સનફલાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦-૧૭૮૦
રાજકોટ મગફળી ૧૭૬૦-૧૭૭૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૪૫૦૦
૧ કિલો ચાંદી ૧૮૦૫૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૮૦-૧૮૦
બટાકા ડીસા ૧૬૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૮૦
ડુંગળી એમપી ૭૦૦-૯૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૭૬૪૨૫
મુંબઈ સોનું (૯૯.૫) ૧૩૭૦૨૫
મુંબઈ સોનું (૯૯.૯) ૧૩૭૫૭૬
અમ. ચાંદી ૧૮૧૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૨૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૧૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૭૭૦૦૦-૧૮૧૦૦૦
ચાંદી રૂપુ ૧૭૬૮૦૦-૧૮૦૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૦૫૦૦-૧૪૨૦૦૦
સોનું (૯૯.૫) ૧૪૦૨૦૦-૧૪૧૭૦૦
હોલમાર્ક ૧૩૯૧૬૦

મુંબઈ

ચાંદી ૧૭૬૪૨૫
સોનું (૯૯.૫) ૧૩૭૦૨૫
સોનું (૯૯.૯) ૧૩૭૫૭૬

રાજકોટ

ચાંદી ૧૮૧૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૪૦૦૦
સીક્કા (૧ ગ્રામ) ૧૪૪૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૨૮૧૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૦૦-૧૩૦
ટગર ૩૦૦-૪૦૦
ડમરો ૧૦-૧૫
લીલી ૩-૫
હજારી ગલ ૪૦૦-૬૦૦

રોકાણકારોની

(પહેલા પાનાનું ચાલુ)

સ્મોલ, મિડકેપ શેરોમાં પણ નવી લેવાલીએ સુધારો આગળ વધ્યો હતો.

ઉપરોક્ત અહેવાલો પાછળ ચોમેરથી નીકળેલી નવી લેવાલીએ આજે સેન્સેક્સ ૧૨૨૫.૦૭ પોઈન્ટ ઉછળીને ૭૬૯૧૭.૮૫ અને નિફ્ટી ૫૦ સ્પોટ ૩૭૦.૦૫ પોઈન્ટ ઉછળીને ૨૩૮૧૦.૮૫ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ મા નોંધાયેલ ઉછાળા પાછળ આજે રોકાણકારોની સંપત્તિમાં એટલે કે બીએસઈ માર્કેટ કેપ.માં રૂ. ૪.૫૦ લાખ કરોડનો વધારો થતાં અંતે રૂ. ૪૮૬.૭૯ લાખ કરોડ રહ્યું હતું.

અનિલ અંબાણી

(૧૫મા પાનાનું ચાલુ)

અને ઈઓડબલ્યુ મુંબઈમાં નોંધાયેલી અનેક ફરિયાદોના આધારે શરૂ કરવામાં આવી હતી. તપાસ હેઠળ રિલાયન્સ કોમ્યુનિકેશન, રિલાયન્સ હોમ ફાઈનાન્સ, રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિલાયન્સ પાવર અને રિલાયન્સ કેપિટલ સહિતની કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફેમા હેઠળ પણ બે અલગ કેસોની પણ તપાસ કરવામાં આવી રહી છે.ઈડીના દાવા મુજબ, તપાસમાં બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવાયેલા જાહેર ભંડોળને અન્યત્ર ડાયવર્ટ કરવા, વ્યક્તિગત ઉપયોગ માટે કંપનીઓની સંપત્તિને સુરક્ષિત રાખવાના હેતુથી આઈબીસી કાયદાનો દુરુપયોગ કરવા અને નાણાંને ભારતની બહાર ટેક્સ હેવન ગણાતા દેશોમાં મોકલવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી. તપાસ એજન્સીનો વધુમાં આરોપ છે કે જાહેર નાણાંનો મોટો હિસ્સો પ્રમોટરો અને તેમના પરિવારના વ્યક્તિગત લાભ માટે પણ વપરાયો હતો.

આ કેસોમાં ઈડી અત્યાર સુધીમાં ૧૦ વ્યક્તિઓની ધરપકડ કરી છે. પીએમએલએ હેઠળ છ પ્રોસિક્યુશન ફરિયાદો દાખલ કરવામાં આવી છે.જ્યારે ફેમા હેઠળ પણ એક ફરિયાદ નોંધાવવામાં આવી છે. સમગ્ર મામલે ઈડીની વધુ તપાસ ચાલુ હોવાનું સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

ટેલિકોમ કંપનીઓને

(૧૫મા પાનાનું ચાલુ)

હોય ત્યારે બિનજરૂરી વિલંબ નહીં ચાલે.ટ્રાઈએ સુધારેલા ધારાધોરણોમાં ફીડબેક સરવે નામની નવી યંત્રણા ઉમેરી છે.

રેગ્યુલેટરને ફરિયાદ નિકાલમાં નિયમનો ભંગ લાગ્યો તો દરેક નિયમ ભંગ દીઠ રુ. ૧,૦૦૦નો દંડ કરાશે. એપેલેટ ઓથોરિટી રુ. ૫,૦૦૦ સુધીનો દંડ કરી શકશે, પણ દંડની કુલ રકમ પ્રતિ ક્વાર્ટર અને પ્રતિ સર્કલ રુ. ૨૦ લાખથી વધી નહી જાય. ક્વોર્ટરલી પર્ફોર્મન્સ રજૂ કરવામાં નિષ્ફળ જવા બદલ રેગ્યુલેટર દસ લાખ સુધીનો દંડ પણ ફટકારી શકે છે.

ઓમાનના

(પહેલા પાનાનું ચાલુ)

એમ.એસ.વી. અલ જુસુફી નામનું જહાજ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સંયુક્ત આરબ અમીરાતના હમરિયા બંદરેથી ગુજરાતના પોરબંદર બંદર તરફ રવાના થયું હતું. જહાજમાં ૧૪ ભારતીય ખલાસીઓ સવાર હતા અને ભીના ખજૂરનો માલસામાન લઈ જવામાં આવી રહ્યો હતો. ગઈકાલે ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સ્થાનિક સમય મુજબ સાંજે આશરે ચાર વાગ્યે જહાજ ઓમાનના લીમા બંદર નજીક દરિયામાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક અજ્ઞાત હવાઈ પદાર્થ સાથે અથડામણ અથવા હુમલાની ઘટના બની હતી. આ પદાર્થ ડ્રોન કે મિસાઈલ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે હુમલાની ચોક્કસ પ્રકૃતિ અને જવાબદાર પક્ષ અંગે સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ઘટના બાદ જહાજમાં આગ અને ગંભીર કટોકટી સર્જાતાં તમામ ૧૪ ખલાસીઓએ જીવ બચાવવા જહાજ છોડવું પડ્યું હતું. ઓમાન કોસ્ટ ગાર્ડે તાત્કાલિક કાર્યવાહી કરીને તમામને બચાવ્યા હતા. જો કે, હોસ્પિટલ લઈ જતી વખતે ગંભીર ઈજાઓને કારણે ખલાસી ગંધાર નહિમ અજીજનું મોત નીપજ્યું હતું. મૃતક ખલાસી મૂળ ગુજરાતમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

અત્યાર સુધીમાં ૨૨ ભારતીય નાવિકો જીવ ગુમાવી ચુક્યા છે

પશ્ચિમ એશિયામાં યુએસ-ઈરાન સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર વધી રહેલા તણાવના કારણે વેપારી જહાજો પરના હુમલામાં ચિંતાજનક વધારો થયો છે. આ સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૨ ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી ૧૪ નાવિકો દરિયાઈ જહાજો પર હતા. વધતા જતા જોખમોને ધ્યાનમાં રાખીને ભારતે પોતાના નાગરિકોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર કામ કરવા પર પ્રતિબંધ પણ મુક્યો છે. સરકારે આંતરરાષ્ટ્રીય જળસીમામાં મુક્ત અને સુરક્ષિત જળપરિવહનને અટકાવતા હુમલાઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

ભારતીય ખલાસીઓને સહાય કરો, સુરક્ષિત ભારત લાવો

ઈન્ડિયન સેઈલિંગ વેસલ્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી આદમ ભાયાએ ભારત સરકાર, વિદેશ મંત્રાલય, ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ તથા ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

તેમણે ૧૩ ભારતીય ખલાસીઓને તાત્કાલિક માનવીય અને કોન્સ્યુલર સહાય પૂરી પાડવા, જરૂરી કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરાવવા તથા વહેલીતકે સુરક્ષિત ભારત લાવવા વિનંતી કરી છે.

સાથે જ, મૃત્યુ પામેલા ખલાસીના શોકગ્રસ્ત પરિવારને યોગ્ય સહાય પૂરી પાડવા પણ અપીલ કરી છે.

ઓમાન સત્તાવાળાઓના સંપર્કમાં છીએ: શિપિંગ મંત્રી

કેન્દ્રીય બંદરો, જહાજ વ્યવહાર અને જળમાર્ગ મંત્રી સરબાનંદ સોનોવાલે આ ઘટનાની સોશિયલ મીડિયા મારફતે પુષ્ટિ કરતાં ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ઓમાનમાં ભારતીય દૂતાવાસ અને મંત્રાલય સ્થાનિક સત્તાવાળાઓના સંપર્કમાં છે. બચી ગયેલા ૧૩ ખલાસીઓને જરૂરી મદદ અને તેમના ભારત પરત આવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મૃતક ખલાસીનો પાર્થિવ દેહ પણ વહેલી તકે ભારત લાવવા પ્રયાસો હાથ ધરાયા છે.

પ્રદર્શનો વેપારને સંપૂર્ણ ઠપ નથી કરતા, વિરોધના સ્થળે ફેરિયા કે નાના વેપારીઓને પણ રોજગાર મળે છે : સુપ્રીમ

ધરણાં સ્થળને

(પહેલા પાનાનું ચાલુ)

માટે ક્યાં જશે? તમામ નાગરિકોને વિરોધ પ્રદર્શનોનો અધિકાર છે. માટે પ્રદર્શનો કરવા ફાળવાયેલા સ્થળે ચોક્કસ સમયગાળો નક્કી થવો જોઈએ.

સુપ્રીમની બેંચે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે કોઇ નાગરિકને વિરોધ પ્રદર્શનો કરવાની મંજૂરી આપવામાં આવે કે મંજૂરી આપવામાં ના આવે તેવા સમયે ચોક્કસ કારણો દર્શાવવા જોઇએ. માત્ર અમે જ વિરોધ પ્રદર્શનો કરીશું અન્ય નાગરિકોને નહીં કરવા દઇએ તેવું વલણ ના ચલાવી લેવાય. વેપારીઓને ધ્યાનમાં રાખીને પણ બેંચે અવલોકન કર્યું હતું અને કહ્યું હતું કે વિરોધ પ્રદર્શનો અને વેપાર બન્ને અધિકારો ટકરાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વેપારીઓ, ફેરીયા, દૈનિક રોજગારી મેળવનારાઓની અમે વાત કરીએ છીએ. સુપ્રીમની બેંચે એવું પણ અવલોકન કર્યું હતું કે સામાન્ય રીતે વિરોધ પ્રદર્શનો બિઝનેસને સંપૂર્ણ રીતે ઠપ નથી કરતા, પ્રોટેસ્ટ ઈકોનોમી પણ હોય છે, પ્રદર્શનના સ્થળે ફેરીયા, નાના વેપારીઓ માટે રોજગાર પણ ઉભો થતો હોય છે. જોકે તેમ છતા લોકોના વેપારના અધિકારો અને પ્રદર્શનના અધિકારો વચ્ચ સંતુલન જાળવવું જરૂરી છે.

ન્યાય વિભાગે ૧,૦૦૦ ચૂંટણી નિરીક્ષકો તૈનાત કર્યા : ફ્લોરિડામાં ભારે વરસાદ-પૂરના કારણે મતદાન મથકો ફેરવવા પડ્યા

ટેરિફ, ઈરાન યુદ્ધ

(પહેલા પાનાનું ચાલુ)

લગભગ ૧,૦૦૦ ચૂંટણી નિરીક્ષકો તૈનાત કર્યા છે. આ સંખ્યા અગાઉની મિડટર્મ ચૂંટણીમાં તૈનાત નિરીક્ષકો કરતાં ત્રણ ગણી વધુ છે. ટ્રમ્પે પરાજયના ડરથી જ મતદાન પહેલાં થતા અર્લી વોટિંગમાં ૨૦,૦૦૦થી વધુ બિન અમેરિકનોએ મતદાન કર્યું હોવાના આક્ષેપો કર્યા છે અને આ મુદ્દે કોર્ટમાં ગયા છે. આવા સમયે મતદાન કેન્દ્રો પર લાંબી લાઈનો, મશીનોમાં ખરાબી અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા ઉઠાવાયેલા સવાલ કાયદાકીય વિવાદોને જન્મ આપી શકે છે.

અમેરિકન કોંગ્રેસમાં સત્તાનું સંતુલન પલટનવા માટે ડેમોક્રેટ્સને ૧૦૦ સભ્યોની સેનેટમાં ચાર બેઠકો જીતવાની જરૂર છે.

બીજીબાજુ ૪૩૫ સભ્યોના હાઉસમાં ડેમોક્રેટ્સ માત્ર ત્રણ બેઠકો જીતીને રિપબ્લિકનોની બહુમતી ઉથલાવી શકે છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે આટલી ઓછી બેઠકો જીતવા માટે પણ બંને પક્ષો વચ્ચે જોરદાર ટક્કરની સંભાવના છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પવારના પુત્ર પાર્થ પવારના કામકાજથી કેટલાક સિનિયર નેતાઓ ખુશ નથી. એનસીપીની કોર કમીટીની મીટિંગમાં આ નેતાઓએ પાર્થ પવારની કામગીરી બાબતે નારાજગી વ્યક્ત કરી હતી. એનસીપી (અજીત પવાર)એ મુંબઈ પ્રેસિડન્ટ તરીકે જીશાન સિદીકી અને પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા તરીકે ઉમેશ પાટીલની પસંદગી કરી એની જાણ કોર કમીટીના સભ્યોને નહોતી. આ બંનેની પસંદગી બાબતે સંમતી સાધી શકાય નહોતી. મીટિંગમાં પાર્થ પવાર અને જય પવારએ ભરોસો આપ્યો હતો કે, સિનિયર નેતાઓને સાથે રાખીને નિર્ણયો લેવામાં આવશે. જે સિનિયર નેતાઓ અમિત શાહને મળવા માટે ગયા હતા એમણે પોતાના જૂથના મંત્રીઓને અગત્યના ખાતા આપવાની માંગણી કરી હોવાનું જાણીને એનસીપી (અજીત પવાર)ના કેટલાક નેતાઓ ખુબ નારાજ થઈ ગયા છે.

પંજાબમાં ચૂંટણી પહેલા આપની મુશ્કેલી વધી

પંજાબમાં ૨૦૨૭માં થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને ત્રણ મોટા ફટકા પડ્યા છે. આપના ત્રણ ધારાસભ્યોએ પાર્ટીને બાય બાય કહી દીધું છે. આ ત્રણે ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે. આ ઘટનાને કારણે પંજાબના રાજકારણમાં ગરમી આવી છે. ચૂંટણી પહેલા જ પક્ષમાં પડેલા ભંગાણને કારણે આપના સિનિયર નેતાને પક્ષ તૂટવાનો ડર લાગે છે. આમ આદમી પાર્ટીએ વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી ત્યાર પછી આ ધારાસભ્યોએ પક્ષ પલટો કર્યો છે. મળતી માહિતી પ્રમાણે આપના બીજા કેટલાક ધારાસભ્યો પણ કોંગ્રેસ અને ભાજપના સંપર્કમાં છે. વિધાનસભાની ચૂંટણી માટે હવે ખૂબ ઓછો સમય બચ્યો હોવાથી આપ માટે પક્ષમાં એકતા જાળવી રાખવાનું આસાન નહીં હોય. ૪૦ ઉમેદવારોની પહેલી યાદીમાં મુખ્યમંત્રી સહિત ફક્ત બે મંત્રીઓના નામ હોવાથી ઘણા ધારાસભ્યો નારાજ છે.

રાહુલ ગાંધીની સુપ્રિમ કોર્ટ માર્ચ બાબતે નેતાઓને નોટીસ

૧૨મી ઓક્ટોબરે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સુપ્રિમ કોર્ટ સુધી માર્ચ કાઢી હતી. એ વખતે ધાંધલી અને સુત્રોચ્ચાર થયા હતા. આ મામલો સુપ્રિમ કોર્ટમાં છે અને સુપ્રિમ કોર્ટ આ બાબતે ૨૩મી નવેમ્બરે સુનાવણી કરશે. સુપ્રિમ કોર્ટે આ બાબતે કેન્દ્ર સરકાર, રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને બીજા કેટલાક સંબંધીત પક્ષોનો જવાબ માંગ્યો છે. માર્ચ વખતે થયેલા સૂત્રોચ્ચાર અને હંગામા પછી સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે તમામ સંબંધીત પક્ષોને પોતાનો પક્ષ રાખવા કહ્યું છે. રાહુલ ગાંધી અને બીજા વિરોધપક્ષના નેતાઓ એસઆઇઆર અને વોટ ચોરી મુદ્દે પોતાનો વિરોધ વ્યક્ત કરવા સુપ્રિમ કોર્ટ ગયા હતા. વિરોધપક્ષના નેતાઓએ મતદાર યાદીમાં થયેલી ગરબડની તપાસ કરવા સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

પંજાબમાં દિવાળી પછી ભાજપ - અકાલી દળનું ગઠબંધન જાહેર થશે

પંજાબમાં આવતા વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ અને અકાલી દળ વચ્ચે ગઠબંધનની ચર્ચાએ જોર પકડ્યું છે. ભૂતપૂર્વ એનડીએ સહયોગીઓ વચ્ચે ગઠબંધનનો નિર્ણય દિવાળીની આસપાસ લેવામાં આવે એવી સંભાવના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખૂદ આ ગઠબંધનની જાહેરાત કરી શકે એમ છે. આ જાહેરાતને ઐતિહાસિક સ્વરૂપ આપવા નરેન્દ્ર મોદીની વિશાળ રેલી બઠીંડામાં કરવાની તૈયારી ચાલી રહી છે. આ રેલીમાં મોદી અકાલી દળ અને બીજેપી વચ્ચેના ગઠબંધનની જાહેરાત કરશે. બેઠકોની વહેંચણી બાબતે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. એમ મનાય છે કે ભાજપ ૪૫થી ૫૦ બેઠકો મેળવીને સંતોષ માનશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પંજાબમાં એનડીએ સરકાર બનાવવાના નિવેદનો વારંવાર આપી રહ્યા છે.

બિહારમાં એમએલસી વિવાદ, બીજેપીના નિર્ણય પર થયા સવાલ

બિહારમાં હમણા થયેલી એમએલસી ચૂંટણીમાં અપક્ષ તરીકે જીતનાર રાહુલ રાજ અને બંશીધર ભ્રુજવાસી ભાજપમાં જોડાયા હતા, જેને કારણે રાજકીય વમળો સર્જાયા છે. જેડીયુની નારાજગી પછી લોકજનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના પ્રમુખ ચિરાગ પાસવાનએ આ બાબતે કાયદાકીય ગૂંચ હોવાની વાત કરી હતી. જોકે એમણે વિવાદ નહીં થાય એ માટે એવું નિવેદન આપ્યું હતું કે એમએલસીના જીતેલા અપક્ષ ઉમેદવારો કોને ટેકો આપે છે એમાં એમને કોઈ વાંધો નથી. ચિરાગ પાસવાનના કહેવા પ્રમાણે કોઈ એમએલસી કોઈપણ સરકાર, પક્ષ કે ગઠબંધનને ટેકો આપવા માંગતા હોય તો એમાં કોઈને તકલીફ હોવી જોઈએ નહીં. જનસુરાજ પાર્ટીએ જોકે આ બાબતે પ્રશ્ન કર્યો છે કે, વિધાન પરિષદના નિયમો પ્રમાણે ચૂંટણી પછી કોઈ અપક્ષ ઉમેદવાર જો કોઈ રાજકીય પક્ષ સાથે જોડાણ કરે તો એનું સભ્યપદ રદ થવું જોઈએ.

સંજય રાઉત માને છે કે અમિત શાહ મહારાષ્ટ્રને નબળુ કરવા માંગે છે

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને એનસીપી (અજીત પવાર)ના સિનિયર નેતાઓ મળવા ગયા એ બાબતે શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉતે પ્રતિક્રિયા આપી છે. એમણે ગંભીર આરોપ મૂક્યો છે કે અમિત શાહ મહારાષ્ટ્રને નબળુ પાડવા માટે એનસીપીને બે ભાગમાં વહેંચવા માંગે છે. રાઉતનો દાવો છે કે આવનાર દિવસોમાં એનસીપીના બંને જૂથોનું રાજકીય અસ્તિત્વ મટી જશે. રાઉતે કહ્યું હતું કે અજીત પવારના આકસ્મિક મૃત્યુ પછી એનસીપી અનાથ થઈ ગઈ છે અને હવે ફક્ત શરદ પવારનો પક્ષ રહી ગયો છે. અસલી શિવસેના પણ ઉદ્ધવ ઠાકરેની સેના જ છે. બંને જૂથોના નેતાઓ ભાજપના ઈશારે કામ કરે છે. રાઉતે એક ચોંકાવનારૂ નિવેદન આપતા કહ્યું હતું કે રાહુલ ગાંધી દેશના વડાપ્રધાન બનશે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તિહાર જેલમાં હશે.

દિવાળી પહેલા કાશ્મીરી પંડિતોને ભેટ

કાશ્મીરની ખીણમાં રહીને કામ કરી રહેલા કાશ્મીરી પંડિતોને દિવાળી પહેલા કેન્દ્રસરકારે મોટી ભેટ આપી છે. પીએમ પેકેજ હેઠળ કાશ્મીરની ખીણમાં કામ કરતા કર્મચારીઓને ૯૩૬ ટ્રાન્ઝીટ ફ્લેટોની ચાવી આપવામાં આવી છે. શ્રીનગરના જેવન વિસ્તારમાં ૩૯ બ્લોકોમાં તૈયાર કરવામાં આવેલા ફ્લેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય ઉપવાડા, બડગામ અને કુલગામના બાગમાં ૬૯ બ્લોકોમાં ૪૮૦ ફ્લેટોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં રહેતા પંડિત કર્મચારીઓને આ ફ્લેટો મળવાથી સુરક્ષા લાગી રહી છે. કાશ્મીરના વિવિધ વિસ્તારમાં રહેતા પંડિતો લાંબા સમયથી સરકાર પાસે માંગણી કરી રહ્યા હતા કે કાશ્મીરી પંડિત કર્મચારીઓ માટે એક જ જગ્યાએ ટ્રાન્ઝીટ ફ્લેટ બનાવવામાં આવે. ૨૦૨૦માં પીએમ પેકેજ હેઠળ કામ કરનાર કેટલાક કર્મચારીઓની હત્યા આતંકવાદીઓએ કરી ત્યાર પછી સુરક્ષીત રહેઠાણ માટેની માંગણી વધી ગઈ હતી.

અમેરિકામાં

(પહેલા પાનાનું ચાલુ)

તૈયારીઓ કરી રહ્યું છે. ટુંકમાં હવે અમેરિકા પ્રચંડ હુમલા કરશે તેમ નિશ્ચિત લાગે છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ટ્રમ્પને મંગળવારે મતદાન પછી ઈરાન પર નવેસરથી હુમલા કરવાની તૈયારી કરવા આગ્રહ કર્યો હતો, પરંતુ ટ્રમ્પે મતદાન પહેલા જ હુમલો કરી દીધો હતો.

હવે આગામી સમયમાં આ યુદ્ધ વધુ વકરશે કે કેમ તે અંગે અમેરિકાએ કોઈ સ્પષ્ટતા કરી નથી.

ટ્રમ્પના હુમલાનો ઈરાને પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. ઈરાને કેશમ ટાપુ પર અમેરિકાના બે ડ્રોન તોડી પાડ્યા હતા. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે દાવો કર્યો કે, તેણે દક્ષિણ કિનારાના બંદર ખમીર ઉપર બે લુકાસ ડ્રોન તોડી પાડ્યા હતા. બીજીબાજુ હોર્મુઝની ખાડીમાં ઈરાને તેની મંજૂરી વિના પસાર થઈ રહેલા ત્રણ ઓઈલ ટેન્કરો પર માઈન્સથી હુમલો કર્યો હતો. આ હુમલામાં એક જહાજ પર તૈનાત એક ભારતીય ક્રૂનું મોત થયું હતું અને ૧૩થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. ભારત સરકારે આ હુમલાનો આકરો વિરોધ કર્યો હતો. આઈઆરજીસીએ કહ્યું કે, આ ટેન્કર ગેરકાયદે રસ્તેથી પસાર થઈ રહ્યા હતા.

દરમિયાન ઈરાને અમેરિકા સામે લડવા માટે તહેરાનમાં ત્રીજું સૈન્ય તાલિમ કેન્દ્ર શરૂ કર્યું છે. આઈઆરજીસીની બાસિજ પાંખના નાયબ વડા અલિ કોવસારીએ કહ્યું કે, ઈરાનના બધા જ શહેરો અને ટાઉનમાં ૧,૫૦૦ જેટલા તાલિમ કેન્દ્રો શરૂ કરી દેવાયા છે. આ કેન્દ્રોમાં ૧૦ લાખ જેટલા આત્મઘાતિ સ્વયંસેવકોને તાલિમ અપાશે. સ્વયંસેવકોને ઈરાનનું સૈન્ય શહેરના રક્ષણ, હથિયારો, હવાઈ હુમલા, બચાવ અભિયાન સહિતની તાલિમ અપાશે. આ સાથે ઈરાને તેની પહેલી સ્વયંસેવી 'જાનફદા' બ્રિગેડની સ્થાપના કરી છે. આ બ્રિગેડ આત્મઘાતી હુમલા કરવા માટે બનાવાઈ છે.

જાહેર નોટિસ

જીલ્લો ગાંધીનગર, તાલુકો કલોલ, મોજે રાંચરડા ની સીમના બ્લોક નં. ૧૨૬ (જુનો સરવે/બ્લોક નં. ૫૦૫) ની બીનખેતીની જમીન ઉપર નાંદોલી કો.ઓ.હા.સો.લી. ની "સુરમ્ય - ૭" ના નામથી આવેલી યોજનાના પ્લોટ નં. EN-01 ની ૪૨૨ ચો.મી. (સુપર એરીયા) જેનો નેટ પ્લોટ વિસ્તાર ૩૧૭ ચો.મી. વાળી મીલકત રૂપલ ભાવિનભાઈ પરીખ ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દાવો ઈત્યાદી કાંઈ પોસાતો હોયતો નીચેના સરનામે દિન ૭ માં લેખતી પુરાવા સહીત રજી. પોસ્ટથી જાણ કરવી અન્યથા મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો દાવો ઈત્યાદી કાંઈ પોસાતો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી.રીંગ રોડ, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ધોળકાના મોજે ગામ ખાનપુર (બીનખેતી) ની સીમના રેવન્યુ સર્વે/બ્લોક નં-૨૨૮ (જુનો સર્વે/ બ્લોક નં-૪૯ પૈકી) જેનો સીટી સર્વે નંબર:NA૨૨૮, શીટ નં-NA૯૯ જેનું કુલ ૬૬૦૦ ચો.મી ની બિનખેતીની જમીન દિનેશભાઇ મનુભાઇ સોલંકી ની કુલ સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલી છે તેમ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે. તો સદરહુ જમીનમાં કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી થી જાણ કરવી પુરાવા વગર નાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઇટલ કલીયરન્સ ના અભિપ્રાય અંગેનુ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી.

તા. ૦૩/૧૧/૨૦૨૬
અમારા અસીલની સુચનાથી

અમારી મારફતે
આસ્તિક લો એસોસીએટસ
રાજેન્દ્ર.પી.આસ્તિક,
નીકી.આર.આસ્તિક
એડવોકેટ એન્ડ નોટરી
શિવાંગ આર આસ્તિક (એડવોકેટ)
૨૧૪-એ (લોબી-૨) સાકાર-૯ જુની રીઝર્વ બેંક પાસે, આશ્રમરોડ, અમદાવાદ

જાહેર નોટિસ

રજી. ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૦૭ (ઓઢવ) ના તાલુકાઃ મણિનગરનાં મોજે ગામ : શહેરકોટડાની સીમમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૮માં ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૪ પૈકી (જૂના સર્વે નં. ૧૬/એ, ૧૭, ૧૮ અને ૧૯)ની ૨૪૪૮૬.૫૧ ચો.મી. ની બીનખેતીની જમીન ઉપર આવેલ ''સુમેલ બિઝનેસ પાર્ક'' નામથી ઓળખાતી સ્કીમમાં બ્લોક-ઈ માં બીજા માળે આવેલ ઓફિસ નં. ઈ-૪૯ જેનું ક્ષેત્રફળ ૩૯ ચો.મી. સુપર બિલ્ટઅપ એરિયાના બાંધકામવાળી મિલકત તથા સદર જમીનમાં ૨૨.૭૬ ચો.મી. ના વણવહેંચાયેલા હિસ્સા સહિતની મિલકત વિપુલ રામજીભાઇ સાવલિયા ના માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે. તેમજ સદર મિલકત બોજા રહીત હોવાનું જણાવીને અમારા અસીલે અમારી પાસેથી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોક્ત મિલકત અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૨૨૩ જે તાઃ ૨૧.૦૭.૨૦૦૯ના રોજ નોંધવામાં આવેલ હતો તે શરતચુક થી ખોવાઈ ગયેલ છે. આ મિલકત બાબતે અને ટાઇટલ બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, દાવો, અલાખો, ગીરો, બોજો, ટાંચ, દરખાસ્ત, લીયન ચાર્જ કે જામીનગીરીનો બોજો હોયતો દિન ૭ (સાત) માં પ્રમાણિત અને લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો મજકુર ઉપરોક્ત મિલકત ઉપર કોઇ નો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, હિત નથી અને હોય તો જતો યાને કે વેવ કરેલ છે. એમ સમજી મુદ્દત વીતે થી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

Mangal M. Solanki (Advocate)
5, Shyam Sunder Shopping Centre, Opp. Vejalpur Police Chowky, Vejalpur Road, Ahmeabad-380051.
+91 98240 40196

જાહેર નોટિસ

જી-સુરેન્દ્રનગર, તા-લખતરના મોજે-ભાથરીયાની સીમના ખાતા નં-૫૧૨ ના સર્વે નં-૫૮ (જુનો સર્વે નં-૩૫)ની કુલ ૨-૦૫-૪૦ હે-આરે-ચો.મી.ખેતીલાયક જમીનના માલિક વિનોદભાઈ બચુભાઈ ચુનારા ટાઈટલ કલીયર તથા બોજા મુકત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર બેંક ઓફ બરોડા સિવાય કોઇપણ બેંક, સંસ્થા, મંડળી કે વ્યકિતનો લાગભાગ, હકક-દાવો, ગીરો, બોજો, હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને લેખીત પુરાવાઓ સાથે નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે સદરહુ મિલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો બોજો, હકક-દાવો કે અધિકાર નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેવું સમજી સદરહુ મિલકત અંગે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

અમદાવાદ.
તા-૦૩/૧૧/૨૦૨૬

સતીષ એચ.પુજારા(એડવોકેટ)
એફ.એફ/૫, હરે-ક્રિષ્ના કોમ્પલેક્ષ, બોપલ, અમદાવાદ.
મો.નં. ૯૦૩૩૦૩૩૮૯૦,

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના ગામ મોજે ઘુમાની સીમના સર્વે/બ્લોક નંબર - ૩૪૩, ૩૪૪ વિગેરેની જમીનમાં શ્રી વ્રજશ્યામ કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે ગ્રીન સીટી' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટ નંબર - ૫૧૬ ની આશરે ૪૦૦ ચોરસવારની બીનખેતીની જમીન ભારતી કનકદાસ અધિકારી એ તેઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી સદરહુ પ્લોટ અંગે ઈશ્યુ કરેલ શેર સર્ટીફીકેટ અમોથી શરતચૂકથી ગુમ થયેલ હોવાનુ જણાવીને તથા સદરહુ પ્લોટની જમીન તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સોસાયટી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટની જમીન તથા શેર સર્ટીફિકેટ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દત વિત્યે સોસાયટી સદરહુ પ્લોટ અંગે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈશ્યુ કરશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેવી.

અમદાવાદ.
તા. -૦૪-૧૧-૨૦૨૬

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ખેડાના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા માતર મોજે મહેલજની સીમના ખાતા નં.૮૪૨ ના બ્લોક/સર્વે નં.૫૦૨ ના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૨૯-૩૪ ની ૧.૮૧ પૈસા આકારની કુલ ૨૯૩૪ સમ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જુની શરતની ખેતીની જમીનવાળી મિલકત મુર્તુજાખાન ઈલાહીખાન પઠાણ ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ બોજાઓથી મુકત હોવાનું જણાવી, તેઓએ સદરહું મિલકત અંગેના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત ઉપર જે કોઈનો હકક, દાવો, અલાખો, લાગભાગ, ખોરાકી, પોષાકી, લીયન, બોજો, ચાર્જ, બાનાખતના હકક કે અન્ય કોઈપણ પ્રકારનો, હકક, હીસ્સો કે હીત સંબંધ વિગેરે કાંઈપણ હોયતો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ (સાત) માં અમોને દસ્તાવેજી લેખીત પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત સંબધ, બોજો, ચાર્જ નથી અને હોય તો તેમણે પોતાનો હકક જતો [Waive] કરેલ છે, તેમ સમજીને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૦૪-૧૧-૨૦૨૬.
સ્થળઃ અમદાવાદ

આર સાવલિયા એન્ડ કંપની
આર ડી. સાવલિયા (એડવોકેટ)
ઓફીસ : રોહિત એસ્ટેટ, ઉજાલા બ્રિજની સામે, એસ.જી. હાઈવે, સરખેજ, અમદાવાદ - ૩૮૨૨૧૦,
મો. ૯૮૯૮૦૦૧૭૮૧, ૯૮૯૮૦૧૧૭૮૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, જત ડીસ્ટ્રીકટ-ખેડા, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માતર ના મોજે નધાનપુર ગામની (૧) ખાતા નં. ૪૭૭, રે.સર્વે/ બ્લોક નં. ૪૪૦ પૈકી, ક્ષે. હે. ૧- ૩૧-૩૦ તથા (૨) ખાતા નં. ૪૭૮, રે.સર્વે/ બ્લોક નં. ૪૪૧, ક્ષે. હે. ૧-૪૨-૬૬ પૈકી હે. ૦-૪૮-૦૦ વાળી ખેતી લાયક જમીનોના માલીક-કબજેદારશ્રી (૧) સુરસંગજી ખોડાજી ઠાકોર, (૨) ભવાનજી ખોડાજી ઠાકોર, બન્ને રહે. ઠાકોર વાસ, મુ. ભાત, તા.દશક્રોઈ, જિ.અમદાવાદ-૩૮૨૨૧૦ નાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની બોજા રહિત આવેલ હોવાનુ જણાવી તેઓએ અમારી પાસે મજકુર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આથી મજકુર જમીન ઉપર કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, હિત સંબંધ, દાવો, અલાખો, ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રજી. એ.ડી. પુરાવા સહીત નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી. અન્યથા મજકુર જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હકક પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો (વેવ) કરેલ છે. તેમ માની લઈ મજકુર જમીનનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો અમારા અસીલની તરફેણમાં આપીશુ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રહેશે નહિં તેની સર્વેએ નોંધ લેવી.

તા- ૦૩/૧૧/૨૦૨૬

(અમિત બી. મકવાણા)
એડવોકેટ.
મુ. માતર, ન્યાય મંદિર પાછળ, તા.માતર, જિ.ખેડા.
મો.નં. ૯૮૭૯૯૪૯૨૦૮.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા કડીના ગામ મોજે વાધરોડાની સીમના નવા સર્વે નંબર-૧૭૫૨(જુના સર્વે નંબર- ૬૫૭/ ૨/પૈકી૨)ની સમગ્ર જમીન પૈકી ૯૫૧૨ ચોરસમીટર જમીન પૈકી ૪૭૫૬ ચોરસમીટર ખેતીની જમીન નવીનભાઈ પીતામ્બરભાઈ પટેલ(વ.વ.૫૦%ના હિસ્સેદાર), હર્ષદભાઈ નરસિંહભાઈ પટેલ(વ.વ.૧૬.૬૭%ના હિસ્સેદાર), બાબુભાઈ નરસિંહભાઈ પટેલ(વ.વ. ૧૬.૬૭%ના હિસ્સેદાર)તથા વેલજીભાઈ શામજીભાઈ ઠાકોરે(વ.વ૧૬.૬૬%ના હિસ્સેદાર) તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્ર ની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૦૪-૧૧-૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી., એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨, બીજો માળ, જે. બી. આર. આર્કેડ, આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦,
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

જત જી-અમદાવાદ, તા-વેજલપુર, મોજે-વસ્ત્રાપુરની સીમના સર્વે નં-૧૦૦/૧/૨, ટી.પી. સ્કીમ નં-૩૧ (યુનિવર્સીટી કેમ્પસ) ના ફાઈનલ પ્લોટ નં-૮૧ ની બિનખેતીની જમીન પર આવેલ "Ratnaakar Nine Square, Phase-1 ની Office No. A/413 ની ૭૦૮.૮૧ સમ ચો.ફુટ (કાર્પેટ એરીયા) ના બાંધકામવાળી મિલક્ત Shaival Shrenik Shah ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી સદર મિલક્ત અંગેના તેઓના ટાઇટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જો સદર મિલક્ત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, ધિરાણ, વિગેરે કાંઇપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા (વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઇટલ સર્ટીફીકેટ આપીશ, જેની નોંધ લેશો.

Girish R. Vithlani (Advocate)
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad.
(M): 98983 46164

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટને તાલુકે વિરમગામના મોજે ગામ શિયાલની સીમના ખાતા નંબરઃ-૧૯૯ જેનાં સર્વે/ બ્લોક નંબરઃ-૬૯ (જુનો સર્વે નં.૬૨) જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૧૪-૩૯ યાને કે ૧૧૪૩૯ સ.ચો.મી. જેનો આકાર રૂા.૪-૦૫ વાળી ખેતીની જમીનના માલિકશ્રી (૧) જાબાબેન બાબુભાઈ રામસંગભાઈની વિધવા, (૨) ઘનશ્યામભાઈ બાબુભાઈ, (૩) હીતેષભાઈ બાબુભાઈ, રહેવાસીઃ- આઘો વાસ, શિયાળ, તા.વિરમગામ, જી.અમદાવાદનાઓએ તેઓની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાયની માંગણી કરેલ છે. સદર જમીનમાં જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, મંડળી વિગેરેનો લાગ ભાગ હકક અધિકાર હોય તેમણે તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં નીચેના સરનામે જાણ કરવી. કસુર થયે કોઈનો પણ કોઈ હકક નથી અને હોય તો જતો કરેલ છે તેવું માની ટાઈટલ ક્લીયર પ્રમાણપત્ર આપીશું. પછી કોઈ તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

સ્થળ :- સાણંદ.
તા.૦૨/૧૧/૨૦૨૬.

અશરફભાઈ એમ. મોમીન
(એડવોકેટ)
ઓફીસઃ- વાઘેલા શોપીંગ સેન્ટર, બેસ્ટ ચોઈસ કોમ્પ્યુટર એન્ડ ઝેરોક્ષ, સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ.
મો.૯૭૧૪૫૧૯૮૬૪

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, જત ડીસ્ટ્રીકટ બનાસકાંઠાના પાલનપુર તાલુકાના મોજે પીંપળી ગામની સીમના આવેલ સર્વે/ બ્લોક નં. ૧૦૬.૦૦૧ કુલ ક્ષેત્રફળ ૩૯૪૬ ચો. મીટરની ખેતી લાયક ખૂલી જમીન વાળી મિલકત (જેને હવે પછી ''ઉપરોક્ત મિલકત'' તરીકે સંબોધવામાં આવશે (૧) પટેલ મોઘજીભાઈ દલજીભાઈ સાખે બેરા (૨) સાગરકુમાર રતુભાઈ ચૌધરી નાઓએ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી અને તમામ પ્રકરણ બોજા થી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે ઉપરોક્ત મિલકત ના ટાઈટલ કલેયરન્સ ની માગણી કરેલ છે. ઉપરોક્ત મિલકત કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હિત -હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાકીય ધીરણ કરેલ હોય કે ગણોત હક્ક, ખેડ હક્ક, રસ્તા હક્ક, બાના ચીઠ્ઠી, બાનાખત ના હક્કો, અન્ય કોઈપણ રીતે કોઈપણ પ્રકારના હક્ક, હિત- હિસ્સો, પોષાતો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન ૧૫ (પંદર) ની અંદર તે બદલના આધાર પુરાવાઓ સહીત અમોને નીચેના સરનામે સ્પીડ પોસ્ટ એ. ડી. થી લેખિત જાણ કરવી.જો તેમ નહીં કરવામાં આવે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક હિત- હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાકીય ધિરાણ કરેલ, હોય કે ગણોતહક્ક, ખેડહક્ક, રસ્તાહક્ક, બાનાચીઠ્ઠી, બાનાખતના હક્કો, વારસાઈ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારે કોઈપણ પ્રકારનો હક્ક હિત- હિસ્સો પોષાતો નથી અને હોય તો તે ઉપરોક્ત માલિકીની તરફેણમાં જતા યાને કે (waive) કરેલ છે તેમ સમજી ઉપરોક્ત મિલકતનું ટાયટલ કલીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ થતા વેચાણ અથવા ભાડા કરાર લગત કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

તારીખ : ૦૪.૧૧.૨૦૨૬
અમદાવાદ

અંશુમન મોહાપાત્રા
વેક્ટર લીગલ
801, શિલ્પ એપિટોમે, રાજપથ રંગોળી રોડ, બોડકદેવ -380054 મોબાઈલ નં. 9978756998

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

કેપ્ટન ગિલ તેમજ દિગ્ગજ બેટ્સમેનોની હાજરથી ન્યુઝીલેન્ડ પર દબાણ

આજે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે શ્રેણીનો પ્રથમ વન ડે મુકાબલો : રોહિત-કોહલી પર નજર

સવારે ૭.૩૦થી મેચ : પડકારજનક પીચ પર બેટ્સમેનોની કસોટી : ઓકલેન્ડમાં ટાર્ગેટ ચેઝ કરવો મુશ્કેલ

ઓકલેન્ડ, તા.૩

ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ આવતીકાલથી શરૂ થઈ રહેલી વન ડે શ્રેણીની પ્રથમ મેચમાં ઓકલેન્ડ ખાતે યજમાન ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. બંને ટીમો આ સાથે આવતા વર્ષે રમાનારા વન ડેના વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરશે, તેની સાથે ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન રોહિત શર્મા અને વિરાટ કોહલીના દેખાવ પર ચાહકોની વિશેષ નજર રહેશે. આ બંને દિગ્ગજોએ આવતા વર્ષે વર્લ્ડ કપ રમવાની આશા સાથે માત્ર વન ડે ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય કારકિર્દીને આગળ ધપાવી છે. ઓકલેન્ડમાં આવતીકાલે ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૩૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થશે. ટી-૨૦માં ન્યુઝીલેન્ડે શ્રેણી ગુમાવ્યા બાદ આત્મવિશ્વાસ બતાવ્યો હતો, હવે તેઓ વન ડેમાં શરૂઆતથી પ્રભુત્વ જમાવવાની કોશીશ કરશે.



ભારતની ધરખમ બેટિંગ લાઈનઅપ

ટીમ ઈન્ડિયાની મજબુત બેટિંગ લાઈન અપ ન્યુઝીલેન્ડના બોલરોને પરેશાન કરી શકે તેમ છે. કેપ્ટન ગિલની સાથે રોહિત શર્માની ઓપનિંગ જોડી આક્રમક મિજાજ સાથે શરૂઆત કરવા માટે જાણીતી છે. મીડલ ઓર્ડરમાં દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી તેમજ ત્યાર બાદ શ્રેયસ ઐયર અને કે.એલ. રાહુલ જેવા અનુભવી બેટ્સમેનો મેચનું પાસું પલ્ટી નાંખવા માટે સક્ષમ છે. ખાસ કરીને રોહિત અને કોહલી અગલ જ આત્મવિશ્વાસ સાથે રમતાં જોવા મળી રહ્યા છે, જેનાથી ભારતીય ટીમ મેનેજમેન્ટ સંતુષ્ઠ હોય તેવું લાગી રહ્યું છે.

નિતિશ રેડ્ડી અને નમન ધીરની કસોટી

હાર્દિક પંડ્યા જેવા સુપરસ્ટાર ઓલરાઉન્ડરની ગેરહાજરીમાં ટીમ ઈન્ડિયા નિતિશ રેડ્ડી અને નમન ધીર જેવા ઓલરાઉન્ડર્સને અજમાવશે તે લગભગ નક્કી લાગી રહ્યું છે. બંને ખેલાડીઓ આ પહેલીવાર ન્યુઝીલેન્ડની ભૂમિ પર ઉતરશે. તેમની પાસે આગામી વર્લ્ડ કપ માટેની ટીમમાં સ્થાન મેળવવા માટેની દાવેદારી નોંધાવવાની આ ગોલ્ડન તક છે.

બુમરાહની ગેરહાજરી : સિરાજ પર મદાર

ભારતીય બોલિંગ ડિપાર્ટમેન્ટમાં બુમરાહ જેવા ઓલરાઉન્ડરની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેવી છે. જોકે તેના સ્થાને સિરાજનો અનુભવ ભારતીય ફાસ્ટ બોલરો માટે નિર્ણાયક પૂરવાર થશે તેવી અપેક્ષા છે.

અર્શદીપ સિંઘ અને ગુરનૂરને ઈલેવનમાં તક મળશે તે લગભગ નક્કી છે. નિતિશ રેડ્ડી બોલિંગ ડિપાર્ટમેન્ટમાં ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. અક્ષર પટેલ તેમજ ધીર પર સ્પિન બોલિંગની જવાબદારી રહેશે તેમ લાગે છે.



હેનરી સાથે ટકરાતા ઈજાગ્રસ્ત બનેલો કોન્વે પ્રથમ વન ડે મેચ ગુમાવશે

ઓકલેન્ડ : ભારત સામેની વન ડે શ્રેણી અગાઉ ન્યુઝીલેન્ડના પ્રેક્ટિસ સેશન દરમિયાન ફાસ્ટ બોલર હેનરી અને ઓપનર કોન્વે એકબીજા સાથે અથડાયા હતા. આ કારણે બંનેને માથામાં વાગ્યું હતુ. જે પછી હેનરીનો કંકશન ટેસ્ટ લેવામાં આવ્યો હતો. જ્યારે કોન્વેની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ તપાસ માટે હોસ્પિટલમાં ખસેડવો પડ્યો હતો. આ પછી કોન્વે પ્રથમ વન ડે ગુમાવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. હેનરીની હાલત સ્થિર છે. જોકે તેના રમવા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. સેઈફેર્ટને બેકઅપ ઓપનર તરીકે ટીમમાં સમાવાયો છે.

ન્યુઝીલેન્ડને ટોચના ખેલાડીઓની ખોટ પડશે

ન્યુઝીલેન્ડની ટીમ ઘરઆંગણે રમી રહી છે. જોકે તેમને સ્ટાર ખેલાડીઓની ખોટ પડશે તે નક્કી છે. ચેપમેન અને રચિન રવિન્દ્ર આ શ્રેણીમાં રમી રહ્યા નથી. તેની સાથે સાથે કોન્વે અને હેનરી ઈજાગ્રસ્ત બન્યા છે. આવી સ્થિતિમાં ન્યુઝીલેન્ડ ઓપનિંગમાં સેઈફેર્ટ કે નિકોલ્સને અજમાવી શકે છે. ટિકનેરને પણ તક મળે તેવી આશા છે.

ભારત (સંભવિત) : રોહિત, ગિલ (કેપ્ટન), કોહલી, શ્રેયસ ઐયર, રાહુલ (વિ.કી.), ધીર, નિતિશ, અક્ષર, ગુરનૂર, સિરાજ, અર્શદીપ.

ન્યુઝીલેન્ડ (સંભવિત) : યંગ, સેઈફેર્ટ કે નિકોલ્સ, મિચેલ, ફિલિપ્સ, લાથમ (વિ.કી.), બ્રેસવેલ, સાન્ટનર (કેપ્ટન), સ્મિથ, જેમિસન, ટિકનેર, ડફી.

ગુજરાતના બેટ્સમેનના ૨૨૭ બોલની ઈનિંગમાં ૧૭ ચોગ્ગા, છ છગ્ગા

ઉર્વિલ પટેલના ૨૧૦* : કેરળ સામે ગુજરાતે પ્રથમ ઈનિંગ ૯ વિકેટે ૫૩૪ રને ડિકલેર કરી

અમદાવાદ, તા.૩

ગુજરાતના વિસ્ફોટક બેટ્સમેન ઉર્વિલ પટેલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કારકિર્દીની પ્રથમ બેવડી સદી નોંધાવતા કેરળ સામે ૨૨૭ બોલમાં ૧૭ ચોગ્ગા અને છ છગ્ગા સાથે અણનમ ૨૧૦ રન ફટકાર્યા હતા. ઉર્વિલની મેરેથોન ઈનિંગ અને આર્ય દેસાઈના ૯૫ તેમજ વિશાલ જયસ્વાલના ૭૭ની મદદથી ગુજરાતે અમદાવાદમાં ચાલી રહેલી કેરળ સામેની રણજી મેચમાં પ્રથમ ઈનિંગ ૯ વિકેટે ૫૩૪ રને ડિકલેર કરી હતી.

ઉર્વિલે આજે ૬૩ રનના સ્કોરથી આગળ રમતાં બેવડી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તેણે કારકિર્દીની ત્રીજી સદી માત્ર ૯૧ બોલમાં નોંધાવી હતી. જ્યારે સરવટેની બોલિંગમાં સિંગલ લઈને બેવડી સદી ૨૧૪ બોલમાં પુરી કરી હતી. આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ તરફથી રમતો ગુજરાતનો સ્ટાર બેટ્સમેન ક્રિઝ પર આવ્યો ત્યારે સ્કોર ૫૪.૫ ઓવરમાં ૧૮૨/૪ હતો. તેણે વિશાલ જયસ્વાલ (૧૨૦ બોલમાં ૬ ચોગ્ગા, ૩ છગ્ગા સાથે ૭૭) સાથે ૧૭૯ રન છઠ્ઠી વિકેટમાં જોડ્યા હતા. આ પછી અમિત દેસાઈ (૩૬) સાથે આઠમી વિકેટમાં ૭૮ અને સિદ્ધાર્થ દેસાઈ (૧૮) સાથે ૮૨ રન જોડ્યા હતા. સિદ્ધાર્થ આઉટ થતાં ગુજરાતે તેની પ્રથમ ઈનિંગ ૫૩૪/૯ પર ડિકલેર કરી હતી.

જવાબમાં કેરળના ઓપનર રોહન કુન્નુમલ (૧૧) અને અભિષેક નાયર (૧૦)ને અર્જાન નાગવાસવાલાએ અને વરુન નાયાનાર(૧૭)ને ચિંતન ગજાએ પેવેલિયન ભેગા કર્યા હતા. ચિંતન ગજાએ રણજી ટ્રોફીમાં ૨૦૦ વિકેટ પૂરી કરી હતી. રમતના અંતે સચિન બેબી ૧૪ અને વિષ્ણુ વિનોદ ૨૧ રને રમતમાં હતા.



ઉર્વિલે ગુજરાત તરફથી રણજીમાં વિકેટકિપર બેટ્સમેન તરીકે સર્વાધિક ૨૦૬ રન નોંધાવવાનો પાર્થિવ પટેલનો રેકોર્ડ તોડ્યો હતો.

કેરળના પ્રથમ ઈનિંગમાં ૭૪/૩ : વિશાલ જયસ્વાલના ૭૭ : ચિંતન ગજાએ ૨૦૦ વિકેટ પૂર્ણ કરી

ત્રિપુરાના ૨૬૮ સામે સૌરાષ્ટ્ર ૧૧૮માં ઓલઆઉટ

સૌરાષ્ટ્ર અને ત્રિપુરાની મેચમાં બીજા દિવસની રમતમાં કુલ ૧૭ વિકેટ પડી

ત્રિપુરાના બીજી ઈનિંગમાં ૫૪/૪

અગરતલા, તા.૩

સૌરાષ્ટ્ર અને ત્રિપુરા વચ્ચેની મેચમાં બીજા દિવસની રમતમાં કુલ ૧૭ વિકેટ પડી હતી. ત્રિપુરાની ટીમ ગઈકાલના ૨૧૯/૭ના સ્કોરથી આગળ રમતાં આજે પ્રથમ ઈનિંગમાં ૨૬૮માં ઓલઆઉટ થઈ હતી. જવાબમાં સૌરાષ્ટ્રની ટીમ ૪૫.૫ ઓવરમાં ૧૧૮માં સમેટાઈ ગઈ હતી. ત્રિપુરાએ રમતના અંત સુધીમાં બીજી ઈનિંગમાં ૪ વિકેટે ૫૪ સ્કોર કરતાં કુલ ૨૦૪ રનની લીડ મેળવી હતી.

ત્રિપુરા તરફથી બિક્રમ દેબનાથે અણનમ ૬૧ તેમજ અગાઉ પ્રથમ દિવસે શ્રીદામ પોલે ૮૬ રન નોંધાવ્યા હતા. પાર્થ ભુતે ૬૫ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી.

સૌરાષ્ટ્ર તરફથી પ્રથમ ઈનિંગમાં અર્પિત વસાવડાએ સર્વાધિક ૩૮ અને ચેતન સાકરિયાએ ૩૧* રન કર્યા હતા. પરવેઝ સુલતાનને પાંચ અને સંદીપ સરકારને ચાર વિકેટ મળી હતી. ત્રિપુરાની બીજી ઈનિંગમાં પાર્થ ભુત અને યુવરાજસિંહ ડોડિયાએ ૨-૨ વિકેટ ઝડપી પ્રભુત્વ જમાવ્યું હતુ.

બરોડા સામે ઉત્તર પ્રદેશની સંગીન શરુઆત


પ્રવાસી બરોડાએ આજે બીજા દિવસે તેની પ્રથમ ઈનિંગ ૨૬૯/૬ થી આગળ ધપાવી હતી અને તેઓ ૩૫૫માં ઓલઆઉટ થયા હતા. મનન સોલંકીના ૫૦ અને અતીત શેઠના ૩૫ રન મુખ્ય હતા. કાર્તિક યાદવે પાંચ વિકેટ ઝડપી હતી. ઉત્તર પ્રદેશે બીજા દિવસના અંતેવિના વિકેટે ૧૯૬ સ્કોર કર્યો હતો.

કિશ્ના ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ફિટ



નવી દિલ્હી : ટીમ ઈન્ડિયાનો ફાસ્ટ બોલર પી. કિષ્ના ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે ફિટ થઈ જતાં ટીમ મેનેજમેન્ટે રાહત અનુભવી હતી. કિષ્નાને ફિટનેસ સાબિત કરવાની શરતે ન્યુઝીલેન્ડ પ્રવાસની શ્રેણીની શરૂઆતની ત્રણ વન ડે તેમજ ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. તે વન ડે શ્રેણી અગાઉ ફિટ થઈ શક્યો નહતો, પણ બીસીસીઆઈની મેડિકલ ટીમે તેને હવે ફિટ જાહેર કરી દીધો છે. હવે તે ૧૯ નવેમ્બરથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણીમા રમશે. દરમિયાનમાં ભારતીય વિકેટકિપર બેટ્સમેન પંત ઈજાના કારણે ન્યુઝીલેન્ડ-એ સામેની અનઓફિશિઅલ ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. ઈરાની ટ્રોફી દરમિયાન ઈજાગ્રસ્ત બનેલો પંત ૨૩ ઓક્ટોબરથી બેંગાલુરુ સેન્ટર ખાતે રીહેબ હેઠળ છે.તે પ્રથમ ફિટનેસ ટેસ્ટમાં પાસ થયો નહતો. જોકે આગામી સમયમાં તેનો ફરી ફિટનેસ ટેસ્ટ લેવાશે.

સિંધુ-મીરાબાઈ ચાનુ બિનહરિફ ચૂંટાયા



નવી દિલ્હી : ભારતની ડબલ ઓલિમ્પિક મેડલિસ્ટ બેડમિંટન ખેલાડી પી.વી. સિંધુ અને ભૂતપૂર્વ ઓલિમ્પિક મેડલિસ્ટ વેઈટ લિફ્ટર મીરાબાઈ ચાનુ સહિતના ૧૦ ખેલાડીઓ ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના એથ્લેટિક્સ કમિશનના સભ્ય તરીકે બિનહરિફ ચૂંટાયા હતા. આ ચૂંટણી વર્ચ્યુઅલ યોજાઈ હતી.

કમિશનના બે ખેલાડી અનુક્રમે ચેરમેન-વાઈસ ચેરમેનનો હોદ્દો મળશે અને તેઓ ભારતીય ઓલિમ્પિક એસોસિએશનમાં આઈઓએ એક્ઝિક્યુટિવ કાન્સિલના સભ્ય બનશે. જ્યારે કમિશનના એક પુરુષ-એક મહિલા ખેલાડીને આઈઓએની જનરલ બોડીમાં સભ્ય તરીકે મત આપવાનો અધિકાર મેળવશે.


ટેસ્ટ શ્રેણી અગાઉ જયસ્વાલે ફોર્મ બતાવ્યું

જયસ્વાલના ૧૫૫* : ભારત 'એ' અને ન્યુઝીલેન્ડ 'એ' વચ્ચેની બીજી ટેસ્ટ ડ્રો

જયસ્વાલ-રાઠોડ (૧૦૦*) વચ્ચે ૨૪૭*ની ભાગીદારી

કાઈસ્ટચર્ચ, તા. ૩

ભારતની ટેસ્ટ ટીમમાં નિયમિત ઓપનર તરીકે સ્થાન મેળવવાનો પ્રયત્ન કરી રહેલ યુવા સ્ટાર બેટ્સમેન યશસ્વી જયસ્વાલે પોતાનું ખોવાયેલું ફોર્મ પાછું મેળવ્યું હોવાની પ્રતીતિ કરાવતા ન્યૂઝીલેન્ડ 'એ' સામે હેગલી ઓવલ મેદાન પર રમાયેલી ચાર દિવસીય બીજી અનૌપચારિક ટેસ્ટ મેચના અંતિમ દિવસે બીજી ઈનિંગમાં ૧૬૨ બોલમાં અણનમ ૧૫૫ રન ફટકારીને શાનદાર બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. તેની સાથે યશ રાઠોડે પણ અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા. બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે થયેલી ૨૪૭ રનની અણનમ ભાગીદારીએ ભારત 'એ'ને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢીને મેચ ડ્રો કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારત 'એ' ટીમે બીજી ઈનિંગમાં બે વિકેટે ૨૮૨ રન કર્યા હતા.



આ મેચમાં ભારત 'એ'એ પ્રથમ બેટિંગ કરતાં ૩૪૬ રન બનાવ્યા હતા. જેમાં કેપ્ટન ધ્રુવ જુરેલના ૧૦૫,પડિકલના ૮૦ અને આકાશ દીપના ૬૮ રન મુખ્ય હતા. જવાબમાં ન્યૂઝીલેન્ડ 'એ' ટીમે ૪૨૪ રન બનાવી ૭૮ રનની સરસાઈ મેળવી હતી. બીજી ઈનિંગ્સમાં સાઈ સુદર્શન ૧૧ અને પડિક્કલ ૦ પર આઉટ થતાં ભારતનો સ્કોર ૩૫ રનમાં બે વિકેટ થઈ ગયો હતો. આ પછી જયસ્વાલ-રાઠોડે લડત આપી હતી.

૩૮ વર્ષનો મેક્સવેલ છેલ્લે ટી-૨૦ વર્લ્ડ કપમાં રમ્યો હતો

ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

મેક્સવેલે ૧૪૯ વન ડે, ૧૩૦ ટી-૨૦ અને સાત ટેસ્ટમાં ભાગ લીધો હતો

સીડની, તા.૩

ઓસ્ટ્રેલિયાના વ્હાઈટબોલ ક્રિકેટના સ્ટાર બેટ્સમેન ગ્લેન મેક્સવેલે ૩૮ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. મેક્સવેલ ૧૪ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૪૯ વન ડે, ૧૩૦ ટી-૨૦ અને સાત ટેસ્ટ રમ્યો હતો. તે ૨૦૧૪ અને ૨૦૨૩નો વન ડે વર્લ્ડ કપ અને ૨૦૨૧નો ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી ઓસ્ટ્રેલિયન ટીમમાં સામેલ હતો.

મેક્સવેલ છેલ્લે ચાલુ વર્ષે રમાયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં યુએઈ સામેની મેચમાં ઓસ્ટ્રેલિયા તરફથી રમવા ઉતર્યો હતો. મેક્સવેલે 'ધ ફાઈનલ વડ્ર્સ' પોડકાસ્ટમાં આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. તે ઘરઆંગણાના ક્રિકેટમાં ટી-૨૦ રમતો જોવા મળશે. તેણે કહ્યું હતુ કે, હું વિક્ટોરિયા ટીમ તરફથી ૫૦ ઓવરના ફોર્મેટમાંથી અને રેડબોલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.



વન ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં મુંબઈના વાનખેડેમાં અફઘાનિસ્તાન સામે ૭મી નવેમ્બરે મેક્સવેલે છઠ્ઠા ક્રમે ઉતરીને ૧૦ છગ્ગા અને ૨૧ ચોગ્ગા સાથે ૧૨૮ બોલમાં ફટકારેલી અણનમ ૨૦૧ રનની ઈનિંગ ઈતિહાસના યાદગાર પર્ફોર્મન્સ તરીકે કાયમ યાદ કરાશે. આ મેચમાં ૨૯૨ના ટાર્ગેટનો ચેઝ કરતા ૯૧/૭ પર ફસડાયેલા ઓસ્ટ્રેલિયાને મેક્સવેલે એકલા હાથે જીતાડ્યું હતુ. આ પછી ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપ જીત્યું હતુ.

મેક્સવેલની આંતરરાષ્ટ્રીય કારકિર્દી

વિગત	મેચ	રન	બેસ્ટ	સરેરાશ	૧૦૦	૫૦
ટેસ્ટ	૦૦૭	૦૩૩૯	૧૦૪	૨૬.૦૭	૧	૦૦
વન ડે	૧૪૯	૩૯૯૦	૨૦૧*	૩૩.૮૧	૪	૨૩
ટી-૨૦	૧૩૦	૨૮૯૭	૧૪૫*	૨૮.૬૭	૫	૧૨

ભારતના એક સિલ્વર ને બે બ્રોન્ઝ સાથે ત્રણ મેડલ

યુથ ઓલિમ્પિકમાં ગુજરાતની જુડોકા ખુશ્બુ દરજાદાએ સિલ્વર મેડલ જીત્યો

સ્વિમિંગમાં દેસિંધુ અને વુશુમાં લાન્ચેન્બીને બ્રોન્ઝ

ડાકાર, તા.૩

ગુજરાતની જુડોક ખુશ્બુ દરજાદાએ સેનેગલની રાજધાની ડાકારમાં ચાલી રહેલા યુથ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે ભારતની સ્વિમિંગમાં દેસિંધુએ અને વુશુમાં લાન્ચેન્બી ચાનુએ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા હતા. આ સાથે ભારતના કુલ મેડલની સંખ્યા ત્રણ થઈ ગઈ છે. ખુશ્બુ દરજાદાએ જુડો ખેલાડી તરીકેની કારકિર્દી ગીર સોમનાથ ડિએલએસએસથી કરી હતી. યુથ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલી ભારતની ૧૭ સભ્યોની ટીમમાં તે ગુજરાતની એકમાત્રા ખેલાડી છે. ખુશ્બુએ સેમિ ફાઈનલમાં અલ્જેરિયાની બારેહોયુઅલને મહાત આપી હતી. જોકે ફાઈનલમાં તેનો જર્મનીની કેડેટ વર્લ્ડ ચેમ્પિયન જોલીના રૈઈનહોલ્ડ સામે પરાજય થયો હતો. તે યુથ ઓલિમ્પિકના ઈતિહાસમાં જુડોની ફાઈનલમા પ્રવેશનારી માત્રા બીજી ભારતીય ખેલાડી બની હતી. ખુશ્બુ હાલ વિજયી ભારત ફાઉન્ડેશન ખાતે તાલીમ મેળવી રહી છે. અગાઉ ૨૦૧૮માં તાબાબી દેવીએ આ સિદ્ધિ મેળવી હતી. ધિનિધી દેસિંધુએ ૧૦૦ મીટર ફ્રિસ્ટાઈલ સ્વિમિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.



ભારતે તેની પાંચેય લીગ મેચ જીતીને આગેકૂચ કરી છે

એશિયન ચેમ્પિયન્સ હોકી ટુર્નામેન્ટમાં આજે ભારત-કોરિયા વચ્ચે સેમિ ફાઈનલ

મોહાલી : પંજાબમાં રમાઈ રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં આવતીકાલે મોહાલીના ઓલિમ્પિયન બલબીર સિંહ સિનિયર ઈન્ટરનેશનલ હોકી સ્ટેડિયમમાં બંને સેમી ફાઈનલ રમાશે. પ્રથમ સેમી ફાઈનલમાં જાપાન અને મલેશિયા સામસામે ટકરાશે, જ્યારે બીજી સેમી ફાઈનલમાં યજમાન અને વર્તમાન ચેમ્પિયન ભારતનો મુકાબલો દક્ષિણ કોરિયા સામે થશે. જાપાન - મલેશિયા મેચ બપોરે ૪.૩૦થી અને ભારત - સાઉથ કોરિયા મેચ સાંજે ૭.૦૦થી શરૂ થશે.



ઉત્કૃષ્ટ દેખાવ : ભારત માટે આ ટુર્નામેન્ટ અત્યાર સુધી અત્યંત શાનદાર રહી છે. પાંચમાંથી પાંચ લીગ મેચ જીતીને ભારતીય ટીમે ૧૫ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. બીજી તરફ કોરિયાએ ચોથા સ્થાને રહીને સેમી ફાઈનલમાં સ્થાન મેળવ્યો છે. ભારતે હજુ ગઈકાલે જ લીગ મેચમાં સાઉથ કોરિયાને ૮-૦થી હરાવ્યું હોઈ ભારત જીતવા માટે ફેવરિટ છે. પાંચ મેચમાં ભારતે કુલ ૩૪ ગોલ કર્યા છે અને માત્ર પાંચ ગોલ તેની સામે થયા છે +૨૯નો ગોલ ડિફરન્સ ભારતીય ટીમના આક્રમક અને મજબૂત ડિફેન્સનું પ્રતિબિંબ છે.

અન્ય સેમી ફાઈનલ : અન્ય સેમી ફાઈનલમાં જાપાન અને મલેશિયા વચ્ચે મુકાબલો થશે. લીગ તબક્કામાં બંને ટીમો વચ્ચે રમાયેલી મેચમાં જાપાને ૨-૧થી વિજય મેળવ્યો હતો. જાપાન ૧૦ પોઈન્ટ સાથે બીજા અને મલેશિયા નવ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે રહ્યું છે.

સ્પેનિશ ફૂટબોલ લીગની સેકન્ડ ટિયરની મેચમાં બનેલી ઘટના

ગોલકિપર સાથે અથડાતા ઈજાગ્રસ્ત બનેલા સ્પેનિશ ફૂટબોલરનું અવસાન



ટેનેરાઈફનો ૩૦ વર્ષનો ડે મિગ્યુએલ મેચ પુરી થવાની ગણતરીની પળો બાકી હતી,ત્યારે એન્ડોરાના ગોલકિપર ઓવોનો સાથે ટકરાયો હતો

મેડ્રિડ : સ્પેનિશ ફૂટબોલ લીગની સેકન્ડ ટિયરની એક મેચ દરમિયાન ટેનેરાઈફ ટીમનો ૩૦ વર્ષનો સ્ટ્રાઈકર જીસસ ડે મિગ્યુએલ હરિફ એન્ડોરા કલબના ગોલકિપર ઓવોનો સાથે અથડાયો હતો. આ દરમિયાન તેને છાતીમાં ગંભીર ઈજા થઈ હતી અને તે મેદાન પર જ ફસડાઈ પડ્યો હતો.

ડે મિગ્યુએલની ગંભીર ઈજાના કારણે ટેનેરાઈફ અને એન્ડોરાની મેચ ત્યાર બાદ આગળ ધપાવવામાં આવી નહતી. ઈજાગ્રસ્ત ખેલાડીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું કારુણ મોત નીપજ્યું હતુ. આ ઘટનાના પગલે સ્પેન સહિત દુનિયભરના ફૂટબોલ જગતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. લા લીગા તરીકે ઓળખાતી સ્પેનિશ ફૂટબોલ લીગની સેકન્ડ ટિયરની મેચમાં ટેનેરાઈફ અને એન્ડોરાની મેચ ૨-૨થી બરોબરી પર હતી અને ૯૭મી મિનિટની રમત દરમિયાન ડે મિગ્યુએલ સેન્ટર સર્કલમાં ઓવોનો સાથે ટકરાયો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર ગોલકિપરનો ઘુંટણ તેની છાતીમાં વાગ્યો હતો. ડે મિગ્યુએલ હવામાં હરિફ ટીમ ગોલ પોસ્ટ તરફ આવી રહેલા બોલ પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરતો હતો. જ્યારે ગોલકિપર દોડીને બોલ ક્લિયર કરવા છેક હાફ લાઈને પહોંચ્યો હતો. ટક્કર બાદ ડે મિગ્યુએલ બેભાન થઈને મેદાન પર પડી ગયો હતો અને રેફરીએ ગોલકિપર ઓવોનોને રેડકાર્ડ દેખાડ્યું હતું. એક તબક્કે લાગતું હતુ કે, ડે મિગુલને હૃદયરોગનો હૂમલો આવ્યો છે. ડે મિગ્યુએલ ને મેદાન પર જ ૧૫ મિનિટ સારવાર આપવામાં આવી હતી અને ત્યાર બાદ તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સમાં એક વખત તેનું હૃદય ફરી ધડકતું થયુ હતું. જોકે છાતીના ભાગમાં થયેલી ગંભીર ઈજા બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતુ.

હાર્દિક-સૂર્યકુમાર મુંબઈ છોડી અન્ય ટીમમાં જોડાય તેવી ચર્ચા

નવી દિલ્હી : હાઈપ્રોફાઈલ આઈપીએલમાં ટ્રેડ અંતર્ગત મુંબઈ ઈન્ડિયન્સની ટીમનો કેપ્ટન હાર્દિક પંડ્યા પંજાબ કિંગ્સમાં જોડાય તેવી અટકળો ચાલી રહી છે. પંજાબની ટીમ હાર્દિકની સામે ટ્રેડમાં ફાસ્ટ બોલર અર્શદીપને મુંબઈની ટીમને સોંપે તેવી શક્યતા છે. આ ઉપરાંત ક્રિકેટ વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે, લખનઉ સુપર જાયન્ટ્સ ઈચ્છે છે કે, મુંબઈની ટીમ તેમની સાથે સૂર્યકુમાર યાદવનો ટ્રેડ કરે. અલબત્ત, મુંબઈની ટીમ એક જ ટ્રાન્સ્ફર વિન્ડોમાં બે મેજર ટ્રેડ કરે તેવી શક્યતા ઓછી છે.

મધ્ય-પૂર્વના તનાવને પગલે ફૂટબોલનો એશિયન કપ સ્થગિત

આરોપીની કેફિયત સાંભળી પોલીસ પણ ચોંકી

મુંબઈમાં યુવકે મિત્રની હત્યા કરી લાશ છૂપાવી, મૃતકે સપનામાં આવી રંજાડતાં ગુનો કબૂલ્યો !

મુંબઈ, તા.૩

ડોમ્બિવલીમાં એક વિચિત્ર ઘટનામાં એક મિત્રએ નજીવી તકરારમાં તેના મિત્રની હત્યા કરી અન્યની મદદથી લાશ સગેવગે કરી દીધી હતી. જોકે, થોડા દિવસો બાદ અચાનક આ હત્યા કરનારાએ જાતે પોલીસ મથકે પહોંચી જઈ મૃતક મિત્ર રોજ સપનામાં આવી તેને સતાવી રહ્યો છે એમ કરી હત્યાની કબૂલાત કરતાં પોલીસ પણ અવાક થઈ ગઈ હતી. પોલીસે આ હત્યારાની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

નજીવી તકરારમાં મિત્રની હત્યા કરી, લાશ ગુણીમાં ભરી ખાડી પાસે ફેંકી : ૨૦ દિવસથી મૃતક સપનામાં આવવા માંડ્યો !

આ બાબતે વધુ વિગત આપતા ડોમ્બિવલીના વિષ્ણુનગરના સિનિયર ઈન્સ્પેક્ટર પ્રફુલ્લા જાધવે જણાવ્યું હતું કે ડોમ્બિવલી પશ્ચિમના મોઠાગાંવ વિસ્તારમાં પ્રભુ કરકડે અને વિશાલ કદમ નામના બે મિત્રો દારૂ પીવા બેઠા હતા. આ સમયે નજીવા કારણસર બંને મિત્રોમાં વિવાદ થયો હતો.

આ વિવાદ વકરતા પ્રભુ કરકડેએ વિશાલ કદમને માર માર્યો હતો. કરકડેએ કદમને ઢોર માર મારતાં કદમ મૃત્યુપામ્યો હતો. આ ઘટના બાદ કરકડે ગભરાઈ ગયો હતો અને આ વાતની જાણ ઘરમાલિક સંદીપ મ્હાત્રેને કરી હતી. મ્હાત્રેએ પ્રભુ કરકડેને જણાવ્યું હતું કે તુ હજી યુવાન છે, તારા લગ્ન પણ થયા નથી. જો તુ જેલમાં ગયો તો તારુ જીવન બરબાદ થઈ જશે. ત્યારબાદ આ બંનેએ મળી કદમને લાશને એક ગુણીમાં ભરી હતી અને ખાડી કિનારે એક નિર્જન સ્થળે ફેંકી દીધી હતી.

પ્રભુ કરકડેના દાવા અનુસાર હત્યા થઈ તે પછી ૨૦ દિવસથી રોજ વિશાલ રાતે તેના સપનામાં આવતો હતો અને તેને રંજાડતો હતો. તેના લીધે પ્રભુની ઉંઘ હરામ થઈ ગઈ હતી. વિશાલનો આત્મા પોતાને નહીં છોડે તેવં લાગતાં તેણે જાતે જ પોલીસ સમક્ષ પહોંચી જઈ હત્યાની કબૂલાત કરી લીધી હતી.

સમ્રાટ ચૌધરીએ બધાને આશ્ચર્યમાં મૂક્યા

બિહારમાં ક્રાઈમ છે અપરાધ નહીં, સીએમનું નિવેદન વાઈરલ !

પટણા,તા.૩

બિહારના મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરીના ભાષણનો એક હિસ્સો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. હાઈવે મિનિસ્ટ્રી અને બિહાર સરકાર વચ્ચે રિવર મેનેજમેન્ટને લઈને થયેલી સમજૂતી દરમિયાન તેમણે આપેલા ભાષણમાં જણાવ્યું હતું કે અમારે ત્યાં કોઈ ગુનો થતો નથી, ગુનાની પરિકલ્પના જ ખતમ થઈ ગઈ છે, બિહારમાં ક્રાઈમ થઈ શકે છે, પરંતુ અપરાધ થઈ શકતો નથી.

તેમણે બિહારમાં ક્રાઈમ અંગેની સ્થિતિ પર વાતચીત કરતાં આ વાત બોલી હતી, પરંતુ તેમની આ વાત આજે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ ગઈ છે. હવે બધા પૂછી રહ્યા છે કે આ ભાષણથી તે કહેવા શું માંગે છે. લોકો તેના જાતજાતના અર્થ કાઢી રહ્યા છે અને તેના મીમ્સ પણ બનવા શરૂ થઈ ગયા છે. લાલુપ્રસાદના પુત્ર તેજસ્વી યાદવે પણ આ બાબતને લઈને શાસક પક્ષના વડા પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે બિહારમાં ક્રાઈમ હોઈ શકે છે, પરંતુ અપરાધ નહીં.

ગુરુવારે વ્હાઈટ હાઉસમાં યુક્રેન-રશિયા વચ્ચે બેઠક, મેલાનિયા ટ્રમ્પ હોસ્ટ કરશે

એક તરફ યુક્રેન અને રશિયા શાંતિ સ્થાપિત કરવા વાટાઘાટો કરી રહ્યા છે જ્યારે બીજી તરફ હુમલા થઈ રહ્યા છે. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પત્ની મેલાનિયા ટ્રમ્પ રશિયા અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે વાટાઘાટોમાં મદદરૂપ થશે, ગુરુવારે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિ વ્હાઈટ હાઉસમાં મળવાના છે, આ બેઠકને મેલાનિયા ટ્રમ્પ હોસ્ટ કરશે. પાંચ નવેમ્બરના રોજ મેલાનિયા એગ્રીમેન્ટ અંગે નિવેદન જાહેર કરે તેવી શક્યતાઓ છે. હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચે કામચલાઉ શસ્ત્ર વિરામ રવિવારે પૂર્ણ થઈ ગયો છે એવા સમયે આ બેઠક યોજાવા જઈ રહી છે.

રશિયા-યુક્રેન

(૧૫મા પાનાનું ચાલુ)

વચ્ચે યુરોપના હજારો સૈનિકો પોલેન્ડમાં એક સૈન્ય અભ્યાસ કરવા જઈ રહ્યા છે. જેમાં યુદ્ધ પછીની સ્થિતિને પહોંચી વળવાની તાલીમ આપવામાં આવશે, જે સૈનિકોને તૈયાર કરવામાં આવશે તેમને બાદમાં યુક્રેનમાં તૈનાત કરવામાં આવી શકે છે. આ સૈનિકો યુક્રેનમાં રશિયાના હુમલામાં નાશ પામેલી ઈમારતો કે સુવિધાઓને ફરી તૈયાર કરવામાં મદદરૂપ થશે, જોકે તેઓને ખરેખર તૈનાત કરવામાં આવશે કે નહીં તેને લઈને નિષ્ણાતો શંકા વ્યક્ત કરી રહ્યા છે. બ્રિટન, ફ્રાન્સ મળીને કુલ ૩૭ જેટલા દેશો યુક્રેનને રશિયા સામે સમર્થન આપી રહ્યા છે.

આવા કેસોમાં ફોર્મ નં. ૬ ભરવા પર ખોટી માહિતી આપી છે તે માનવામાં નહીં આવે અને કાયદેસર કાર્યવાહી કરાશે નહીં

'સર'માં

(૧૫મા પાનાનું ચાલુ)

કેસોમાં એસઆઈઆર મતદાર યાદીમાંથી નામ હટાવી દેવામાં આવ્યું છે તેવા કેસોમાં ફોર્મ નંબર ૬ જમા કરાવવા પર ખોટી માહિતી આપી છે તેમ માનવામાં આવશે નહીં. ચૂંટણી પંચે જણાવ્યું છે કે કોઈ ચૂંટણી રજિસ્ટ્રેશન અધિકારી ફક્ત એ આધાર પર રિપ્રેઝન્ટેટિવ ઓફ ધ પીપલ્સ એક્ટની કલમ ૩૧ હેઠળ કાર્યવાહી શરૂ કરી શકશે નહીં કે એવો મતદાર જે અગાઉ મતદાર યાદીમાં સામેલ હતો એસઆઈઆર પછી ફોર્મ નંબર ૬ જમા કરાવે છે. ચૂંટણી પંચે ભારપૂર્વક જણાવ્યું છે કે આવી કાર્યવાહી ત્યાં સુધી કરવામાં આવી શકશે નહીં જ્યાં સુધી આ મતદાર અન્ય કોઈ જગ્યાએ રજિસ્ટર્ડ ન હોય અને તેણે કોઈ ગેરકાયદે અથવા ખોટી જાહેરાત કરી ન હોય. દિલ્હી હાઈકોર્ટનાં ૧૪ ઓક્ટોબરનાં ચુકાદાનો સંદર્ભ આપતા ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ખોટી જાહેરાત કરવાની આશંકા પાયાવિહોણી છે.

પાક.માં ૨.૪ કરોડ બાળકોનું રસીકરણ

પાક.માં પોલિયો ટીમની સુરક્ષા કરી રહેલી પોલીસ પર હુમલો, બેનાં મોત

ઈસ્લામાબાદ, તા. ૩

પાકિસ્તાનમાં પોલિયો વિરોધી રસી અભિયાન શરૂ કરાયું છે, જેને રોકવા માટે કટ્ટરવાદીઓ પણ સક્રિય થઈ ગયા છે અને હુમલા કરવા લાગ્યા છે. ખૈબર પ્રાંતના મોહમંદ જિલ્લામાં પોલિયો વિરોધી રસી આપનારી ટીમની સુરક્ષા માટે તૈનાત પોલીસ ટીમ પર અંધાધુંધ ગોળીબાર કરાયો હતો, જેમાં બે અધિકારી માર્યા ગયા હતા.

ચાર પોલિયો વર્કર્સનું અપહરણ, અત્યંત સંવેદનશીલ ૯૭ જિલ્લાઓમાં રસીકરણ અભિયાન

પાકિસ્તાનમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે હાલ પોલિયો વિરોધી રસી આપવાનું અભિયાન શરૂ કરાયું છે, રસી આપનારાઓની સુરક્ષા માટે મોટી સંખ્યામાં પોલીસ ટીમ તૈનાત કરાઈ છે. માત્ર કરાચીમાં જ ૮૦૦૦ પોલીસકર્મી તૈનાત કરાયા છે. જોકે તેમ છતા કટ્ટરવાદીઓ હુમલા કરી રહ્યા છે. મોહમંદ જિલ્લાના પિન્દિયાલી તાલુકામાં ડાગ તાનઝાઈ ચેકપોસ્ટ પાસે જ આતંકીઓએ પોલિયો ટીમની સુરક્ષા માટે તૈનાત સુરક્ષાકર્મીઓ પર ગોળીબાર કરી દીધો હતો. જેમાં બે પોલીસ અધિકારી માર્યા ગયા હતા જ્યારે કેટલાક ઘાયલ થયા હતા. જ્યારે ટાંક જિલ્લામાં પોલિયો ટીમ સાથે સંકળાયેલા ચાર પોલિયો વર્કર્સનું અપહરણ કરી લીધુ હોવાના અહેવાલો છે.

આ માહિતી સ્થાનિક રાજ્યપાલ ફૈસલ કુંદીએ આપી હતી, સાથે જ તેમને છોડાવવા માટે તમામ પ્રયાસો કરવા ઓથોરિટીને આદેશ આપ્યો હતો. અપહરણની આ ઘટના સોમવારે બની હતી. જ્યારે મંગળવારે ગોળીબાર કરવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ લોકોને ચેતવ્યા

લોકો સાથે આર્થિક છેતરપિંડી કરવા સુપ્રીમના નામે નકલી વેબસાઈટ

નવી દિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટના નામે ફેક વેબસાઈટ બનાવવામાં આવી હોવાની જાણકારી સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીને થઈ હતી, જે બાદ રજિસ્ટ્રી દ્વારા એક જાહેર ચેતવણી આપવામાં આવી હતી અને લોકોને સુપ્રીમ કોર્ટના નામે ચલાવાઈ રહેલી ફેક વેબસાઈટથી દૂર રહેવાની સલાહ આપી હતી.

આ ફેક વેબસાઈટ પર કોઈએ પણ બેન્ક સહિતની અંગત માહિતી ના આપવી : રજિસ્ટ્રી

સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટ જેવી જ વેબસાઈટ બનાવીને સાઈબર ફ્રોડનો પ્રયાસ સામે આવ્યો છે. સુપ્રીમની રજિસ્ટ્રીએ મંગળવારે એક જાહેર નોટિસ જારી કરી હતી અને લોકોને આ બનાવટી વેબસાઈટથી બચતા રહેવાની સલાહ આપી હતી.

એવી શંકા છે કે એ વેબસાઈટની મદદથી લોકોની અંગત માહિતી તેમજ નાણાકીય વિગતો મેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ લોકોને જણાવ્યું છે કે આ ફેક વેબસાઈટ પર પોતાની કોઈ જ અંગત માહિતી ના આપવી, ફેન્ક કે નાણાકીય વહીવટ સાથે જોડાયેલી માહિતી પણ ના આપવી.

હાઈકોર્ટે પતિ સામેની ફરિયાદ રદ નહીં કરતા પતિએ સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી

પત્નીને 'મૂર્ખ'

(૧૫મા પાનાનું ચાલુ)

નથી કે પત્નીના આપઘાત માટેનું કારણ બની શકે.' ત્રીજી જાન્યુઆરી ૨૦૨૧મીએ તેમના લગ્ન થયા હતા અને ફેબ્રુઆરી ૨૦૨૨માં ટોરોન્ટો ગયા હતા. તેમની બિલ્ડિંગના ૨૨મા માળથી પત્નીએ કૂદકો માર્યો હતો અને તેમનું મૃત્યુ થયું હતું. તેમને એક વર્ષથી વધુ સમયથી નોકરી મળી ન હતી અને તે જીવનમાં અસફળ રહી છે તેવી તેમને લાગણી હતી તેવું એપાર્ટમેન્ટમાંથી મળેલી હાથે લખેલી સ્યુસાઈડ નોટમાં કહેવામાં આવ્યું હતું.

મહિલાના પિતાએ મહારાષ્ટ્રના સતારામાં પતિ અને પરિવાર સામે ૩૦મી જૂન ૨૦૨૩મીએ એફઆઈઆર નોંધાવી હતી. ૧૫ તોલા સોનું, પહેલી દિવાળી પર સોનાની વીંટી અને બંગડીઓ તથા ૨૦૨૨માં ત્રણ તોલા સોનાની માગણી કરી હતી. પતિ તેમની પુત્રીને 'મૂર્ખ અને નકામી કહેતો હતો તેવો આક્ષેપ પણ પિતાએ લગાવ્યો હતો.

૩૦મી જૂન, ૨૦૨૩મીએ ટોરોન્ટોના કોરોનર અને પોલીસના ૨૦૨૪ની ક્લોઝર રિપોર્ટમાં કોઈ પ્રકારના કાવતરા અથવા સંઘર્ષના સંકેત મળ્યા ન હતા. સુસાઈડ નોટનું લખાણ પણ મહિલાનું જ હતું તેવી જાણ તપાસમાં થઈ હતી. કથિત ઘટના સમયે પતિ ઘરમાં નહીં હતો તેવું સીસીટીવી ફૂટેજથી જાણ થઈ હતી. ૮મી જાન્યુઆરી ૨૦૨૫મીએ બોમ્બે હાઈકોર્ટે પતિના માતાપિતા અને બહેન સામેની કાર્યવાહી રદ કરી હતી પણ પતિને રાહત આપી ન હતી. દહેજની માગણી અને માનસિક ક્રૂરતાના આક્ષેપોની તપાસ થવી જોઈએ તેવું હાઈકોર્ટે કહ્યું હતું. પતિએ સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી. મહિલાના આપઘાત સાથે દહેજની કથિત માગણી, ક્રૂરતા અથવા પતિની ધાકધમકીને જોડતા કોઈ પુરાવાઓ નહીં હોવાથી સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટનો ઓર્ડર રદ કર્યો હતો. ઔરંગાબાદ જિલ્લાના સતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર અને પતિ સામેની સંપૂર્ણ કાર્યવાહી પણ સુપ્રીમ કોર્ટે રદ કરી હતી.



રશિયા-યુક્રેન, અમેરિકા-ઈરાન, સાઉદી-હુથી જંગની સાથે પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચે છમકલા ચાલુ છે તેના વચ્ચે નોર્થ કોરીયાના કિમ જોંગે અજાણ્યા સ્થળે મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતુ અને હવે તેની તસ્વીરો જાહેર કરી છે.

બે યુવાનોની હત્યા કેસમાં સરકારની નિષ્ક્રિયતા બદલ બંધ

મણિપુરનાં કાંગપોકપીમાં બંધને પગલે સતત બીજા દિવસે જનજીવન ઠપ

(પીટીઆઈ) ઈમ્ફાલ, તા. ૩

મણિપુરનાં કાંગપોકપી જિલ્લામાં મંગળવારે સતત બીજા દિવસે જનજીવન ઠપ રહ્યું હતું. એક આદિવાસી સંગઠને બે યુવાનોની હત્યાનાં કેસમાં રાજ્ય સરકારની નિષ્ક્રિયતાનાં વિરોધમાં બંધની અપીલ કરી હતી. જેના કારણે બજાર અને વેપારી એકમો બંધ રહ્યાં હતાં.

૨૦૨૩નાં મણિપુર જાતીય હિંસા કેસમાં ત્રીજા પીડિતને રજૂ કરી અને કોર્ટમાં નિવેદન નોંધવાનું સુનિશ્ચિત કરવા સુપ્રીમનો આદેશ

પોલીસે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય હાઈવેથી ઈમ્ફાલથી જઈ રહેલા માલવાહક વાહનો કાંગપોકપીમાં પ્રવેશી શક્યા ન હતાં અને બાજુમાં આવેલા સેનાપતિ જિલ્લામાં જ ફસાઈ ગયા હતાં.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કોઈ પણ અપ્રિય ઘટનાને રોકવા માટે જિલ્લામાં વધારાનાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી (સીઓટીયુ)નાં બે કુકી નાગરિકોની હત્યાનાં કેસમાં રાજ્ય સરકારની નિષ્ક્રિયતાની ટીકા કરવા માટે આ બંધની અપીલ કરી હતી. કેટલાક દિવસ પહેલા લાપતા થયેલા બે યુવાનોનાં મૃતદેહ વિકૃત સ્થિતિમાં સેનાપતિ જિલ્લાનાં પર્વતીય વિસ્તારોમાંથી મળી આવ્યા હતાં. મૃતદેહ મળ્યા પછી સીઓટીયુએ રવિવારથી કાંગપોકપીમાં ૨૪ કલાકનાં બંધની જાહેરાત કરી હતી. જેને સોમવાર રાતે ૪૮ કલાક માટે વધારી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે મંગળવારે સીબીઆઈને જણાવ્યું છે કે તે ૨૦૨૩નાં મણિપુર જાતીય હિંસા કેસમાં ત્રીજા પીડિતને રજૂ કરે અને ગુવાહાટીની વિશેષ ટ્રાયલ કોર્ટમાં સુનાવણી માટે નક્કી તારીખે તેનું નિવેદન નોંધવાનું સુનિશ્ચિત કરવામાં આવે.

મંદિરોમાં પુજારીઓ રેપ કરે છે, બ્રાહ્મણ મહિલાઓ પણ સુરક્ષિત નથી : નેહા બોરાનો વિવાદ

નવી દિલ્હી, તા. ૩

ડાબેરી વિદ્યાર્થી સંગઠન એઆઈએસએ ચીફ નેહા બોરાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ભાજપ દ્વારા વાયરલ કરાઈ રહ્યો છે. જેમાં નેહા બોરા કહે છે કે મંદિરોમાં પુજારીઓ રેપ કરે છે, બ્રાહ્મણ મહિલાઓ પણ સુરક્ષિત નથી.

નેહાના આ વીડિયોને ભાજપ દ્વારા શેર કરીને વિપક્ષ પર આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે, સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે નેહા બોરાએ હિન્દુ ધર્મ અને ધાર્મિક પરંપરાઓનું અપમાન કર્યું છે.

ભાજપના નેતા પ્રદીપ ભંડારીએ નેહાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર જાહેર કર્યો હતો. મીડિયા સાથે વાતચીતમાં નેહા કહે છે કે બ્રાહ્મણવાદી વ્યવસ્થાથી પણ સુરક્ષાની જરૂર છે, આ બ્રાહ્મણવાદી વ્યવસ્થા કહે છે કે ગરીબ, શુદ્ર, નારી તાડનાના અધિકાર છે, બ્રાહ્મણ મહિલાઓ પણ સુરક્ષિત નથી, મંદિરમાં પુજારીઓ પણ રેપ કરે છે તે આપણે કઠુઆ, ઉન્નાવમાં જોયું. નેહાનો આ વીડિયો હાલ સામે આવ્યા બાદ વિપક્ષના નેતાઓ પણ તેનાથી દૂર થવા લાગ્યા છે.

યુરોપમાં

(૧૫મા પાનાનું ચાલુ)

ફ્લાઈટમાં બોમ્બની ધમકી અપાઈ હતી. લિસ્બનથી આવી રહેલા રેનએરના વિમાનનું ફ્યુમિચિનો એરપોર્ટ પર ઉતરાણ કરાયું હતું અને તેની સઘન તપાસ કરાઈ હતી, પરંતુ કોઈ વિસ્ફોટક મળ્યા નહોતા. અન્ય એક વિમાનને ઈટાલીની એરફોર્સે એસ્કોર્ટ કરી ઉતરાણ કર્યું હતું. પોલેન્ડમાં પોલીશ એરલાઈન એલઓટીની લંડનના હીથ્રો એરપોર્ટથી વોરસોના ચોપિન એરપોર્ટ પર જઈ રહેલી ફ્લાઈટને ડાયવર્ટ કરાવીને મોડલિન એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી.

બોમ્બની ધમકીઓની આ ઘટનાઓમાં કોઈ જાનહાનિ, ઈજા કે વિમાનના ઈમર્જન્સી લેન્ડિંગ કરાયા નહોતા, પરંતુ પ્રવાસીઓએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

સૌર મંડળના

(૧૫મા પાનાનું ચાલુ)

મોન્ટ્રીઅલ યુનિવર્સિટીનાં સૂત્રોએ એવી રસપ્રદ માહિતી આપી છે કે નવો શોધાયેલો એક્ઝોપ્લેનેટ ટીઓઆઈ - ૧૪૫૨ બી પૃથ્વીથી ૧૦૦ પ્રકાશ વર્ષના દૂરના અંતરે ડ્રેકો નક્ષત્રમાં આવેલો છે. આ ગ્રહ રેડ ડ્વાર્ફ સ્ટાર(લાલ રંગી નાના તારો) ફરતે ગોળ ગોળ ફરે છે. આશ્ચર્યની બાબત તો એ છે કે આ ગ્રહ તેના પિતૃ તારા ફરતે ફક્ત ૧૧.૧ દિવસમાં એક પ્રદક્ષિણા પૂરી કરે છે. આ ગ્રહની ત્રિજ્યા આપણી પૃથ્વીની ત્રિજ્યા કરતાં ૭૦ ટકા ગણી વધુ છે. (આપણી પૃથ્વીની ત્રિજ્યા ૬,૩૭૮ કિલોમીટર છે, જ્યારે વ્યાસ ૧૨,૭૫૬ કિલોમીટર છે. જ્યારે તેનું દળ પૃથ્વીના દળ કરતાં પાંચ ગણું વધુ છે.

ટીઓઆઈ - ૧૪૫૨ બી એક્ઝોપ્લેનેટનું સૌથી વિશિષ્ટ અનેઅદભુત પાસું એ છે કે તેની ધરતી પર પ્રવાહી સ્વરૂપમાં વિપુલ જળ રાશિ હોવાની પૂરી શક્યતા છે. વળી, આ ગ્રહ જે પિતૃ તારા ફરતે પ્રદક્ષિણા કરે છે તે તારો આપણા સૂર્ય કરતાં નાનો અને વધુ ઠંડો છે. ઉપરાંત, આપણા સૂર્યમંડળના ઈવિનિંગ સ્ટાર ગણાતા શુક્ર ગ્રહને જેટલો સૂર્યપ્રકાશ મળે છે લગભગ એટલો જ સૂર્યપ્રકાશ આ ગ્રહને પણ તેના પિતૃ તારા દ્વારા મળે છે. સાથોસાથ આ ગ્રહ તેના પિતૃ તારાથી હેબીટેબલ ઝોન(જીવનની શક્યતા હોવાના અંતરનું ક્ષેત્ર)માં પણ છે. આમ આ બધાં પરિબળો દ્વારા એવો મજબૂત સંકેત મળે છે કે ટીઓઆઈ - ૧૪૫૨ બી એક્ઝોપ્લેનેટ પર પ્રવાહી સ્વરૂપમાં વિપુલ જળ રાશિ હશે. એટલે કે આપણી પૃથ્વી પર જેવું ખળખળ વહેતું પાણી છે તેવું પાણી.

મોન્ટ્રઅલ યુનિવર્સિટીનાં સૂત્રોએ એવી મહત્વની માહિતી પણ આપી છે કે ટીઓઆઈ - ૧૪૫૨ બી એક્ઝોપ્લેનેટ પર તેના કુલ દળના પ્રમાણમાં લગભગ ૩૦ ટકા જેટલી પ્રવાહી જળ રાશિ હોવાની સંભાવના છે.એટલે કે આપણી પૃથ્વી પર જેટલું પ્રવાહી પાણી છે તેના કરતાં વધુ. આ ગ્રહના વાતાવરણમાં હાઈડ્રોજન અને હિલિયમ વાયુઓ હોવાનું પણ સંશોધન થયું છે.

ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ(ટીઆઈએફઆર - મુંબઈ-નિવૃત્ત)ના સિનિયર ખગોળશાસ્ત્રી અને નાસા - ઈસરોના સહિયારા અનુરાધા પ્રોજેક્ટ(૧૯૮૫) ના વિજ્ઞાની ડો.મયંક વાહિયાએ તેમના બહોળા સંશોધનાત્મક અભ્યાસના આધારે ગુજરાત સમાચારને કહ્યું છે કે ટીઓઆઈ - ૧૪૫૨ બી એક્ઝોપ્લેનેટ પર પ્રવાહી જળ હોવાનું સંશોધન અંતરિક્ષ સંશોધનના ઈતિહાસનું સૌથી મહત્વનું અને ઉપયોગી સંશોધન બની રહેશે. હજી સુધી સમગ્ર બ્રહ્માંડમાં પૃથ્વી સિવાય અન્ય કોઈ ગ્રહ પર વહેતું જળ નથી મળ્યું. વળી, આ ગ્રહ પર વહેતું જળ હોવાની શક્યતા હોય તો ત્યાં કાર્બન લાઈફ પણ હોવાની સંભાવના રહે. કારણે કે કાર્બન લાઈફ માટે વહેતું જળ આવશ્યક છે. એટલેકે આ ગ્રહ પર બેક્ટેરિયાના સ્વરૂપમાં જીવન પણ હોવાની શક્યતા ખરી. સાથોસાથ તેના વાતાવરણમાં ઓક્સિજન હોવાની સંભાવના પણ નકારી ન શકાય. સમગ્ર રીતે કહીએ તો આપણા સૌર મંડળ બહારના આ નવા ગ્રહ પર કંઈક કેમિકલ પ્રક્રિયા થઈ રહી હોવાનો સંકેત જરૂર મળે છે. મહત્વનો મુદ્દો એ છે કે આ ગ્રહના વાતાવરણનું દબાણ કેટલું છે. વાતાવરણનું દબાણ વધુ હોય તો જ કોઈપણ ગ્રહ પર પ્રવાહી જળનું અસ્તિત્વ હોય. વાતાવરણનું દબાણ ઓછું હોય તો પાણી આકાશમાં ઉડી જાય. જોકે આ બધાં પરિબળોની ચાકસાઈ માટે નાસાના અત્યાધુનિક જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ દ્વાર વધુ સંશોધન થઈ રહ્યું છે.

સમગ્ર ઘટનાક્રમ ભારે દુર્ભાગ્ય પૂર્ણ, બેફામ ટિપ્પણીઓ કરનારા નેતાઓએ પોતે કેટલી જનજાગૃતિ ફેલાવી ? તેવો સવાલ

ભાજપના નેતાને

(૧૫મા પાનાનું ચાલુ)

નારાજગી વ્યક્ત કરી બીએમસીને ફટકાર લગાવતાં કહ્યું હતું કે આપણો ભારત દેશ એક સેક્યુલર દેશ છે. પર્યાવરણ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણ વિશે જાગૃતિ ફેલાવવા માટે બનાવેલા વિડીયોને આવો રંગ આપવામાં આવ્યો તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

કોઈ પણ વ્યક્તિ એ પ્રશ્ન કરી શકે નહીં કે અધિકારીઓ દ્વારા જાગૃતિ ફેલાવવા માટે ચોક્કસ સેલિબ્રિટીને કેમ પસંદ કરવામાં આવી, એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

શહેરમાં વધતા વાયુ પ્રદૂષણ વચ્ચે બોમ્બે હાઈકોર્ટના નિર્દેશને અનુસરીને જ બીએમસીએ નાગરિકોને ફટાકડા ફોડવાથી બચવા અને પર્યાવરણને અનુકૂળ દિવાળી ઉજવવાની અપીલ કરવા માટે દિયા સહિતના સેલિબ્રિટીઓનો સામે ચાલીને સંપર્ક કર્યો હતો. આ સેલિબ્રિટીઓએ રેકોર્ડ કરેલા વીડિયો બીએમસીએ પોતાનાં તમામ સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કર્યા હતા. શહેર ભાજપ પ્રમુખના વિરોધ બાદ બીએમસીએ દિયા મિર્ઝાનો વીડિયો ડિલીટ કર્યો હતો. જોકે, લગભગ એકસરખી અપીલ કરતા માધુરી દિક્ષિત તથા નિશિગંધા વાડ અને અજિંક્ય રહાણેના વીડિયો યથાવવત રખાતાં ભારે વિવાદ થયો હતો. હાઈકોર્ટે આ સમગ્ર ઘટનાક્રમની સુઓ મોટો નોંધ લેતાં જણાવ્યું હતું કે જાગૃતિ ફેલાવવા માટે સેલિબ્રિટીઓની પસંદગીમાં બીએમસી કમિશનર એકદમ સાચા હતા અને તે દુર્ભાગ્યપૂર્ણ છે કે અન્ય બિનજરૂરી મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

ધર્મનિરપેક્ષ ભાવના હોવી જોઈએ, અને બંધારણ નાગરિકો પાસેથી તેને પ્રોત્સાહન આપવાની અપેક્ષા રાખે છે. જો ક્લિપ દૂર કરવામાં આવી હોય, તો તે આદર્શ રહેશે કે તેને ફરીથી અપલોડ કરવામાં આવે,એમ કોર્ટે કહ્યું હતું.

મુંબઈ જેવું શહેર એકતા અને સમાજ સાથે જોડાયેલા રહેવાની મજબૂત લાગણી પર ટકી રહે છે અને કોઈપણ નીચલી કક્ષાની ટિપ્પણીઓથી આ માહોલને ખલેલ પહોંચાડવી જોઈએ નહીં, એમ તેમાં કહેવામાં આવ્યું છે.

જે નેતાઓએ ગઈકાલે ટિપ્પણીઓ કરી હતી તેમણે પોતે કોઈ જનજાગૃતિનો વીડિયો મૂક્યાનું અમે જોયું નથી.

અમે કોઈ રાજકારણી કે ગઈકાલે ટિપ્પણી કરનાર કોઈપણ વ્યક્તિને જાગૃતિ ફેલાવતો વીડિયો પોસ્ટ કરતા જોયા નથી. આપણે એક ધર્મનિરપેક્ષ દેશ છીએ. અમને આ ઘટનાક્રમથી ખરેખર બહુ પીડા થઈ છે. આ મુદ્દો પર્યાવરણ સાથે સંબંધિત છે અને દરેક ધર્મ કે જાતિની વ્યક્તિ એક જ હવામાં શ્વાસ લઈ રહી છે એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

જાહેરમાં ફટાકડા ફોડવાના નિર્દેશો બાબતે હાઈકોર્ટે કહ્યું હતું કે હવે દિવાળી છે એ સંયોગ છે પરંતુ અમે કોઈ ખાસ તહેવાર નહીં કાયમ માટે જાહેરમાં ફટાકડા નહીં ફોડવા જણાવીએ છે. લગ્ન, સરઘસો, ચૂંટણી જીત, ક્રિકેટ મેચ પછી પણ ફટાકડા ફોડવામાં આવે છે. વાયુ અને ધ્વનિ પ્રદૂષણ પર અંકુશ મૂકાવો જ જોઈએ.

કોઈપણ માનવી આવીને પર્યાવરણ વિશે ચર્ચા કરી શકે છે, અને કોઈ પણ વ્યક્તિવાદ માટે કોઈ અવકાશ નથી, કોર્ટે કહ્યું કે સમુદાયની ભાવના સૌથી મહત્વપૂર્ણ છે.

પર્યાવરણને લગતા મુદ્દાઓની વાત આવે ત્યારે આપણે સદ્ભાવના અને એકતાની ભાવના અને સમાજ પ્રત્યેના પોતાનાપણાની મજબૂત ભાવનાને પોષવાની જરૂર છે. આ શું તુચ્છ માનસિકતા છે? અમને આ મંજૂર નથી. એમ હાઈકોર્ટે કહ્યું હતું.

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT
No.EDN. 124/2026/41 Dated Shillong, the 3rd November, 2026
CONTINUATION NOTICE
Subject: Extension of last date for submission of student details for the conduct of examinations for CMJ University, Meghalaya
In continuation of the Public Notice issued by the Education Department vide No.EDN.124/2026/29, dated 30th September, 2026, it is hereby notified for general information of all presently enrolled Diploma, Undergraduate, and Postgraduate students of CMJ University that the last date for submitting personal and academic details via the designated Google Form has been extended.
The online form link: https://forms.gle/3aMvMVWX2DxnNSzv5 will now remain active to accept responses until 1st December, 2026.
All eligible students who have not yet registered are strongly advised to complete the submission within this extended window. Failure to do so will hinder the examination process, as these details are mandatory for arranging examinations under external agencies / third-party institutions supervised by the State Education Department.
Sd/-
Administrator, CMJ University, Meghalaya & Joint Secretary to the Govt. of Meghalaya Education Department
MPR No. : 1989
Dated : 03-11-2026

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
વાહનોની જાહેર હરાજી અંગે જાહેરાત
ગુજરાત વિદ્યાપીઠના (Used/Unserviceable) વાહન મારુતિ અર્ટીગા (Maruti Ertiga) VDI (2016) "જ્યાં છે અને જે સ્થિતિમાં છે"ના ધોરણે જાહેર હરાજી દ્વારા વેચવાનું છે. રસ ધરાવતા વ્યક્તિઓ, પેઢીઓ, સંસ્થાઓ તથા એજન્સીઓને હરાજીમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.
હરાજીની તારીખ : 06/11/2026 • સમય : બપોરે 4-00 કલાકે
વધુ વિગતો www.gujaratvidyapith.org પરથી મળશે.
તા. 03/11/2026 કુલસચિવ

Celebrate Diwali
Khanvel RESORT SILVASSA
Ideal Place For Marriages, Conferences & Relaxation
Call: 9824056861
sales@khanvelresort.com
www.khanvelresort.com

જાહેર નોટિસ
Call: 98246 86556

GUJARAT INDUSTRIES POWER COMPANY LTD.
P.O. RANOLI-391350, DIST: BARODA
Biennial Rate Contract for "Fire & Emergency Response Services at GIPCL, Khavda, for 2375 MW RE Park at Great Rann of Kutch for the Year: 2026-2028"
Interested bidders may submit their bid on two-part basis through website: www.nprocure.com (e-tender ID : 362176). It can also be viewed from Company's website: www.gipcl.com. Last date for bid submission is 25.11.2026 up to 17:30 hrs.
DEPUTY GENERAL MANAGER (F & S)

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,27,460/-
18 KT 1,04,250/- 14 KT 81,320/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

CSB Bank
ઈ-હરાજી વેચાણ સૂચના

જાપાનમાં ઓટમ ગ્રાન્ડ ફેસ્ટિવલનો પ્રારંભઃ ઘોડેસવારોની અચૂક તીરંદાજીએ રંગ રાખ્યો



જાપાનમાં નવેમ્બર શરુ થતાં જ મૈજી જિંગુ ઓટમ ગ્રાન્ડ ફેસ્ટિવલ શરૂ થઈ જાય છે. આ ફેસ્ટિવલ લગભગ એક અઠવાડિયા સુધી ચાલે છે. રાજા મૈજીની યાદમાં આ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવે છે અને આ દિવસને જાપાનનો સાંસ્કૃતિક દિવસ પણ કહેવાય છે. આ દિવસે આખા જાપાનમાં રજા હોય છે. આ ઉજવણીમાં પરંપરાગત હોર્સબેક આર્ચરી પણ જોવા મળે છે. આ ફેસ્ટિવલમાં હોર્સબેક આર્ચરીની લોકોમાં જબરદસ્ત લોકપ્રિયતા છે. તેને જોવા માટે લોકો મોટાપાયા પર આવે છે. તેમા દોડતા ઘોડા પર બેઠાં-બેઠાં નિશાનને વીંધવાનું હોય છે. જો કે નિશાન સ્થિર હોય છે, પરંતુ ગતિમાં રહીને કોઈપણ વસ્તુ વીંધવી પડે છે. તેથી અહીં તીરંદાજની એકાગ્રતાની અને ક્ષમતાની બરોબરની કસોટી થાય છે. તેમા વિજેતા નીવડનારને સન્માનિત કરવામાં આવે છે. ઘોડેસવારી કરવી અઘરી હોય છે ત્યારે દોડતા ઘોડા પર સંતુલન જાળવીને તીરંદાજ કરીને નિયત લક્ષ્યાંક વીંધવું તો તેનાથી પણ વધારે અઘરું હોય છે. આમ છતાં જાપાનમાં એવા ઘણા તીરંદાજો છે જે આ પ્રકારની કસોટીઓ પૂરી કરી શકે છે અને આ પ્રકારની તીરંદાજી દ્વારા તેમની નિપુણતા દર્શાવે છે. આ તીરંદાજી ઉપરાંત માર્શલ આર્ટ્સનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સાત વર્ષ પછી આદિત્ય, તારાનું કોલબરેશન

આદિત્ય રોય કપૂર, તારાની નવી ફિલ્મનું ટાઈટલ પરવાના નક્કી થયું

મુંબઈ, તા. ૩

આદિત્ય રોય કપૂર અને તારા સુતરિયાની જોડીને ચમકાવતી મિલાપ ઝવેરીની નવી ફિલ્મનું ટાઈટલ 'પરવાના' પાડવામાં આવ્યું છે. આદિત્ય રોય અને તારા સુતરિયાની જોડી અગાઉ ૨૦૧૯માં 'મરજાવાં'માં જોવા મળી હતી.



મિલાપ ઝવેરીએ જણાવ્યું હતું કે મારા ગુરૂજી સંજય ગુપ્તાને હું દસ દિવસ અગાઉ મળ્યો હતો અને મેં તેમને મારી નવી ફિલ્મનું નામ 'પરવાના' રાખ્યું હોવાનું જણાવતાં તેમણે ખુશ થઈને કહ્યું હતું કે આજ નામની ઓરિજિનલ ફિલ્મનું મારા પિતાએ નિર્માણ કર્યું હતું.

એ ક્ષણે મને ખૂબ આનંદ થયો હતો તેમ કહી મિલાપે ઉમેર્યું હતું કે આ ફિલ્મ 'પરવાના' હું મારા ગુરૂજીને અર્પણ કરવાનો છું.

સાત વર્ષે આદિત્ય રોય કપૂર અને તારા સુતરિયાની જોડીને ફરી ચમકાવતી ફિલ્મ 'પરવાના' બનાવી રહેલાં નિર્દેશક મિલાપ ઝવેરીની છેલ્લી ફિલ્મ 'દિવાનિયત' હિટ બની હતી.

દિગ્દર્શક મિલાપ ઝવેરી આ ફિલ્મ ગુરુ સ્વ. સંજય ગુપ્તાને અર્પણ કરશે

ફિલ્મ સુપરહિટ થયા બાદ વિવાદ

હનુમાન અંશના નિર્માતાઓમાં મતભેદની ચર્ચા વચ્ચે રાઈટ્સ બાબતે ચોખવટ

મુંબઈ, તા. ૩

નીમ કરોલીબાબાની સુપરહીટ બાયોપિક 'હનુમાન અંશ'ના નિર્માતાઓ વચ્ચે આંતરિક વિખવાદની ચર્ચાઓ વચ્ચે ફિલ્મના ચારે નિર્માતાઓએ નિવેદન બહાર પાડી ફિલ્મના રાઈટ્સ, પબ્લિસિટી અને વિતરણ વ્યવસ્થા બાબતે ચોખવટ કરી હતી.

સોમવારે સ્વયંભૂ મિડિયા નેટવર્ક દ્વારા જારી કરવામાં આવેલાં નિવેદનમાં જણાવ્યું હતું કે નમ્રતા જી. સિંહ અને ડો. વિશાલ ચતુર્વેદી ફિલ્મના એકઝિક્યુટિવ ડાયરેકટર્સ છે અને ફિલ્મના પબ્લિક રિલેશન, માર્કેટિંગ, એવોર્ડ અને પાર્ટનરશિપ મામલે તેઓ સત્તાવાર પ્રતિનિધિ છે. તેઓ તમામ પ્રકારની રોજિંદી બાબતો સંભાળે છે. નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ફિલ્મના ચાર નિર્માતાઓમાં નમ્રતા જી. સિંહ, ડો. વિશાલ ચતુર્વેદી, રાગિણી સોના અને અનુપ્રિયા નાગરનો સમાવેશ થાય છે.

ફિલ્મના નિર્માતા અનુપ્રિયા નાગર ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન તબક્કે જોડાયા હતા અને ફિલ્મની ટ્રાયોલોજીનું આયોજન થઈ રહ્યું હોવા વિશે તેમણે જણાવ્યું હતું.

પીઆર, માર્કેટિંગ, એવોર્ડ, પાર્ટનરશિપના રાઈટ્સ ચારમાંથી બે જ નિર્માતાઓ પાસે

મેધા ભોપાલમાં શૂટિંગમાં જોડાઈ

બોર્ડર ટુ બાદ મેધા રાણા સનકીમાં અહાન શેટ્ટીની પ્રેમિકાની ભૂમિકામાં

મુંબઈ, તા. ૩

ટીનુ સુરેશ દેસાઈ નિર્દેશિત ફિલ્મ 'સનકી'માં અહાન શેટ્ટીની પ્રેમિકા તરીકે મેધા રાણાની એન્ટ્રી થઈ છે. અહાન શેટ્ટી અને મેધા રાણાએ 'બોર્ડર ટુ' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. 'બોર્ડર ટુ'માં મેધા રાણા વરૂણ ધવનની હિરોઈન હતી.



હાલ 'સનકી' ફિલ્મનું ભોપાલમાં શૂટિંગ ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મેધા ભોપાલમાં અહાન શેટ્ટી સાથે શૂટિંગમાં જોડાઈ ગઈ છે. મેધા છેલ્લા બે મહિનાથી ફિલ્મની વિવિધ વર્કશોપમાં ભાગ લઈ તૈયારીઓ કરી રહી હતી.

'બોર્ડર ટુ'માં અહાન શેટ્ટીની હિરોઈન અન્યા સિંહ હતી. તેની સાથે તે હાલ '૧૯૨૦: કોલ્ડ વિન્ટર' ફિલ્મ કરી રહ્યો છે. મેધા હવે અહાનની હિરોઈન બની રહી હોવાથી એક અલગ જ જોડી દર્શકોને ફિલ્મમાં જોવા મળશે.

હવે અમિત જોશી નિર્દેશન કરશે

પ્રિયદર્શન અને રિતેશ દેશમુખે માલામાલ વીકલી ટુ ફિલ્મ છોડી

મુંબઈ, તા. ૩

૨૦૦૬માં આવેલી 'માલામાલ' ફિલ્મની સિક્વલ 'માલામાલ વીકલી ટુ' નિર્દેશક પ્રિયદર્શન અને એક્ટર રિતેશ દેશમુખે છોડી દીધી છે. ઓરિજિનલ ફિલ્મ માલામાલનું નિર્દેશન કરનારા પ્રિયદર્શને જણાવ્યું હતું કે હું આ ફિલ્મ કરી રહ્યો નથી. મેં કોઈ સિક્વલ ન કરવાનું નક્કી કર્યું છે.



૧૯૯૮માં આવેલી કોમેડી ફિલ્મ 'વેકિંગ નેડ' પર આધારીત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ પુરવાર થઈ હતી.

તેલુગુમાં આ ફિલ્મને ૨૦૦૬માં 'ભાગ્યલક્ષ્મી બમ્પર' તરીકે ૨૦૧૨માં કન્નડમાં 'ડાકોટા પિક્ચર' તરીકે અને ૨૦૧૪માં મલયાલમમાં 'અમાયુમ મુયાલુમ' તરીકે રીમેક કરવામાં આવી હતી.

મલયાલમ ફિલ્મનું નિર્દેશન પણ પ્રિયદર્શને જ કર્યું હતું.

સાઉથ આફ્રિકાની કરૂણ દાસ્તાન આલેખતી ફોટોગ્રાફર લૌરા પેનેકની એવોર્ડ વિનિંગ તસ્વીરો



બ્રિટિશ વિઝ્યુઅલ આર્ટિસ્ટ અને ફોટોગ્રાફર લૌરા પેનેકને એક્સીલેન્સ ૨૦૨૫નો ટોમ સ્ટોડાર્ડ એવોર્ડ મળ્યો છે. ગોસ્ટ બૂક્સ અને ઈયાન પેરી ફોટોજર્નાલિઝમની ગ્રાન્ટમાંથી આપવામાં આવતો આ એવોર્ડ લૉંગ ટર્મ ડોક્યુમેન્ટરીના કામ સાથે સંકળાયેલા ફોટોગ્રાફરોને સપોર્ટ કરે છે. સાઉથ આફ્રિકા વિશ્વનું સૌથી વધુ સામાજિક અસમાનતા અને મનોવૈજ્ઞાનિક પડકારો ધરાવતુ સ્થળ છે. ગમે ત્યારે ફાટી નીકળતી હિંસાના લીધે આફ્રિકાના મોટાભાગના દેશોની સ્થિતિ અત્યંત ખરાબ છે.(૧)સાઉથ આફ્રિકામાં આવા જ એક સ્થળમાં ચર્ચની જોડે આવેલા બસ સ્ટેન્ડનો લપસણી તરીકે બાળકો ઉપયોગ કરી રહ્યા છે, જે કોઈની પણ કલ્પના બહાર છે. આશ્ચર્યની વાત એ છે કે આ સ્થળે ગેંગ કલ્ચર હોવાથી લોકોના આવવા જવા પર જ પ્રતિબંધ છે છતાં પણ બાળકો ત્યાં રમી રહ્યા છે.(૨) નિર્દોષ અને મુગ્ધતાભરી મિત્રતાને આલેખતી આ તસ્વીર છે. સ્કૂલે જતી બહેનપણીઓ એકબીજાને જોતા જ ભેટી પડે છે. આ તસ્વીર તે વાતનો પુરાવો છે કે સાઉથ આફ્રિકામાં સતત ચાલતી હિંસા અને ગનવાયોલન્સના જોખમો વચ્ચે પણ મિત્રતા અને પ્રેમ સહઅસ્તિત્વ ધરાવે છે. (૩) અનાથ સાઉથ આફ્રિકનોને રસ્તા પર જે રીતે જીવે છે તેનું આલેખન લૌરા પેનેકે અહીં તેમની તસ્વીરમાં કર્યું છે. વિપરીત સ્થિતિમાં પણ તેમનો બેપરવા અંદાજ ધ્યાન ખેંચે તેવો છે. (૪) આ તસ્વીર જોઈને તમને જો આશિકી ફિલ્મની યાદ આવતી હોય તો કદાચ તમે ગંભીર ભૂલ કરો છો. સાઉથ આફ્રિકાની સ્કૂલની આ તસ્વીરમાં ડરના માર્યા કોટની નીચે આશરો લઈ રહેલી સ્કૂલની બે વિદ્યાર્થીનીઓની તસ્વીર છે. તેમણે હિંસાગ્રસ્ત વાતાવરણથી બચવા ભયના માર્યા આ રીતે પોતે જ કોટની નીચે મો છુપાવી દીધું છે. (૫) સાઉથ આફ્રિકામાં કેટલાય બાળકો માટે સ્કૂલો જવું તે મોટો પડકાર છે, કારણ કે સ્કૂલે ગયા પછી તે જીવતા પરત આવશે કે નહીં તે ચિંતા તેમને સતાવતી હોય છે. અહીં સ્ટ્રીટ વાયોલન્સ એટલું બધું છે કે ઘરેથી સ્કૂલે જવા નીકળેલું બાળક જીવતું પરત આવે તો પણ બહુ મોટી વાત મનાય છે. બાળક પોતે પણ તેની સલામતીને લઈને સતત ચિંતિત હોય છે.

અમેરિકામાં ટ્રમ્પનો પરાજય ભારત અને ભારતીયો માટે પણ નિર્ણાયક સાબિત થાય તેમ છે

યુએસ ચૂંટણી : વેપારથી લઈને ઈમિગ્રેશન સુધી પરિવર્તન આવી શકે

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓના પરિણામો આવતાની સાથે જ યુએસ કોંગ્રેસનું નવું માળખું ઘડશે તથા ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ કાર્યકાળના આગામી બે વર્ષની દિશા નક્કી કરશે. જાણકારનો મતે આ ચૂંટણીના જે પરિણામો આવે તે અમેરિકાને તો અસર કરવાના જ છે પણ સમગ્ર વિશ્વ ઉપર તેની અસર પડવાની છે. હાલમાં પણ અમેરિકાની જે સ્થિતિ છે તેની અસર સમગ્ર વિશ્વ ઉપર પડેલી જ છે અને હવે આ ચૂંટણીના પરિણામો તેમાં વ્યાપક ઉથલપાથલ લાવી શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને તેની પ્રજા તો આ ચૂંટણી મુદ્દે અસમંજસમાં છે જ પણ બીજી તરફ અમેરિકાથી હજારો માઈલ દૂર ભારત પણ આ ચૂંટણીઓ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. કારણ કે યુએસ મધ્યસત્ર ચૂંટણીના પરિણામો યુએસ વેપાર, H-1B વિઝા તથા અન્ય ઈમિગ્રેશન અને વિદેશ નીતિ અંગે નવી અનિશ્ચિતતાઓ ઊભી કરી શકે છે.

હાલમાં, રિપબ્લિકન પક્ષ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નીચલા ગૃહ) અને યુએસ સેનેટ (ઉપલા ગૃહ) બંને પર નિયંત્રણ ધરાવે છે. યુએસ હાઉસમાં 'ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી' (રિપબ્લિકન્સ)ની બહુમતી પાતળી છે. અહીંયા ૨૧૮ બેઠકો સામે ડેમોક્રેટ્સ પાસે ૨૧૪ બેઠકો છે. તેવી જ રીતે, યુએસ સેનેટમાં રિપબ્લિકન્સ પાસે ૫૩-૪૭ની સરસાઈ છે. રાજકીય વિશ્લેષકો દ્વારા એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે ૩ નવેમ્બરના મતદાનમાં ડેમોક્રેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન પાસેથી બહુમતી છીનવી લેશે તે લગભગ નિશ્ચિત છે. છ સેનેટ બેઠકોને રસાકસીભરી લડાઈમાં ફેરવી દીધા પછી ડેમોક્રેટ્સ સેનેટનું પરિણામ પણ પોતાની તરફેણમાં પલટી નાખે તેવી ઘણી મોટી શક્યતા જોવાઈ રહી છે.

હાલમાં ડેમોક્રેટ્સની જીત અને હાર બંને ઉપર જાતભાતના તર્ક કરવામાં આવી રહ્યા છે. જાણકારો માને છે કે, આ મધ્યસત્ર ચૂંટણીમાં વિજય મેળવવો ડેમોક્રેટ્સ માટે આ એક મોટી સિદ્ધિ હશે. હાઉસ જીતવાથી ડેમોક્રેટ્સ ફેડરલ બજેટ અને શક્તિશાળી સમિતિઓના વડા બનશે, જેઓ ભ્રષ્ટાચારના આક્ષેપો અને કુખ્યાત સેક્સ ઓફેન્ડર જેફરી એપ્સટીન સાથે ટ્રમ્પના સંબંધો સહિતના સંવેદનશીલ વિષયોની તપાસ કરવા માટે સજ્જ થશે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, જ્યારે એક જ પક્ષ રાષ્ટ્રપતિ પદ અને કોંગ્રેસ બંને પર નિયંત્રણ ધરાવે છે, ત્યારે મહત્વાકાંક્ષી કાયદા સરળતાથી પસાર થઈ શકે છે. વધુમાં, જ્યારે એક પક્ષ સંસદીય સમિતિઓ ચલાવતો હોય, ત્યારે રાષ્ટ્રપતિ વહીવટીતંત્ર આવી સંસ્થાઓ દ્વારા થતી આકરી તપાસથી અમુક અંશે સુરક્ષિત રહે છે. જો ડેમોક્રેટ્સ એક અથવા બંને ગૃહો જીતે, તો ટ્રમ્પ માટે સત્તામાં આગામી બે વર્ષ વધુ મુશ્કેલ બની જશે. મધ્યસત્ર ચૂંટણીમાં વિજય સાથે જ ૨૦૨૮ની ચૂંટણીમાં તેમનું સ્થાન લેવા માટેની સ્પર્ધા પણ શરૂ થઈ જશે, જ્યારે અમેરિકા તેના આગામી રાષ્ટ્રપતિ માટે મતદાન કરશે.

ઉલ્લેખનીય છે કે, મધ્યસત્ર ચૂંટણીઓ માત્ર યુએસ કોંગ્રેસનું ભવિષ્ય નક્કી કરતી નથી, પરંતુ અમેરિકાના સાથી દેશો, ખાસ કરીને ભારત માટે પણ તેનું મોટું મહત્વ છે. આ પરિણામ ભારત માટે અગત્યનું છે કારણ કે સંસદીય નિર્ણયો અને યુએસ સરકારની નીતિઓ ભારતીય નિકાસ, અમેરિકામાં કામ કરતા ભારતીય પ્રોફેશનલ્સ અને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને સીધી અસર કરી શકે છે. જે પાસા પર અસર થવાની શક્યતા છે તે બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો છે. જો ડેમોક્રેટ્સ મધ્યસત્ર ચૂંટણી જીતે છે, તો અમુક ટેરિફની સમીક્ષા થઈ શકે છે અથવા ટેરિફ લાદવાની રાષ્ટ્રપતિની સત્તાઓને મર્યાદિત કરવાનો માર્ગ પ્રશસ્ત થઈ શકે છે. જોકે, કોઈ મોટા ફેરફારમાં અવરોધો આવી શકે છે, કારણ કે ટ્રમ્પ પાસે કાયદા પર વીટો વાપરવાની સત્તા છે અને ટેરિફ લાદવાની કેટલીક સ્વતંત્ર સત્તાઓ પણ રહેલી છે.

ભારત અને અમેરિકા વચ્ચેના સંભવિત વેપાર કરારની વાત કરીએ તો, ડેમોક્રેટ્સની જીત વાટાઘાટોમાં ટ્રમ્પની સ્થિતિ નબળી પાડી શકે છે અને નવી દિલ્હીને ફાયદો કરાવી શકે છે. પરંતુ નિષ્ણાતો માને છે કે ડેમોક્રેટ્સની જીત પણ ભારતીય નિકાસકારોને તાત્કાલિક રાહત નહીં આપે. વિદેશ નીતિના નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણીના પરિણામો વેપાર કરારની વાટાઘાટો પર સીધી અસર નહીં કરે. આ મધ્યસત્ર ચૂંટણીના પરિણામો ભારત સાથે ચાલી રહેલા વેપાર કરારની વાટાઘાટોને સીધી અસર કરશે નહીં. જાણકારોએ એવું પણ સ્પષ્ટ કર્યું કે ટેરિફ પગલાં અને વેપાર મંત્રણા એ સંસદીય દેખરેખને બદલે વહીવટી અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.

બીજી તરફ ઈમિગ્રેશન એવો વિષય છે જ્યાં યુએસ મધ્યસત્ર ચૂંટણીમાં સત્તાપલટો સૌથી વધુ અસર કરી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્ર H-1B વિઝા કાર્યક્રમને વધુ કડક બનાવવા પર ભાર મૂકી રહ્યું છે. તે જ સમયે, મુખ્ય ભારતીય આઈટી કંપનીઓ અને માઈક્રોસોફ્ટ, ઈન્ફોસિસ તથા ટીસીએસ જેવા વૈશ્વિક ટેક જાયન્ટ્સને ગ્રીન કાર્ડ ફાઈલિંગમાં સસ્પેન્શન અથવા ગહન તપાસનો સામનો કરવો પડ્યો છે. હાઉસ અથવા સેનેટમાં ડેમોક્રેટિક બહુમતી ભાવિ ઈમિગ્રેશન કાયદા અને દેખરેખને પ્રભાવિત કરી શકે છે. સાંસદો નવા કડક નિયમોને કાયદો બનતા અટકાવી શકે છે અને પ્રતિબંધિત ઈમિગ્રેશન બિલને રોકી શકે છે. એક અહેવાલમાં નોંધ્યા મુજબ, ડેમોક્રેટિક વિજય કુશળ વિદેશી કામદારો પ્રત્યેના વલણ, વિઝા અમલીકરણ અને ગ્રીન-કાર્ડ અરજીઓ સહિત વહીવટીતંત્રની ઈમિગ્રેશન નીતિઓની સંસદીય તપાસ વધારી શકે છે.

આ ઉપરાંત ઈરાન યુદ્ધ સૌથી મોટો મુદ્દો બનેલું છે. ફેબ્રુઆરીમાં શરૂ થયેલા યુએસ-ઈરાન યુદ્ધની અસર સમગ્ર વિશ્વ પર પડી છે, જેમાં ભારત પણ બાકાત નથી. આ યુદ્ધે વૈશ્વિક શિપિંગને ખોરવી નાખ્યું છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાના પ્રયાસમાં ઘણા ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યા છે. જો ડેમોક્રેટ્સ મધ્યસત્ર ચૂંટણી જીતશે, તો યુદ્ધ તાત્કાલિક સમાપ્ત નહીં થાય. જોકે, ડેમોક્રેટ્સ લડાઈ રોકવા અથવા નવા નાણાકીય ભંડોળને મંજૂરી આપવાનો ઈનકાર કરવા માટેના પગલાં રજૂ કરી શકે છે. જાણકારો માને છે કે, આ એક એવું યુદ્ધ છે જે ડેમોક્રેટ્સમાં અત્યંત અપ્રિય છે. સ્પષ્ટ કહીએ તો સામાન્ય રીતે અમેરિકનોમાં પણ તે અપ્રિય છે. તેથી ડેમોક્રેટ્સનો વિજય આ યુદ્ધ ઉપર લગામ લગાવે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આ ઉપરાંત કેટલાક જાણકારો એવું પણ કહે છે કે, ડેમોક્રેટ્સની જીત ઈરાન યુદ્ધનો માર્ગ બદલી શકે છે. આ ખૂબ મહત્વનું છે કારણ કે ટ્રમ્પ એકપક્ષીય રીતે યુદ્ધમાં ઉતર્યા હતા. બીજી તરફ મોટાભાગના અમેરિકન સાંસદોએ કહ્યું છે કે આ યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણનું ઉલ્લંઘન છે. છતાં, તેઓ આગળ વધ્યા કારણ કે તેમના પર ઈઝરાયલના વડાપ્રધાનનું ભારે દબાણ હતું. હવે જો તેઓ ગૂહો ગુમાવશે, તો લાગે છે કે કોઈપણ સૈન્ય કાર્યવાહી પહેલાં કોંગ્રેસમાં મતદાન થશે. આનાથી ઈરાનમાં યુદ્ધ ચલાવવાની તેમની પદ્ધતિ પર મોટી અસર પડશે.

આ સિવાય ટ્રમ્પના બીજા કાર્યકાળમાં તેઓ પાકિસ્તાનની અસાધારણ રીતે નજીક આવ્યા છે, જે નવી દિલ્હી માટે ચિંતાનો વિષય રહ્યો છે. જો ડેમોક્રેટ્સ ૩ નવેમ્બરની ચૂંટણી જીતે છે, તો ઈસ્લામાબાદ અને ટ્રમ્પ પરિવાર વચ્ચેના વહેવારો પર વધુ આકરી તપાસની અપેક્ષા રાખી શકાય છે.



ડેમોક્રેટ્સ ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે પાકિસ્તાનના વ્યવહારોની તપાસ કરવામાં રસ ધરાવે છે, જે નવી દિલ્હી માટે ચોક્કસપણે રસપ્રદ રહેશે. ટ્રમ્પ પરિવાર દ્વારા સત્તાવાર વહેવારોમાં ભ્રષ્ટાચાર, હિતોના સંઘર્ષ અને ગેરવર્તણૂકની તપાસ એ ડેમોક્રેટિક બહુમતી માટે સૌથી મોટો મુદ્દો હશે. પશ્ચિમ એશિયા અને રશિયામાં કુશનરના વ્યવહારો તથા ડોન જુનિયરના ક્રિપ્ટો સોદા એવા વિષયો છે જેને ડેમોક્રેટ્સ છોડશે નહીં. તેમાં પાકિસ્તાન એક અનિવાર્ય કડી છે અને તે ચોક્કસપણે તપાસના સકંજામાં આવશે.

હાલમાં, રિપબ્લિકન પક્ષ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નીચલા ગૃહ) અને યુએસ સેનેટ (ઉપલા ગૃહ) બંને પર નિયંત્રણ ધરાવે છે. યુએસ હાઉસમાં 'ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી' (રિપબ્લિકન્સ)ની બહુમતી પાતળી છે. અહીંયા ૨૧૮ બેઠકો સામે ડેમોક્રેટ્સ પાસે ૨૧૪ બેઠકો છે. તેવી જ રીતે, યુએસ સેનેટમાં રિપબ્લિકન્સ પાસે ૫૩-૪૭ની સરસાઈ છે : જાણકારો માને છે કે, આ મધ્યસત્ર ચૂંટણીમાં વિજય મેળવવો ડેમોક્રેટ્સ માટે આ એક મોટી સિદ્ધિ હશે. હાઉસ જીતવાથી ડેમોક્રેટ્સ ફેડરલ બજેટ અને શક્તિશાળી સમિતિઓના વડા બનશે, જેઓ ભ્રષ્ટાચારના આક્ષેપો અને કુખ્યાત સેક્સ ઓફેન્ડર જેફરી એપ્સટીન સાથે ટ્રમ્પના સંબંધો સહિતના સંવેદનશીલ વિષયોની તપાસ કરવા માટે સજ્જ થશે : ભારત સાથેના વેપાર, ભારતીયો અને અન્ય દેશોના લોકો માટેના ઈમિગ્રેશન તથા વેપાર, ઈરાન સાથેનું યુદ્ધ, પાકિસ્તાન સાથેના જોડાણો, ક્રિપ્ટોમાં રોકાણ અને વેપાર અને અન્ય વૈશ્વિક સમસ્યાઓમાં અમેરિકાની સ્થિતિ જેવા અત્યંત સંવેદનશિલ મુદ્દાઓ ઉપર રિપબ્લિકન્સનું જે વલણ છે તેમાં પરિવર્તન આવવાની શક્યતાઓ. જો રિપબ્લિકન્સ હારશે તો ટ્રમ્પ વીટો વાપરવાના મૂડમાં. જો પરાજય થશે તો તેઓ આગામી બે વર્ષ વધારે આકરા થશે તેવો જાણકારોનો મત

ન્યુઝ ફોકસ

અમેરિકી ચૂંટણીમાં ભારતીયોનો દબદબો, ૫૭ ઉમેદવારો મેદાનમાં

અમેરિકાના રાજકારણમાં આ વખતે ભારતીય મૂળના ઉમેદવારોની હાજરી વિશેષ ચર્ચામાં છે.

આ ચૂંટણીમાં ભારતીય મૂળના કુલ ૫૭ ઉમેદવારો વિવિધ પદો માટે પોતાનું નસીબ અજમાવશે. જેમાં ગવર્નર, સેનેટર, સાંસદથી માંડીને સ્થાનિક સંસ્થાઓના પદો સુધીના ઉમેદવારો સામેલ છે.

૨૨ રાજ્યોમાં ભારતીય મૂળના ૩૬ ઉમેદવારો રાજ્ય વિધાનસભાઓ માટે ચૂંટણી લડી રહ્યા છે, જેમાં કેલિફોર્નિયા, ઈલિનોય અને ન્યૂયોર્કમાં સૌથી વધુ ઉમેદવારો છે. ઓહાયોમાં ગવર્નર પદની ચૂંટણી લડી રહેલા વિવેક રામાસ્વામીથી લઈને લોસ એન્જલસમાં મેયર પદના દાવેદાર નિત્યા રમન સુધીના અનેક ચહેરાઓ મોટા ચૂંટણી મુકાબલાઓનો ભાગ બન્યા છે. ઉલ્લેખનીય છે કે, આ ૫૭ ઉમેદવારોમાં એક ઉમેદવાર સેનેટ, ૧૧ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ, ત્રણ રાજ્યવ્યાપી પદો, ૩૬ રાજ્ય વિધાનમંડળો અને ૬ સ્થાનિક પદો માટે ચૂંટણી લડી રહ્યા છે.

કેટલીક બેઠકો પર ભારતીયોનો ભારતીયો સામે જ મુકાબલો જોવા મળી રહ્યો છે. ઓહાયોમાં રિપબ્લિકન ઉમેદવાર વિવેક રામાસ્વામીનો મુકાબલો ડેમોક્રેટિક ઉમેદવાર એમી એક્ટન સામે છે, જ્યારે લોસ એન્જલસમાં નિત્યા રમન વર્તમાન મેયર કરેન બાસને પડકારી રહ્યા છે.

આ બંને મુકાબલાઓ પર રાજકીય વિશ્લેષકો અને મતદારોની ચાંપતી નજર ટકેલી છે.

ન્યૂયોર્કમાં સરિતા કોમાટીરેડ્ડી એટર્ની જનરલ લેટિશિયા જેમ્સ સામે ચૂંટણી લડી રહ્યા છે, તો મેરીલેન્ડમાં લેફ્ટનન્ટ ગવર્નર અરૂણા મિલર ફરીથી વિજય મેળવવાના પ્રયાસમાં છે.

બીજી તરફ, મેસેચ્યુસેટ્સમાં શિવા અય્યાદુરઈ અપક્ષ ઉમેદવાર તરીકે સેનેટની ચૂંટણી લડી રહ્યા છે.

પ્રતિનિધિ સભાની ચૂંટણીમાં રો ખન્ના, અમી બેરા, પ્રમિલા જયપાલ અને સુહાસ સુબ્રમણ્યમ જેવા વર્તમાન સાંસદો પણ પોતાની બેઠક બચાવવા મેદાનમાં ઉતર્યા છે, જ્યારે કેટલીક બેઠકો પર ભારતીય મૂળના ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર પણ જોવા મળશે.

રશિયાએ યુક્રેનના નવ પ્રાંતો પર ૩૦૦ જેટલા ડ્રોન, ૮૦થી વધુ મિસાઈલોથી હુમલો કર્યો

રશિયા અને યુક્રેન વચ્ચે બેફામ યુદ્ધ : ૩૩નાં મોત

મોસ્કો/કીવ, તા. ૩

રશિયા યુક્રેન પર બેફામ હુમલા કરવા લાગ્યું છે અને હવે રાહત કેમ્પ કે શેલ્ટર પર પણ બોમ્બમારો કરી રહ્યું છે. યુક્રેનમાં માનવીય સહાય મેળવવા માટે એકઠા થયેલા નાગરિકો પર રશિયાએ બોમ્બમારો કર્યો હતો, જેને પગલે ૩૩ લોકો માર્યા ગયા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. સમગ્ર યુક્રેનના પાવર પ્લાન્ટને નિશાન બનાવીને રશિયાએ રાતભર હુમલા કર્યા હતા.

યુક્રેનના પાવર પ્લાન્ટ, હોસ્પિટલો-શેલ્ટરને નિશાન બનાવ્યા : ૧૦૦થી વધુ ઘાયલ, અનેક લોકો કાટમાળમાં દટાયા, ૨૦૦થી વધુ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવા પડ્યા

રશિયાએ યુક્રેનની હોસ્પિટલો, પાવર પ્લાન્ટ, રહેણાંકના વિસ્તારો, શેલ્ટર સ્થળ કે રાહત કેમ્પો પર બેફામ હુમલા કર્યા હતા. જેને કારણે અનેક હોસ્પિટલોને ભારે નુકસાન થયું હતું. રાતભર કરાયેલા આ હુમલાઓમાં કુલ ૩૧ લોકો માર્યા ગયા છે. જ્યારે કાટમાળમાં અનેક લોકો હજુ પણ દટાયેલા હોવાના અહેવાલો છે. યુક્રેનના ઝેપોરિઝઝીયા પ્રાંતમાં એક શેલ્ટર હોમના કાટમાળ નીચે ૪૫થી વધુ લોકો દટાયેલા હતા, જેમને રેસ્ક્યૂ કરવા માટે ઓપરેશન શરૂ કરાયું હતું.

રશિયાએ યુક્રેન પર રાતભર ૨૮૯ ડ્રોન, ૧૭ બેલિસ્ટિક મિસાઈલો અને ૫૯ ક્રૂઝ મિસાઈલો છોડી હતી. સમગ્ર નવ પ્રાંતમાં રશિયાની આ મિસાઈલો અને ડ્રોન ત્રાટક્યા હતા, મોટાભાગના પાવર પ્લાન્ટ ટાર્ગેટ કરવામાં આવ્યા હતા, જેને કારણે ઈમર્જન્સી પાવર કટનો સામનો કરવો પડ્યો હતો. ખારકીવમાં રશિયન મિસાઈલ અને ડ્રોન ત્રાટકતા ૬૦ લોકો ઘાયલ થયા હતા, જ્યારે નેમીશલીઆનસ્કી જિલ્લામાં પણ હુમલામાં ચાર એપાર્ટમેન્ટની બિલ્ડિંગ અને વાહનોને ભારે નુકસાન થયું હતું, હુમલાને પગલે આ વિસ્તારમાં આવેલી હોસ્પિટલોને પણ નુકસાન થતા આશરે ૨૦૦ જેટલા દર્દીઓને અન્ય સ્થળે ખસેડવા પડ્યા હતા.

રશિયાના યુક્રેન પર બેફામ હુમલા

(અનુસંધાન ૧૩મે પાને)

રશિયાના હુમલા વચ્ચે યુક્રેનને મદદરૂપ થવા યુરોપના હજારો સૈનિકો યુદ્ધાભ્યાસ કરશે, નાશ પામેલી ઈમારતો ઉભી કરવા મદદ કરશે

રશિયાના પ્રચંડ હુમલામાં યુક્રેનમાં વીજ પુરવઠો ખોરવાયો



દેશ સેક્યુલર છે, દરેક ધર્મની વ્યક્તિ આ હવામાં શ્વાસ લે છે

ભાજપના નેતાઓની માનસિકતા સંકુચિત, દિયાનો વીડિયો રિસ્ટોર કરો : હાઈકોર્ટ

મુંબઈ, તા.૩

અમુક વ્યક્તિઓ અને ખાસ કરીને જેઓ જનપ્રતિનિધિઓ છે તેમની સંકુચિત માનસિકતાથી પોતે વ્યથિત છે તેવું જણાવી બોમ્બે હાઈકોર્ટે બીએમસીને પર્યાવરણપૂરક દિવાળીની ઉજવણીની અપીલ કરતો દિયા મિર્ઝાનો વીડિયો ફરી રિસ્ટોર કરવા આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટની જ સૂચનાથી બીએમસીએ અપલોડ કરેલો વીડિયો ભાજપના કહેવાથી ડિલીટ કરાતાં હાઈકોર્ટે સુઓ મોટો નોંધ લીધી

બોમ્બે હાઈકોર્ટે જ બીએમસીને પ્રદૂષણ નાબૂદી તથા ક્લિન એર મુદ્દે જનજાગૃતિ ફેલાવવા સેલિબ્રિટીઓની મદદ લેવા જણાવ્યા બાદ બીએમસીએ દિયા મિર્ઝાને આમંત્રણ આપી આ વીડિયો રેકોર્ડ કરાવ્યો હતો. પરંતુ મુંબઈ ભાજપના પ્રમુખ અને ધારાસભ્ય અમિત સાટમે દિયા મિર્ઝા દ્વારા ફટાકડા મુક્ત દિવાળીની અપીલ સામે વાંધો લેવાતાં બીએમસીએ આ વીડિયો ડિલિટ કર્યો હતો. દિયા હિન્દુત્વની તથા પીએમ નરેન્દ્ર મોદીની વિરોધી છે તેથી તેને બીએમસીમાંથી બ્લેકલિસ્ટ કરીએ છીએ તેવાં ઉચ્ચારણો બીએમસીએ કર્યાં હતાં. આ સમગ્ર ઘટનાક્રમ અંગે ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી તથા ન્યાયમૂર્તિ નીલા ગોખલેની બેન્ચે ભારે પીડા તથા

(અનુસંધાન ૧૩મે પાને)

સવારે ૮.૧૧ કલાકે બનેલી ઘટના : એક યાત્રી ઘાયલ


નેપાળમાં લેન્ડિંગ વખતે બે હેલિકોપ્ટર ટકરાતા ભારતીય પ્રવાસીનું મોત

(પીટીઆઈ) કાઠમાંડુ, તા. ૩

મંગળવારે નેપાળનાં સોલુખુમ્બુ જિલ્લામાં લેડિંગ દરમિયાન બે હેલિકોપ્ટરો ટકરાયા હતાં. જેમાં ૪૭ વર્ષીય ભારતીય નાગરિકનું મોત થયું છે અને અન્ય એક યાત્રી ઘાયલ થયો છે.

બંને હેલિકોપ્ટરો લુકલા એરપોર્ટ પરથી ઉડ્યા હતા : એક હેલિકોપ્ટરમાં માલસામાન હતો

નેપાળમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું છે કે ભારતીય અધિકારી મૃતકનાં પાર્થિવ શરીરને વહેલામાં વહેલી તકે પરત લાવવા માટે નેપાળી અધિકારીઓ સાથે મળી કાર્ય કરી રહ્યાં છે.



નેપાળ પોલીસનાં એક નિવેદન અનુસાર મંગળવારે સોલુખુમ્બુ જિલ્લાનાં ખુમ્બુ પાસાંગ લ્હામુ ગ્રામીણ નગરપાલિકાનાં વોર્ડ ૪માં ફેરિચેમાં લેન્ડિંગ દરમિયાન આ બંને હેલિકોપ્ટર એકબીજા સાથે ટકરાયા હતાં.

ટક્કરનાં સમયે બંને હેલિકોપ્ટરમાં કેટલા યાત્રી સવાર હતાં તે હજુ સુધી જાણી શકાયું નથી.

નેપાળમાં પર્વતીય વિસ્તારો, ઉંચાઈવાળા વિસ્તારો પર અનિશ્ચિત હવામાન અને જુના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કારણે હેલિકોપ્ટર અને વિમાન દુર્ઘટના અનેક વખત થાય છે.

સોલુખુમ્બુ જિલ્લા પોલીસ કાર્યાલય અનુસાર આ હેલિકોપ્ટર ફિશટેલ એર અને એર ડાયનેસ્ટીનાં હતાં અને સવારે ૮.૧૧ કલાકે એકબીજા સાથે અથડાયા હતાં. બંને હેલિકોપ્ટરોએ માઉન્ટ એવરેસ્ટનાં પ્રવેશ દ્વારા ગણાતા લુકલા એરપોર્ટ પરથી ઉડવાનું શરૂ કર્યું હતું. મૃતકની ઓળખ વસંતકુમાર બાલારામરામાડુ તરીકે થઈ છે. તે ભારતીય નાગરિક હતાં અને ફિશટેલ એરનાં હેલિકોપ્ટરમાં સવાર હતાં.

ન્યૂઝીલેન્ડમાં રહેતા ભારતીય મૂળનાં ૪૯ વર્ષીય શૈલેષ કૃષ્ણ પટેલ પણ આ હેલિકોપ્ટરમાં સવાર હતાં અને આ ટક્કરમાં ઘાયલ થયા છે.

ચૂંટણી પંચની સ્પષ્ટતાથી ફોર્મ નં.૬ અંગેની દ્વિધા દૂર થશે

'સર'માં નામ ના હોય તો ફોર્મ નં. ૬ ભરી મતદાર યાદીમાં દાખલ કરી શકાશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૩

જો કોઈ મતદારનું નામ સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન (એસઆઈઆર) મતદાર યાદીમાં નામ નથી તો તે મતદારો મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નંબર ૬ જમા કરાવી શકે છે પછી ભલે તે અગાઉથી રજિસ્ટર્ડ રહ્યાં હોય.

અગાઉ રજિસ્ટર્ડ મતદાર હોય પણ એસઆઈઆરમાં નામ ન હોય તો ફરીથી ફોર્મ નં.૬ ભરી શકાશે : ચૂંટણી પંચ

આ સ્પષ્ટીકરણ એ લોકોની ચિંતાઓ વચ્ચે આવ્યું છે જેમના નામ એસઆઈઆર મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમને ડર હતો કે ફોર્મ નંબર ૬ જમા કરાવવા પર તેમના પર ખોટી માહિતી આપવાનો આરોપ લાગી શકે છે અને રિપ્રેઝેન્ટેટિવ ઓફ ધ પીપલ્સ એક્ટ હેઠળ તેમની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ફોર્મ નંબર ૬માં જાહેર કરવાનું હોય છે કે અરજકર્તા પ્રથમ વખત મતદાર યાદીમાં સામેલ કરવા માટે અરજી કરી રહ્યો છે.

ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે જે

(અનુસંધાન ૧૩મે પાને)

ફરિયાદનો ઉકેલ લાવવા નવી જોગવાઈ

ટેલિકોમ કંપનીઓને રૂ. ૨૦ લાખ સુધીના દંડની ટ્રાઈની ચેતવણી

નવી દિલ્હી, તા.૩

ટેલિકોમ ઓપરેટરો અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરો ગ્રાહકોની ફરિયાદ ઉકેલવામાં નિષ્ફળ ગયા તો તેમને પ્રતિ સર્કલ પ્રતિ ક્વાર્ટરે દીઠ રુ. ૨૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે, તેમ ટ્રાઈના નવા ડ્રાફ્ટમાં જણાવવામાં આવ્યું છે.

ક્વાર્ટરલી પર્ફોર્મન્સ રજૂ કરવામાં નિષ્ફળ જવા બદલ ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે

આમ ટ્રાઈ (ટેલિકોમ રેગ્યુલેટરી ઓફ ઈન્ડિયા)એ ટેલિકોમ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોની ગ્રાહક ફરિયાદ નિવારણ યંત્રણા વધુ મજબૂત બને તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ટ્રાઈએ ટેલિકોમ કન્ઝ્યુમર્સ કમ્પલેઈનન્ટ રિડ્રેસલ રેગ્યુલેશન્સના ચોથા સુધારામાં ફરિયાદ કે અપીલનો નિયત સમયમાં નિકાલ ન કરનારા ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરો કે ટેલિકોમ ઓપરેટરો સામે દંડનીય પગલાં લેવાની વાત જણાવી છે.

રેગ્યુલેટરે ટેલિકોમ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરો માટે ફરિયાદ નિવારણ યંત્રણા માટે કોઈને કોઈ કર્મચારી કે કર્મચારીઓ ૧૬ કલાક સુધી રાખવાની વાત જણાવી છે.

આ માટે કન્ઝ્યુમર કેર નંબર મફતમાં રાખવો પડશે. જ્યારે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ તેમની વેબસાઈટ્સ દ્વારા અને મોબાઈલ એપ્સ દ્વારા ફરિયાદ કરવાનો વિકલ્પ આપવો પડશે.

સર્વિસ પ્રોવાઈડરે ફરિયાદીને નંબર આપવો પડશે અને ફરિયાદનો ઉકેલ આવે નહીં ત્યાં સુધી ગ્રાહકને સતત અપડેટ કરતા રહેવુ પડશે.

અપીલ ફાઈલ કરવાની તારીખનો સમય ૩૦ દિવસથી ઘટાડીને ૧૫ દિવસ કરવામાં આવ્યો છે. ગ્રાહકો ફરિયાદોનો નિકાલ કરવામાં બને તેટલી ઝડપ ઈચ્છતા

(અનુસંધાન ૧૧મે પાને)

આર કોમ અને રિલાયન્સ ફાઈનાન્સના કેસોમાં ઈડીની કાર્યવાહી

અનિલ અંબાણી જૂથનાં બે વિમાનો, બે વિન્ડ મિલ સહિત ૫૧૦ કરોડની સંપત્તિ જપ્ત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૩

ઉદ્યોગપતિ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ વધુ એક મોટી કાર્યવાહી કરીને બે વિમાનો, બે વિન્ડ મિલ ઉપરાંત અન્ય પ્રોપર્ટી મળીને આશરે રુ. ૫૧૦ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ કોમ્યુનિકેશન લિમિટેડ સાથે સંકળાયેલા બેંક લોન કૌભાંડ અને નાણાકીય ગેરરીતિના કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.


અનિલ અંબાણી જૂથ સામેના કેસોમાં ઈડી દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૩,૧૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

ઈડીના જણાવ્યા અનુસાર, રિલાયન્સ કોમ્યુનિકેશનના રુ.૨૬૩.૦૫ કરોડના બેંક ફ્રોડ કેસમાં બે ચાર્ટર્ડ



વિમાનો, મહારાષ્ટ્રમાં આવેલી જમીનના છ પ્લોટ અને એક ઓફિસ પરિસર સહિતની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. જ્યારે રિલાયન્સ કેપિટલ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ સાથે સંકળાયેલા રુ. ૨૪૭.૧૨ કરોડના બેંક ફ્રોડ કેસમાં તમિલનાડુમાં આવેલી બે વિન્ડમિલ, બેંક બેલેન્સ, ફિક્સ્ડ ડિપોઝિટ, રોકાણ અને અન્ય લેણાંની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી.

આ બંને કેસમાં નવી કાર્યવાહી સાથે અનિલ અંબાણી ગ્રુપ સામે વિવિધ કેસોમાં ઈડી દ્વારા અત્યાર સુધીમાં ફ્રીઝ અથવા જપ્ત કરવામાં આવેલી સંપત્તિનું કુલ મૂલ્ય આશરે રુ. ૨૩,૧૦૦ કરોડ થયું હોવાનું સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું. ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ



(ફેમા) હેઠળ તપાસ હાથ ધરવામાં આવી છે. ઈડીની તપાસ સીબીઆઈ દિલ્હી, આર્થિક ગુના શાખા (ઈઓડબલ્યુ) દિલ્હી

(અનુસંધાન ૧૧મે પાને)

પુત્રીએ આપઘાત કરતા પિતાએ જમાઈ સામે ફરિયાદ નોંધાવી હતી

પત્નીને 'મૂર્ખ', 'નકામી' કહેવું ક્રૂરતા નથી : સુપ્રીમે પતિ સામેનો કેસ રદ કર્યો

નવી દિલ્હી,તા.૩

મહિલાને 'મૂર્ખ' અને 'નકામી' કહેવાથી ક્રૂરતા અથવા ગુનાહિત ધાકધમકીનો ગુનો ગણી નહીં શકાય તેવું સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક ચુકાદામાં કહ્યું છે. ૨૦૨૩માં કેનેડાના ટોરોન્ટોમાં એક મહિલાએ આપઘાત કર્યો હતો તે સંબંધમાં પતિ સામેનો દહેજ મૃત્યુ કેસ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધો હતો. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ મનમોહને કહ્યું કે પતિ, તેના પરિવાર સામેના આક્ષેપો અને પત્નીના મૃત્યુ વચ્ચે કોઈ કડી સ્થાપિત થઈ નથી.

પત્નીની આત્મહત્યા માટે પતિને આક્ષેપોના આધારે જવાબદાર ગણવો કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ

બેન્ચે કહ્યું કે ''આઈપીસીના સેક્શન ૩૦૪ બી લાગૂ કરવા હોય તો તેમના મૃત્યુ અગાઉ તેમના પતિ અથવા પતિના કોઈ સગા દ્વારા અથવા દહેજની કોઈ માગણી થઈ હોય અને પત્નીની સાથે ક્રૂરતા અથવા હેરાનગતિ થઈ હોય તે ફરિયાદ પક્ષે પુરવાર કરવું પડે છે.''

''જીવનસાથીના ગુસ્સાના મુદ્દાને અને ગુનાહિત ધાકધમકી અથવા ગંભીર ઈજાના ગુના સાથે સાંકળી નહીં શકાય અને પત્નીના આપઘાત માટે તેને જવાબદાર ગણી નહીં શકાય કારણકે તેમ કરવાથી કાયદાની પ્રક્રિયાનું ઉલ્લંઘન થશે અને ખાસ કરીને ત્યારે જ્યારે તે આરોપના સમર્થનમાં કોઈ પુરાવા નહીં હોય તેવું અવલોકન બેન્ચે કર્યું હતું.

જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે ''મૃતકને પતિ 'મૂર્ખ' અને 'નકામી' કહેતા આ તેવા આક્ષેપને પ્રથમદર્શી સ્વીકારવામાં આવે તો પણ તે ક્રૂરતા અથવા ગુનાહિત ધાકધમકીનો ગુનો બનતો નથી. પતિનો ક્રોધી સ્વભાવ છે તેમ કહી શકાય પણ તે એટલું ગંભીર

(અનુસંધાન ૧૩મે પાને)

અનેક દેશોમાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ

યુરોપમાં અનેક ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવવાની ધમકીથી હોબાળો મચ્યો

(પીટીઆઈ) બર્લિન, તા.૩

યુરોપમાં અનેક દેશોના સુપરમાર્કેટમાં સેંકડો ફીજ પર સાયબર હુમલો કરી તાપમાન ૫૦ ડિગ્રી સુધી કરવાની ઘટનાના બીજા જ દિવસે અનેક ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં હોબાળો મચી ગયો હતો. ધમકીના પગલે સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર આવી ગઈ હતી. અનેક વિમાનોની તપાસ કરાઈ હતી જ્યારે કેટલાક વિમાનોના માર્ગ ડાયવર્ટ કરાયા હતા. જોકે, આ ધમકી અફવા નીકળતા સુરક્ષા એજન્સીઓએ રાહત અનુભવી હતી, પરંતુ આ ધમકીઓના કારણે પ્રવાસીઓએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

બોમ્બની ધમકી અફવા નીકળી, પ્રવાસીઓએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો

સુરક્ષા એજન્સીઓના અધિકારીઓએ જણાવ્યું કે, અનેક વિમાનોને બોમ્બથી ઉડાવવાની ધમકીના પગલે પોલેન્ડની એલઓટી, સ્કેન્ડેનેવિયન એરલાઈન્સ અને રેનએર જેવી એરલાઈન્સ પર અસર થઈ હતી. જોકે, કોઈ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ નહોતું કરાયું કે કોઈને ઈજા નહોતી થઈ. માત્ર એક વિમાનને ઈટાલિયન એરફોર્સે લેન્ડિંગ થવા સુધી એસ્કોર્ટ કરી હવાઈ સુરક્ષા પૂરી પાડી હતી. ગયા મહિને પણ તેલ અવીવથી વિયેના જઈ રહેલા એક વિમાનને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી, જેને ઈમરજન્સીમાં લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. ઈટાલીમાં બે ઈમેલ મારફત બે

(અનુસંધાન ૧૩મે પાને)

અંતરિક્ષ સંશોધનના ઈતિહાસનું પ્રથમ આશ્ચર્ય


સૌર મંડળ બહારના ટીઓઆઈ-૧૪૫૨ બી ગ્રહ પર પાણી મળ્યાનું સંશોધન

(પ્રતિનિધિ દ્વારા) મોન્ટ્રીઅલ/મુંબઈ, તા : ૩

અનંત અંતરિક્ષનું અજીબોગરીબ કહી શકાય તેવું રહસ્ય પહેલી જ વખત શોધાયું છે. આ અજીબોગરીબ રહસ્ય છે વિપુલ જળ રાશિથી ઘેરાયેલો ટીઓઆઈ - ૧૪૫૨ બી સંજ્ઞા ધરાવતો એક્ઝોપ્લેનેટ (આપણા સૂર્ય મંડળ બહારના ગ્રહને ખગોળશાસ્ત્રની ભાષામાં એક્ઝોપ્લેનેટ કહેવાય છે).

નાસાના ટીઈઈએસ સ્પેસ ટેલિસ્કોપના સંશોધનના આધારે મોન્ટ્રીઅલ યુનિ.ના ખગોળશાસ્ત્રીઓએ સંશોધન કર્યું

અત્યારસુધી થયેલા તમામ અંતરિક્ષ સંશોધનમાં પૃથ્વી સિવાય અન્ય કોઈ ગ્રહ પર પ્રવાહી જળ નથી મળ્યું. જોકે




ટીઓઆઈ- ૧૪૫૨ બી એક્ઝોપ્લેનેટ પર પ્રવાહી જળનો ભંડાર હોવાની શક્યતા છે.ફોડ પાડીને કહીએ તો આ ગ્રહ ઘુઘવતા સમુદ્રથી ઘેરાયેલો હોવાની પૂરી સંભાવના ખગોળશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે.

આ વિશિષ્ટ સંશોધન કેનેડાની મોન્ટ્રીઅલ યુનિવર્સિટીના ચાર્લ્સ કેડીએસ(પીએચડીનો વિદ્યાર્થી છે) અને તેની ટીમના વિજ્ઞાનીઓએ કર્યું છે. મોન્ટ્રીઅલ યુનિવર્સિટીના

જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે વધુ અભ્યાસ હાથ ધર્યો

ખગોળશાસ્ત્રીઓની ટીમે અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડિમિનિસ્ટ્રેશન(નાસા)ના ટ્રાન્ઝિટિંગ એક્ઝોપ્લેનેટ સર્વે સેટેલાઈટ(ટીઈઈએસ) સ્પેસ ટેલિસ્કોપ દ્વારા મેળવવામાં આવેલી



સંશોધનાત્મક માહિતીના આધારે આ વિશિષ્ટ એક્ઝોપ્લેનેટની શોધ કરી છે.

(અનુસંધાન ૧૩મે પાને)



બોલિવૂડની વર્તમાન હાર્ટથ્રોબ આલિયા ભટ્ટ અને એંસીના દાયકાની યુવા દિલોની ધડકન નીતુસિંઘ, સાઉથમાંથી બોલિવૂડમાં સ્થાન જમાવનારી રકુલપ્રીતસિંઘ, નવી ઉભરતી સ્ટાર પ્રજ્ઞા જયસ્વાલ, બોલિવૂડનો પાવર પંચ સની દેઓલ, બહુમુખી પ્રતિભા ધરાવતો અભિનેતા શરદ કેલકર અને વર્તમાન સ્ટાર રણબીર કપૂર એક પ્રમોશનલ કાર્યક્રમમાં એક જ પ્લેટફોર્મ પર જોવા મળ્યા હતા.



સાસણ ગીર જંગલમાં પાણીના કૃત્રિમ પોઈન્ટ્સ પર તરસ છીપાવી રહેલા વન્ય પ્રાણીઓ.

વન્યજીવો માટે ઇતિહાસમાં પ્રથમવાર ઓક્ટોબરથી જ વૈકલ્પિક પ્રબંધ

ગીર-ગિરનારમાં અભૂતપૂર્વ જળસંકટ ૬૫૦ કૃત્રિમ પોઈન્ટ્સ ભરવાનું શરૂ

જૂનાગઢ,મંગળવાર

વિશ્વપ્રસિધ્ધ ગીર અને ગિરનારનાં જંગલોમાંથી એક ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. આ વર્ષે ચોમાસા દરમિયાન ગીર અને ગિરનાર ક્ષેત્રમાં નહિવત અને અપૂરતો વરસાદ પડવાના કારણે જંગલના કુદરતી જળસ્ત્રોતો, નદીઓ, નાળાઓ અને ચેકડેમો સમય કરતાં ઘણા વહેલા સૂકાઈ ગયા છે, જેના પરિણામે સામાન્ય રીતે દર વર્ષે ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં શરૂ થતી કૃત્રિમ પાણીના પોઈન્ટ ભરવાની કામગીરી, આ વખતે ઈતિહાસમાં કદાચ પ્રથમવાર ઓક્ટોબરના અંતિમ સપ્તાહથી જ શરૂ કરી દેવાની વન તંત્રને ફરજ પડી છે.

જંગલમાં તરસ્યા વન્ય પ્રાણીઓને પાણીની શોધમાં માનવ વસાહતો તરફ કે દરદર ભટકવું ન પડે તે માટે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્ટાફે અત્યારથી જ

જૂના અને નવા ૧૫૦થી વધુ બંધ પોઈન્ટ્સ પણ પુન:જીવિત કરવા તજવીજ

કમર કસી લીધી છે. ગીર અને ગિરનાર જંગલ વિસ્તારમાં આવેલા ૬૫૦થી વધુ કૃત્રિમ પોઈન્ટ્સ પૈકી મોટાભાગના પોઈન્ટ્સ હાલ પાણીથી ભરી દેવાનું શરૂ કરવામાં આવ્યું છે. દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે વન વિભાગ દ્વારા ત્રણ વિશેષ પધ્ધતિઓ અમલમાં મૂકવામાં આવી છે જેમાં સોલાર આધારિત ઓટોમેટિક પંપ સામેલ છે, જે સૂર્યપ્રકાશની મદદથી સતત અવિરત પાણીનો પુરવઠો પહોંચાડે છે. પવનચક્કી, પવનની ઊર્જાનો ઉપયોગ કરીને કુદરતી રીતે પાણી ખેંચવાની સિસ્ટમ પણ સમાવિષ્ટ છે તેમજ જ્યાં ટેકનોલોજી પહોંચી શકતી નથી તેવા અતિ દુર્ગમ વિસ્તારોમાં ટ્રેક્ટર અને શ્રમિકો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

ભીષણ જળ અછત જંગલમાં ભાગ્યે જ જોવા મળે

રાજાશાહી સમયથી લઈને અત્યાર સુધી ગીરનાં જંગલમાં આવી ભીષણ જળ-અછત ખૂબ જ ઓછી જોવા મળી છે. એશિયાટીક સિંહ, દીપડા, ચિત્તલ, સાબર, ચોસિંગા જેવા તૃણાહારી અને માંસાહારી વન્યજીવો તેમજ પક્ષીઓને સમગ્ર શિયાળા અને આવનારા આકરા ઉનાળા દરમિયાન પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે વન વિભાગનું તંત્ર એલર્ટ મોડ પર કામ કરી રહ્યું છે.

અત્યાર સુધી સામાન્ય પરિસ્થિતિમાં ગીરમાં ૬૦૦ અને ગિરનારમાં ૫૦થી ૬૦ જેટલા જ કૃત્રિમ પોઈન્ટ્સ કાર્યરત રાખવામાં આવતા હતા પરંતુ વર્તમાન પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે માળખાકીય ફેરફારો શરૂ કર્યા છે. જેમાં ગીર જંગલમાં ભૂતકાળમાં બનાવેલા પરંતુ જેનો ક્યારેક જ ઉપયોગ થતો હતો તેવા ૧૫૦થી વધુ જૂના પોઈન્ટ્સને કાર્યરત કરવા અને નવા પોઈન્ટ્સ ક્યાં બનાવવા તેનો સર્વે હાલ ત્વરિત ધોરણે શરૂ કરી દેવાયા છે.

વન્ય પ્રાણીઓની રોજીંદી અવરજવર અને તળાવોની સ્થિતિને ધ્યાનમાં રાખીને સાયન્ટિફિક રીતે નવા પોઈન્ટ્સ બનાવવા સર્વે શરૂ કરાયો છે. ગિરનારના પહાડી અને દુર્ગમ જંગલમાં પણ પાણીની આકરી ટાંચ ઊભી થવાની શક્યતાને પગલે હજુ નવા ૨૦ જેટલા પાણીના પોઈન્ટ્સ તાત્કાલિક ધોરણે તૈયાર કરવા માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

પ્રાણીઓએ પાણીની શોધમાં માનવ વસાહતમાં ભટકવું ન પડે એ માટે નવા સાયન્ટિફિક પોઈન્ટ્સ બનાવવાનો સર્વે ચાલુ

અમદાવાદથી ફરવા-વતન જવા માટે ભારે ધસારો

દિવાળી ઈફેક્ટ : બસભાડા અને એરફેર આસમાને, ટ્રેનોમાં વેઇટિંગ ૨૦૦થી વધુ

અમદાવાદ, મંગળવાર

દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના જ દિવસ બાકી રહ્યા છે અને રજાઓમાં છેલ્લી ઘડીએ બહાર ફરવા જવાનું આયોજન કરી રહ્યા હોવ તો બસ અને પ્લેનના ભાડામાં તોતિંગ વધારા તો ટ્રેનમાં ૩૦૦થી વધુના વેઇટિંગની પળોજણનો સામનો કરવો પડશે.

અમદાવાદ-સુરતનું ખાનગી બસનું ભાડું ૪૫૦૦!, સૌરાષ્ટ્ર માટે એસટીની ૮૦ ટકા બસ હાઉસફૂલ

અમદાવાદથી હાલ ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફ જવા માટેની બસમાં ભારે ધસારો છે. અમદાવાદથી રાજકોટની ૧૩૦થી વધારે બસ છે અને તેમાંથી ૧૦૦માં અત્યારથી 'હાઉસફૂલ' જોવા મળે છે. જુનાગઢની ૪૫માંથી ૩૩, દ્વારકાની ૧૮માંથી ૧૪, સોમનાથની ૧૧માંથી ૧૦ બસ અત્યારથી જ પેક થઈ ગઈ છે. ખાનગી બસના ભાડા એરફેરની સમકક્ષ આવી ગયા છે.

અમદાવાદથી ખાનગી બસના ભાડા

સ્થળ	મહત્તમ ભાડું
રાજકોટ	૨૫૦૦
જુનાગઢ	૧૯૦૦
દ્વારકા	૨૩૭૫
સોમનાથ	૧૮૦૦
સુરત	૪૫૦૦
દીવ	૧૬૨૭
ઉદયપુર	૬૦૦૦

અમદાવાદથી સુરતની ખાનગી બસનું ભાડું રૂપિયા ૪૫૦૦ છે. બંને શહેર વચ્ચે અંદાજે ૨૪૯ કિલોમીટરનું અંતર છે. આ સ્થિતિએ અમદાવાદથી સુરત જવા માટે પ્રતિ કિલોમીટરે ૧૮ રૂપિયા મુસાફરોને ચૂકવવા પડે તેમ કહી શકાય. અમદાવાદ-રાજકોટની ખાનગી બસનું મહત્તમ ભાડું ૨૫૦૦એ પહોંચી ગયું છે. દિવાળી નજીક (અનુસંધાન છઠ્ઠે પાને)

એસટી બસ : અમદાવાદથી ઉપડતી બસની સ્થિતિ

સ્થળ	કુલ બસ	કેટલી હાઉસફૂલ?
જુનાગઢ	૪૫	૩૩
રાજકોટ	૧૩૨	૧૦૫
દ્વારકા	૧૮	૧૪
સોમનાથ	૧૧	૧૦
સુરત	૧૪૫	૮૦

અમદાવાદથી વિવિધ સ્થળના વન-વે એરફેર

સ્થળ	હાલનું એરફેર	સામાન્ય દિવસમાં
ગોવા	૧૬,૦૦૦	૫૩૦૦-૫૫૦૦
દિલ્હી	૨૩,૦૦૦	૬૩૦૦-૬૫૦૦
દેહરાદૂન	૨૨,૧૫૪	૬૮૦૦-૭૦૦૦
કોલકાતા	૨૨,૯૪૨	૭૮૦૦-૮૦૦૦
વારાણસી	૧૯,૭૩૯	૭૫૦૦-૮૦૦૦
અયોધ્યા	૧૪,૭૧૯	૬૭૦૦-૭૦૦૦
બેંગાલુરુ	૧૪,૦૦૦	૬૭૦૦-૭૦૦૦

આખરે સાતમાં દિવસે મડાગાંઠ ઉકેલાઈ

સરકાર સાથે વાટાઘાટો સફળ વનરક્ષકોનું આંદોલન સમેટાયું

અમદાવાદ,મંગળવાર

રાજ્યમાં જંગલો અને વન્યજીવોના રક્ષક એવા વનપાલ સંવર્ગના કર્મચારીઓનું છેલ્લા સાત દિવસથી ચાલી રહેલું આંદોલન આખરે સુખદ અંત તરફ વળ્યું છે. પડતર માંગણીઓને લઈને સરકાર સામે મોરચો માંડનારા કર્મચારીઓ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે યોજાયેલી મેરેથોન બેઠકમાં હકારાત્મક નિર્ણય લેવાતા આખરે સાત દિવસના અંતે આંદોલન સમેટાયું છે.

ટૂંક જ સમયમાં તમામ પડતર પ્રશ્નોનો ઉકેલ આવશે તેવી વનમંત્રીએ ખાતરી આપતાં વનરક્ષકો માન્યા

લાંબા સમયથી ખેંચાયેલી આ મડાગાંઠનો ઉકેલ લાવવા માટે વન વિભાગના ટોચના અધિકારીઓ અને સંબંધિત કર્મચારી પ્રતિનિધિઓ સામસામે બેઠા હતા. આ બેઠકમાં કર્મચારીઓની વ્યાજબી માંગણીઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સરકારના સકારાત્મક અભિગમને પગલે કર્મચારી મંડળે પણ રાજ્ય હિતમાં આંદોલનનો અંત લાવવાની સહર્ષ સંમતિ આપી દીધી હતી.

આ સફળ સમાધાન અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ (અનુસંધાન છઠ્ઠે પાને)



